
કુમાર

તંત્રીઃ રવિશંકર રાવળ

૮૦

શ્રાવણ





તંત્રી રવિશંકર રાવળ; મુદ્રક-પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઇના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

લેખકોઃ જેઓને લગતી મન્દ માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

અર્ચના

[પૃથ્વી–મંદાક્રાંતા]

અહીં રઝળતાં પડ્યાં નીગળતાં, રુધિરે ભર્યાં,
બલિ નવજુવાનનાં પ્રબળ દેશદાઝે જળ્યાં:
અદીઠ સમરાંગણે સ્વજન આજ તારાં ચઢ્યાં,
ધરે જીવન–આહુતિ તવ રચેલ યજ્ઞે શૂરા !


રહ્યો હૃદય ગુંજતો પરમ મંત્ર સ્વાતંત્ર્યનો:
તિમિર પથ આવરે ડગ ન એક પાછો ફર્યો,
થયા સજ ન જંપશે મૃદુલ કાય ના કંપશે,
વિનાશ–જય–વાંછુઓ મરણભીતિથી થંભશે ?

અશ્રુધારા સતત સળગી રાષ્ટ્રની યજ્ઞઝાળે
યોગી ! તારી સ્મરણતિથિને અર્ચીએ રક્તધારે

ચમનલાલ ગાંધી

[ગઈ પહેલી ઑગસ્ટે ઉજવાએલી લોકમાન્ય તિલકની સંવત્સરી નિમિત્તે શ્રદ્ધાંજલિ]







દેશના સ્વાતંત્ર્ય યુદ્ધે-આપણી સર્વ શક્તિઓ અને સમૃદ્ધિનો સાચો આંક કાઢવા માંડ્યો છે. આપણી કેળવણી, આપણી સંગઠનશક્તિ, આપણી લાગણી અને આપણાં સમર્પણ કેટલી હદ સુધી ખરાં રહે છે તેનો ખરેખરો ખ્યાલ આ લડત આપી રહી છે. હિંદુસ્તાન સેંકડો વર્ષોથી કિસ્મત કે પ્રારબ્ધના ચક્ર ઉપર જીવવાની અનોદશા ભોગવતું હતું તેને આજે એક જ પુરુષના જીવન-મંથને સ્વનિશ્ચયી બનાવી, **પ્રસંગને આધીન બનવા કરતાં પ્રસંગ ઉપર કાબુ મેળવવાની પ્રેરણા** આપી છે. ખરા ચારિત્ર્યની આ કૂંચી આપણી પાસેથી ગૂમ થઇ ગઇ હતી. यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी એ સૂત્ર તો ઘણા યે પંડિતો ને વિદ્વાનો મોઢેથી બરાડતા, પણ વર્તનના પ્રભાવ વડે તેને ખરૂં કરી બતાવનાર વિરલ જ નીકળ્યા હતા. અને હજુ પણ જેઓ પંડિતાઇમાંથી પરવારી શકયા નથી તેઓ પ્રસંગ જે આપે તે સ્વીકારી લેવા કરતાં વધુ વિચાર કરી શકતા નથી. હિંદનો નવો મંત્ર તો એ છે કે **અમને કોઈ આપે તે નથી જોઇતું; અમારે જોઇએ છે તે જ અમે લઇશું.** આપણા સર્વ ભોગે આપણે એ મંત્ર અજમાવીશું અને તેમાં જ આપણી સર્વ સિદ્ધિ સમાએલી છે.

જેટલી આપણી ચારિત્ર્યશુદ્ધિ તેટલું આપણું બળ ચઢતું રહેવાનું. સામા પક્ષ પાસે ભલે રાવણ જેટલી શક્તિઓ હોય પણ તે નીતિના માર્ગથી જેટલો પડે છે તેટલો તેનો વિનાશ નજીક છે.

દક્ષિણ આફ્રિકાના બોઅર યુદ્ધમાં એક પ્રસંગે જનરલ રૉબર્ટ્સના લશ્કરે એક શહેરનો કબજો લીધો. થોડા જ વખત બાદ ત્યાંથી આગળ કૂચ કરવાની હતી. સરદારે સખત હુકમ કાઢેલો કે શહેરમાં 'કોઇ પણ પ્રકારની લૂંટફાટ કરનાર કે રૈયતને રંજાડનાર સોલ્જર પર લશ્કરી કાયદો લાગુ કરવામાં આવશે. એ રોફથી જે થોડા કલાક લશ્કર ત્યાં રહ્યું તેટલો વખત પણ આખા શહેરને સંપૂર્ણ સહન રહી માત્ર એક બદમાશ સોલ્જરે એક જૂના જિલ્લેદારનો સરસ ઘોડો ઉઠાવ્યો. ઘરવાળી બાઇએ તેને જોયો કે તરત તેના ધણીની બંદુક લઈ પાછળ પડી; પણ સોલ્જર હાથ લાગ્યો નહિ; તેથી તેના પતિ સાથે દુરગવં સરદાર પાસે બેસિતમ આકરા શબ્દોમાં બોલતી ફરિયાદ કરવા ગઇ. જનરલ રૉબર્ટ્સે તે વખતે હજી કશું ખાધું પણ નહોતું; એટલે બાઇને અને તેના પતિને બેસાર્યાં; કૉફીના પ્યાલા મંગાવી, જરા મગજ ઠંડાં કરી તે બાબતમાં તપાસના હુકમો આપ્યા. ચોરાએલો ઘોડો મળી આવ્યો, અને હવે સોલ્જરના બાર વાગી ગયા એમ સૌએ ધાર્યું. પણ એ વયોવૃદ્ધ બાઇએ ઉદારતાથી તે જ ચોર છે કે કેમ તે પોતે ઓળખી શકતી નથી એમ કહી તેને બચાવી લીધો. પણ દરેક જણ જાણતું હતું કે તે ગુનેહગાર છે, એટલે છેવટે તેને લશ્કરમાંથી બરતરફ કરવામાં આવ્યો.

આ આખો યે કિસ્સો લડાઈના વખતમાં પણ ચારિત્ર્ય કેટલે દરજ્જે ઉપર રહી શકે છે તેનો દાખલો છે. આજે તો જનરલ રૉબર્ટ્સ જેવા સરદારોને બદલે જુલ્મી હુકમો આપનારા દેશી અધિકારીઓ અને દેશી સિપાઇઓ દેશના સાચા સેવકો તથા યુવાનોને પીડી રહ્યા છે. ખૂનખાર લડાઈઓ લડનારાંમાં જે લાગણી ને ચારિત્ર્ય દેખાયાં છે તેને હિસાબે એક છાંટો યે વિચાર, દયા, ન્યાય કે માણસાઇ સામા પક્ષમાં પડેલા આપણા દેશી અમલદારો કે જવાબદાર માણસો બતાવી શકતા નથી એ આપણા દુર્ભાગ્યની વાત છે. અંગ્રેજોની શાળામાં દોઢસો વર્ષોથી પઢેલાઓની આ પેઢીમાં તેમના ઉત્તમ ચારિત્ર્યનાં દૃષ્ટાંતો અને બલિદાનોની વાત લેશ પણ ઊતરી શકી નથી; ઊલટું તેમની જે કંઈ કુટિલતા અને કઠોરતા હશે તેનો વારસો તેઓ લઇ બેઠા છે. તેઓ જ દેશના માર્ગમાં મોટી મુસીબતો ને અંતરાયો ઊભાં કરે છે. આપણા જ પદવીધારીઓ ન્યાયાસન પર બેસી ન્યાયનાં દંભી નાટકો ભજવે છે; આપણા જ જુવાનો પોલિસ અમલદાર કે સિપાઇ બની જુઠાણાં ચલાવી કે ખોટા રીપોર્ટો આપી પેટ ભરે છે. સરકારની કેળવણીની પેદાશ આવા કુહાડીના હાથા જ હોય, ને તેમાંથી ચારિત્ર્ય ને દેશભક્તિનો બહિષ્કાર હોય તો માણસ એ કેળવણીથી શી મહત્તા કે સિદ્ધિ મેળવી શકવાનો છે? જે કેળવણી આજની દુર્દશા, દારિદ્રય ને અપમાનમાંથી દેશને બચાવી ન શકે, પણ ઊલટી દેશનાં બાળકોનાં મન પર ખોટી રાજભક્તિ અને ગુલામી મનની છાપ બેસાડે તેના ખર્ચનો ભાર દેશ ક્યાં સુધી સહી શકશે?

આજની લડતમાં જ રાષ્ટ્રના ઉદ્ધારની કેળવણી સમાએલી છે. મનુષ્યનો આત્મા બંધનો છોડી વિરાટ સ્વરૂપે સ્વાતંત્ર્યનો હુંકાર કરે એવું વાતાવરણ ચોમેર જામી રહ્યું છે. માણસનો આત્મા નમે નહિ ત્યાં સુધી બહારની કોઇ સત્તા તેને ગુલામ બનાવી ન શકે એ ભારતનું અધ્યાત્મ આજ પ્રત્યક્ષ કરવાની તક મળી છે. 'नैनं छिन्दन्ति शस्त्राणि' જપનારી પ્રજાએ આજ એ વચનો પ્રતિ પોતાની શ્રદ્ધા ખરી કરી બતાવવાની છે.

સ્વરાજ્ય અને સ્વા[illegible]ાં સ્વપ્નો સેવતા હજારો યુવાનો અને વિદ્યાર્થીઓને આજે શેક્સપીઅર, કાલિદાસ કે ભાષાના વિવાદોની શી પડી છે? ભવિષ્યના કવિઓ અને સાહિત્યકારો જેમની

કથા લખે એવા સાચા જીવનસંગ્રામ ખેલનારને આજ શાળાના પાઠથી શું વધુ મળી જવાનું છે?

પણ આપણો સંગ્રામ માત્ર સામા પક્ષ સાથે નથી. આપણા પક્ષમાં રહેલાં અજ્ઞાન, અવ્યવસ્થા ને બેદરકારી દુશ્મન કરતાં યે વધુ નુકસાન કરી રહ્યાં છે. અવ્યવસ્થિત લોકજૂથો, ઘોંઘાટિયા સભાઓ, ગર્દી વખતે સ્ત્રીબાળકોને થતો ત્રાસ, છાવણીમાં દેખાતી એકલપેટાઇ, કાર્યસાધનામાં ઇર્ષ્યા અને અથડામણ, આપણા ચારિત્ર્યનાં બાકોરાં ઉઘાડાં કરે છે; અને તે સુધારી લઈ શકીએ નહિ ત્યાં સુધી આપણા વિજયમાં શંકાઓ રહેવાની. આપણા વર્તનના નિયામક આપણે જ બનીએ અને શસ્ત્ર વગરની પ્રજા છતાં સશસ્ત્ર પ્રજા કરતાં પણ વધુ ઉમદા ચારિત્ર્ય, વ્યવસ્થા અને સંગઠન જાળવી શકીએ તો જ આપણે સ્વરાજ ને સ્વાતંત્ર્યને યોગ્ય પ્રજા બની શકીશું.

સ્વાસ્થ્ય : શક્તિ : સૌન્દર્ય



ભાઈ સોરાબજી પાલનજી ઈટાલીઆ (ચીખલી વ્યાયામશાળાના ઉત્સાહી સંચાલક)ના શરીરની સરળ ને સુંદર કેળવણીની કંઇક કલ્પના આ ચિત્ર પરથી આવશે. આઠેક વર્ષના એકધારા પ્રયત્ને દેશી-વિદેશીના મિશ્રણવાળી વ્યાયામપદ્ધતિના ફળરૂપ આ વિકાસ જોનારને પ્રોત્સાહન આપનારો છે. ગરદનની કદાવર બાંધણી, છાતીનો પ્રૌઢ વિકાસ, દંડાકૃતિ હાથની કઠોરતા—આ કંઇ વગર પ્રયત્ને થોડાં કેળવી શકાય છે? અને એમનાં અંગમાપ પણ આ વિકાસને અનુરૂપ છેઃ ઊંચાઇ ૫–૯ ૧/૫, વજન : ૧૫૮, છાતી : ૪૦, સાથળ : ૨૧ ૧/૪. પરાણે શ્વાસ લેતા અને ચાર ડગલાં ચાલતાં હાંફી જતા યુવાવસ્થાના નામને લજવનાર યુવાનોએ આ પરથી ધડો લેવાનો છે. સ્વતંત્ર દેશોના યુવકસંઘની હારમાં ઊભા રહેવા આપણે મથીએ છીએ, પણ એમના જેટલું વ્યાયામપ્રિયત્વ, એટલી સ્વાસ્થ્યસંરક્ષણ-તત્પરતા, એટલી શરીરવિકાસની એકાગ્રતા આપણામાં કયાં છે? સ્વતંત્રતા તો મેળવી શકાયઃ પણ સ્વતંત્રતાનું સંરક્ષણ અને ઉપભોગ તો સરસ વિકાસવાળાં સ્વસ્થ શરીર જ કરી શકે.



સ્વ. ભાઇ જયન્તિલાલ ત્રીકમલાલ શાહ

મધુરી સૃષ્ટિ

[અંજની]

પત્ર–પુષ્પમાં પ્રાણ પેખતી,
પથ્થરમાં જે દેવ દેખતી;
જળ–સ્થળમાં પરમેશ્વર જોતી,
એ શ્રદ્ધા કયાં ગઇ?

[અનુષ્ટુપ]

શ્રદ્ધા જેના હતા પ્રાણ, કલ્પના દેહ જેહનો,
મધુરી મારી તે સૃષ્ટિ, પાછી આપો મને પ્રભો!

જયન્ત શાહ

આજથી સવા વરસ પર 'કુમાર'ના ૬૪મા અંકમાં 'સંધ્યાએ' નામના એ સુંદર અંજનીમાં જીવનસંધ્યાનું ગાન ગાતી વેળા એના લેખકને શું ખરેખર ખબર હશે કે એના જ જીવનની સંધ્યા ઘેરાતી આવતી હતી? તે પછી, ગયા મે માસની બીજી તારીખે, વીરમગામ સત્યાગ્રહ છાવણીથી એણે આ ઉપર આપેલી 'મધુરી સૃષ્ટિ'ની યાચના કરી. પ્રભુ ક્રૂર હશે એમ તો કેમ કહેવાય? પણ એણે યાચી તે કરતાં યે વધારે મધુરી સૃષ્ટિમાં એને ખેંચી લેવામાં પ્રભુએ એના પર ભલે કૃપા વરસાવી હશે, પણ અહીં રહેલાં એનાં સ્વજનો ને સ્નેહીઓ પ્રત્યે તો પ્રભુ ક્રૂર જ થયો છે એમ કકળતાં અંતરોને લાગ્યા કરે છે. સાલસ સ્વભાવનો એ મીઠો ને તેજસ્વી જુવાન ગઈ તા. ૧૭મીએ મોટરના એક ભયંકર અકસ્માતનો ભોગ થઇ પડયો.

મિત્રો ને ગોઠિયાઓમાં 'જે. ટી.'ના ટૂંકા ને પ્રિય નામે જાણીતો થએલો એ જુવાન કુમારવયથી જ કુમાર કાર્યાલયના નિકટ સંબંધમાં આવ્યો હતો અને કળાના અભ્યાસનો તેને નાદ લાગ્યો હતો. 'ભારત કળા મંડળ'ની પ્રવૃત્તિમાં તેની અંગમહેનત અને ઉત્સાહ યાદગાર રહેશે. સ્વાતંત્ર્ય-યુદ્ધની હાકલ પડતાં જ કૉલેજને તિલાંજલિ આપી એ સંગ્રામમાં કૂદી પડયો હતો. પણ એ ફોરતા ફૂલનો પરાગ આ સૃષ્ટિને પૂરો મળે તે પહેલાં પ્રભુએ એને ચિરશાંતિ માટે પોતાના ધામમાં ખેંચી લીધો.

[....અમારા મિત્ર શ્રી 'સુકાની'ની પ્રાસાદિક કલમથી 'કુમાર'ના જૂના વાચકો અપરિચિત નથી. 'સોનાર પસા' અને 'ભૂતિયું વહાણ' નામની એમની દરિયાઈ જીવનની વાર્તાઓએ (એ કહે છે તેમ, ભલેને પરદેશી તાણાવાણાની ને સ્વદેશી વણાટની હોવા છતાં) ગુજરાતના વાર્તાસાહિત્યમાં તદ્દન નવો ચાસ પાડ્યો છે. ગુજરાતને છેલ્લા ઘણા દાયકાઓ થયાં સાગરજીવન નથી જ એમ કહીએ તો ચાલે. સાહિત્ય એ જીવાતા જીવનનું પ્રતિબિંબ અને નવા જીવનનું પ્રેરક છે; એટલે જે જીવનનો માત્ર નામશેષ જ છે તેનું સાહિત્ય ઉદ્ભવવું અશક્ય નહિ તો અસંભવિત તો ખરું જ. શ્રી 'સુકાની'એ તે સંભવિત ને શક્ય બનાવવાનું મંગલાચરણ કર્યું છે. ભલે પરાયી પ્રેરણાને ટેકે, પણ દેશના સાગરજીવનના રડ્યાખડ્યા શેષમાં કલ્પનાના પ્રાણ ફૂંકી તેઓ આપણી એ ગત સૃષ્ટિને સચેત ને સજીવ કરે છે.

નવા વાંચનારાઓને એમની એ શક્તિનો પ્રસાદ કંઈક જુદી જ રીતે પણ આ અંકથી મળશે. ગત યુરોપીય મહાભારત વખતે જર્મન સમુદ્રવીર ફૉન લ્યુકનેરે દાખવેલા સાગર-યુદ્ધની આ સાહસકથા ભલે પરદેશની રહી, પણ તેમાં વહાણવટાં ને સમુદ્રજીવનની જે છાયા છે તે તો સર્વદેશીય છે. અને માનવજાતનાં સાહસ ને શૌર્યની ગાથાઓ તો જાતિ કે દેશના ભેદ વિના જગતના કોઈપણ માનવહૃદયને પ્રેરણા પાવાને શક્તિમાન છે. એટલે શ્રી 'સુકાની'ની આ લાંબી કથાને સત્કારતાં અમને જે આનંદ થાય છે તે જ આનંદ. અમને ખાત્રી છે કે, 'કુમાર'ના વાચકો માણશે અને ગુજરાતનું કૌમાર એમાંથી નવો સાહસોત્સાહ પામશે....]

ગયા મહાયુદ્ધ વખતે જગતની સાતસાત સલ્તનતોને અલ્પ સાધનોવડે એકલે હાથે થાપ આપનાર એક અજેય જર્મન સાગરવીરની સાચી સાહસકથા

[યુરોપના છેલ્લા મહાભારત યુદ્ધમાં ફૉન લ્યુકનેરે 'દરિયાના દાનવ' (Sea Devil)નું બિરુદ દુશ્મનોને મોંએ મેળવ્યું! સઢથી ચાલતું એક નાનકડું જૂનું વહાણ અને એક નાનકડી તોપ, આટલાં સાધનથી સાત સાત સલ્તનતની ગંજાવર આરમારી (Navies) સામે એ નીકળી પડ્યો હતો. એના એ વહાણનું નામ 'સી આડલર'.

એણે દુશ્મનોના અભેદ્ય મનાતા સાગરવ્યૂહ તોડી નાખ્યા; દસ કરોડ રૂપિયાના શુમારની દુશ્મનોની સ્ટીમરોને દરિયાને તળે બેસાડી; અનેક શત્રુ મનવારોને થાપ આપી એના ભયથી દુશ્મનોની સ્ટીમરો બંદર છોડી બહાર ન નીકળતી, અને તેથી વેપારને મોટી હાની થઇ; જે મહાસાગરમાં સી આડલરનું નામ પડતું ત્યાં સફરી સ્ટીમરોના વીમાના દર આસ્માનમાં ઊછળી પડતા. આટલાંટિક અને પાસિફિક મહાસાગરમાં એ દરેક ઠેકાણે ઘૂમી વળ્યો. છેવટ સુધી દુશ્મનો એને પકડી ન શક્યા.

વિગ્રહની શાંતિ પછી જર્મનીએ એને એવી પદવી આપી, જે પદવી ધરાવનારને સામાન્ય કાયદો લાગુ નથી પડતો. કયઝર અને એના પરમ કૃપાપાત્રને જ આ પદવી મળતી.

એની અદ્ભુત કારકીર્દિ દરમ્યાન એણે એક પણ જીવની હાનિ ન કરી. એટલા માટે ખ્રિસ્ત-સમ્રાટ્ પોપે એને રોમ બોલાવી બહુ ઊંચા દરજ્જાનો લૅટિન ઇલ્કાબ આપ્યો, જેનો અર્થ 'પરમ દયાળુ વીર' એવો થાય છે.

એની એ અદ્ભુત પરાક્રમકથાનો સારભાગ અહીં આપ્યો છે. રસિકતા સાચવવા માટે કથા એના મોંએ જ કહેવડાવી છે.]

દરિયાનો

૧

૧૯૧૬ના નવેમ્બરનો ઘેરો દિવસ હતો. લડાઇના વસમા અનુભવો શરૂ થઇ ગયા હતા. ક્યાંય પણ જો ઉલ્લાસ દેખાતો હોય તો તે માત્ર કાફે (હૉટેલ)માં. કોઇ ને કોઇ કાફેમાં રોજ પંચ પીતો હું બેસી રહેતો. તે દિવસે પણ કલાકો થયાં હું બેઠો હતો. એટલામાં કોઇએ આવી મારા હાથમાં એક પરબીડિયું મૂક્યું.

ચિઠ્ઠી લાવનાર આરમારી મંડળ (ઍડમિરાલ્ટિ)નો ખાસ રાજદૂત હતો. તેણે આણેલી ચિઠ્ઠીમાં એક જ વાક્ય હતું: 'કાલે વહેલા શાહી મડળમાં [illegible]ર થજો.' હજુ હું માત્ર લેફ્ટેનન્ટ[1] જ હતો. મારા જેવા નાના

---

૧ આરમારી અફસરોનો પદવીક્રમ આ પ્રમાણે હોય છે: કેડેટ, મિડશિપમૅન, સબ લેફ્ટેનન્ટ, અમલી લેફ્ટેનન્ટ અથવા નૅવિગેટિંગ લેફ્ટેનન્ટ, લેફ્ટેનન્ટ, સ્ટાફ કમાન્ડર, કમાન્ડર,

ઇમ્પીરિયલ જર્મન નૅવીનો
લેફ્ટેનન્ટ - કમાન્ડર
કાઉન્ટ લ્યુકનેર



દાનવ

અફસર માટે શાહી મંડળનું આમંત્રણ મગરૂરી ઉપજાવે એવું જ લેખાય;—મૂંઝવણ પણ ખૂબ થઈ!

હામ્મબૂર્ગથી બર્લિન જતાં મેં કૈંકૈં અનુમાનો કરી કહાડ્યાં. જ્યારે હું ગગનમાં વસતી એ ત્રિપુટી સામે ખડો થયો ત્યારે ત્રણે ચહેરા કડક દેખાતા હતા. વડા ઍડમિરલનો ચહેરો હેલિગોલૅન્ડના ખડક જેવો સખ્ત અને ભાવહીન હતો. એના મુખમાંથી બહાર પડતા શબ્દોને 'બોલવું' કહેવાય જ નહિ. હેલિગોલૅન્ડમાંની તોપો પેઠે એક પછી એક ભીષણ અવાજ જ થતા અને સામા માણસને થડકાવી નાખતા. બહુ શાંતિથી અને ખુશમિજાજથી એ બોલે ત્યારે કોઇ સાવજનો ઘૂરકાટ થતો હોય એમ જ લાગે. આવો ઘૂરકાટ મારે કાને અથડાવો શરૂ થયો:

'દુશ્મનોએ પોતાના નૌકાસૈન્યથી આપણા સાગર-માર્ગ આડા ત્રણ કોઠા બાંધ્યા છે. ત્રીજો તો દુર્ભેદ્ય છે. આમ આપણને ઘેરીને એ આખી દુનિયા સાથે વેપારધંધો કરે છે, ખોરાકી અને દારૂગોળાની લાવ-લઇ જા કરી શકે છે. કોઇ પણ ઉપાયે આપણે તેમાં ભંગાણ પાડવું જોઇએ. કોઠા તોડીને મોટે દરિયે કદાચ નીકળી જાય તોપણ આપણી સ્ટીમરોને કોલસા પૂરા પાડવા માટે ચાલુ પકકો બંદોબસ્ત કરવો મુશ્કેલ છે. શઢવાળા નાનકડા વહાણમાં તારે આ કામ બજાવવાનું છે.'

આખી જર્મન આરમારીમાં શઢનો અનુભવ હકીકતે મને જ હતો, એ વાત નૌકાસેનાપતિની જાણમાં હોવી જોઇએ.

'તારા કાર્ય માટે જોઇતી બધી સગવડ મળશે.

સ્ટાફ કૅપ્ટન, કૅપ્ટન, કૉમૉડૉર, રીઅર અને વાઇસ ઍડમિરલ, તથા ઍડમિરલ. છેલ્લા ત્રણ ફ્લૅગ ઑફિસર કહેવાય છે.



જૂનું અમેરિકન વહાણ 'પાસ ઑફ બાલ્મહા': જે કાઉન્ટ લ્યુકનેરના હાથ તળે 'સી આડલર' બનીને મહાસાગરો ઘુમી વળ્યું.

તને ખાસ જરૂરત શાની લાગે છે તે હમણાં જ કહી દે.'

'કિસ્મતની, નામવર !' મેં જવાબ આપ્યો.

'બહોત ખૂબ! "પાસ ઑફ બાલ્મહા" વહાણ સારૂં છે. અત્યાર પહેલાં કિસ્મતદાર હોવાનો પુરાવો એણે આપ્યો છે. ફરી પણ એ કિસ્મતદાર નીવડશે.'

ઍડમિરલ ફરી પાષાણવત્ થઇ ગયો. હું ઝટ બહાર નીકળી આવ્યો. આ સાહસમાં એટલી તો નવીનતા હતી, એટલી તો અપૂર્વતા હતી, એટલો તો ભય હતો, ને છતાં એટલું તો આકર્ષણ હતું કે કિસ્મત યારી આપે તો. . . .

અમે દરિયાના ખેડુ; અમારે કિસ્મત પર જ આધાર!

૨

'પાસ ઑફ બાલ્મહા' ગ્લાસગોમાં બંધાયું હતું. જર્મનીમાં આવ્યા પહેલાં એ અમેરિકન વાવટો ઉડાડતું. ૧૯૧૭–૧૮ના લૉઇડ રજીસ્ટર ઑફ શિપિંગમાંના એના વર્ણન પ્રમાણે 'પોલાદનું બદન, બાંધણી સાલ ૧૮૮૮, બાંધનાર આર. ડન્કનની કંપની, ગ્રૉસ ટન ૧૫૭૧' વગેરે લખ્યું છે. વિલ્હૅમઝેવનથી થોડે દૂર બંદરમાં એ પડ્યું હતું ત્યાં હું ગયો. મારૂં કામ આરંભથી વિકટ હતું.

"પહેલાં તો આ ભારખાનાને ઉમદા લડવૈયામાં ફેરવવું જોઇએ; બંદુકો, સંગીનો, બૉમ્બો વગેરે માટે ગુપ્ત સ્થાનો જોઇએ. કેદીઓ માટે ઓછામાં ઓછા ૪૦૦ બાજઠવાળી કોટડીઓ જોઇએ; કેદી અમલદારો માટે આશરે એંશી ખાટવાળા આરાસ્તે ઓરડાઓ જોઇએ; ફ્રેન્ચ ને અંગ્રેજી ભાષાનાં ગીતોવાળી તાવડીઓ સાથે ફોનોગ્રાફો જોઇએ; પવન સામે નાસી છૂટવા ૫૦૦ હૉર્સ પાવરનાં બે મોટર એન્જિનો જોઇએ; એના ખોરાક માટે ૪૮૦ ટન તેલ ઉપાડે તેવી કોઠી જોઇએ; એટલું જ મીઠું પાણી ઉપાડે તેવી બીજી કોઠી જોઇએ; બે વર્ષ સુધી ચાલે તેટલો ખોરાક જોઈએ. . . . . .

અને આ ફેરફારો કરનાર કારીગરોને જરા ગંધ ન જવી જોઇએ કે આ વહાણનો શો ઉપયોગ થવાનો છે. લડાઇના વખતમાં વાતો તો વા સાથે ઊડી જતી.

ફેરબદલાની શરૂઆત મેં પોતાથી જ કરી. મારૂં નામ મેં બદલી નાખ્યું. હવે હું આરમારીનો ઇન્સૅક્ટર હેર ફૉન આંકરમાન બની ગયો. પાસ ઑફ બાલ્મહાને 'આરમારી વિદ્યાલય' (નેવલ ટ્રેઇનિંગ સ્કુલ)-માં ફેરવી નાખવા માટે કારીગરોને બોલાવ્યા. આખું ગામ સાંભળે તેમ મેં હુકમો બહાર પાડ્યા. આ સડેલા ભારખાનામાંથી નિશાળ બનાવો. ઝેપલિનનાં એન્જિન જેવાં બે એન્જિન અંદર મૂકો. અહીં ઇજનેરી શીખવશું. ચારસો વિદ્યાર્થીઓ માટે કોટડીઓ બનાવો, એંશી પ્રોફેસરો માટે ઓરડાઓ બનાવો. નાવિકોને સઢ અને રસ્સાનું જ્ઞાન આપવા સાધનો બનાવો, વગેરે. નીચલાં તુતકેથી ઉપર માલ લઇ જવા માટે મોટા ઓરડા જેવાં 'લિફ્ટ' બનાવ્યાં. પાછળથી આ લિફ્ટને જમવાના ઓરડા તરીકે અમે વાપરતા. કદાચ મારા 'મહેમાનો' દગો કરે તો એક બટન દાબતાંવેંત જ આખો ઓરડો નીચે ભંડારિયામાં સમાઇ જાય! એ સગવડનું મૂલ તો જરૂર પડ્યે જ થાય.

વહાણ તૈયાર થવા આવ્યું. એનું નામ 'સી આડલર' પાડ્યું. પણ દુશ્મનોના કોઠાઓ વીંધવા માટે ખુદ વહાણને પણ વેષ લેવો જરૂરનો હતો. અમે

એને નૉર્વેજિયન બનાવવા ઠરાવ્યું. નૉર્વે લડાઇમાં અ-પક્ષપાતી હતું. અપક્ષપાતી વહાણને બંને પક્ષ તરફથી અભય મળતું. એવાં વહાણો સફરે નીકળે તે પહેલાં બેય પક્ષને એની ખબર કરવામાં આવતી. થોડાંક અઠવાડિયાં બાદ 'માલેટા' નામનું નૉર્વેજિયન વહાણ કોપનહેગનથી સાગવાન લાકડાં ભરીને ઑસ્ટ્રેલિયા જવા રવાના થવાનું છે એવા ખબર જર્મન આરમારી મંડળને પહોંચાડવામાં આવ્યા હતા. મેં નિશ્ચય કર્યો કે ખરૂં માલેટા બહાર પડે તે પહેલાં જ મારા સી આડલરને માલેટા બનાવી મારે નીકળી જવું..

૩

પણ માલેટાનો વેષ કઢાડવો સહેલો ન હતો. એમાં માલેટાના ખલાસી જોઈએ, માલેટાના અફસરો જોઇએ, માલેટાનાં ખરાં કાગળિયાં જોઇએ, એની લૉગબુક (રોજનીશી) જોઇએ. લૉગ અસલ મળે તો જ બીજું બધું સહેલું થાય. કોઈપણ જોખમે માલેટાની લૉગ-બુક તો જોઇએ જ જોઇએ.

હું કોપનહેગન ગયો. જૂનાં કપડાં પહેરી માલેટા ઉપર મજૂરી કરવા માંડી. એનો નાખુદો 'કાપિતાન નડસેન' પોતાના કુટુંબને મળવા રજા પર ગયો હતો. વડો માલમ (ચીફ ઑફિસર) પણ રજા પર હતો. વહાણના તામીલ અફસરમાં સજ્જલો માલમ (થર્ડ ઑફિસર) વહાણ ઉપર હતો. રોજ મજૂરી કરતાં વહાણના સાંધેસાંધા મેં જોઈ લીધા. કપ્તાનની ઓરડી-માં રોજનીશી અને બીજાં કાગળિયાં કયાં રહેતાં હતાં તે બધું બરાબર જોઈ લીધું. એક દહાડો રાત્રે સજ્જલો માલમ બહાર ગયો હતો. માલેટા ઉપર માત્ર એક રખવાળિયો હતો. મેં મારી તક સાધી. વહાણની મોરીએ તાણી બાંધેલ રસ્સાની ધક્કા પરની ગાંઠ છોડી નાખી. વહાણ ઓસરતાં પાણીમાં ઘૂમવા માંડયું. રખ-વાળિયો મોરી તરફ દોડ્યો. એક છલંગે વાંઢારનો કઠોડો કુદાવી હું વહાણ પર ચડ્યો અને રખવાળિયો પાછો આવે તે પહેલાં જોઈતા કાગળો ચોરી હું કાંઠે કૂદી પડ્યો.

જર્મન નૌકા સી આડલરમાંથી નૉર્વેજિયન ભાર-ખાનું માલેટા બનાવવા માંડયું. જેને નૉર્સ ભાષા આવડે તેવાને જ સી આડલર પર ખલાસી રાખ્યા. દરેકને એકએક કાલ્પનિક નૉર્વેજિયન ગામડાનો વાસી બનાવ્યો. દરેક પાસે નૉર્વેજિયન ભાષામાં લખેલા બનાવટી કાગ-ળોનો ચોડો બનાવ્યો. એમાં કોઇ કાગળ બાપનો, કોઇ માનો, બહેનનો, ભાઇનો, પત્નીનો, પ્રિયતમાનો, મિત્રનો, એમ બનાવ્યા. દરેક કોટડીમાં નૉર્વેજિયન સુંદરીઓનાં ચિત્રો, નૉર્વેજિયન ફીઓર્ડના દેખાવો મઢી દીધા. અફસરો પાસે નૉર્વેજિયન મેકરનાં ફોનોગ્રાફો ને નૉર્વેજિયન સંગીતની તાવડીઓ વસાવી. મારી કૅબિનમાં નૉર્વેજિયન મેકરની જ બધી વસ્તુઓ મૂકાવી. દરેક જણનાં કપડાંમાં નૉર્વેજિયન દરજીઓના નામની કા-પલીઓ મૂકાવી દીધી. જમવાના ઓરડામાં નૉર્વેનાં રાજારાણીની છબી મૂકી, એટલું જ નહિ પણ એના અતલગના સગા લહેરી સાતમા એડવર્ડની છબી પણ લટકાવી દીધી!

અમારૂં વહાણ હવે પકકું નૉર્વેજિયન બની ગયું. અમારે પણ બદલાવું પડયું. અમારાં નામો બદલાઇ ગયાં; સ્મિટનું કાર્લ્સેન, ફ્રિટ્ઝનું ઓલ જાનસન, મિલરનું બ્જોર્ન્સન વગેરે. માલેટા માફક મેં પણ સાગવાન ભરવા માંડયાં. વળી લાકડાં ભરી લઇ જનાર વહાણને એક મોટો ફાયદો એ છે કે લાકડાં ભંડારિયાંમાં જ ભરાય એમ નથી. ભંડારિયાં ભરી નાખ્યા પછી ફાલકા ઉપર, તુતક ઉપર એમ ચિકાર લાકડાં ભરી શકાય. જેથી કોઇ પણ જણ ફાલકાની નીચે કશું જોવા પામે નહિ. મને તો એટલું જ જોઇતું હતું. મારાં ભંડારિયાંમાં તો બીજો સામાન હતો. ઉપર લાકડાં ભર્યાં.

સી આડલર ઉર્ફે માલેટા તૈયાર થયું. સાગવાન આડે કશું દેખાતું ન હતું. ઉપડવા પહેલાં બે અઠ-વાડિયાં ખલાસીઓને ઘેર જવાની રજા આપી હતી. તેઓને વિલ્હૅમશેવનના નિયત કરેલા એક ઓવારે અમુક દિવસે રાતના ૧૦ વાગે ફરી હાજર થવા હુકમ આપ્યો હતો. તે રાત્રે એક નાનકડા ટગની મદદથી સી આડલર વિલ્હૅમશેવનના બંદર વચ્ચે લંગર નાખી પડી રહ્યું. રાતના દસ વાગ્યા પછી થોડીક વારે વહાણ કોઇ નનામા સ્થળ માટે—અગમ્ય મુકામ માટે રવાના થયું. ખલાસીમાંના કોઇને સી આડલરના નિયત કાર્ય વિષે કશી પણ માહિતી ન હતી. માત્ર વેષપલટાની હકીકત પરથી કંઇક પણ સાહસમાં ઝંપલાવવું પડશે એટલું સહુ સમજતા હતા. આથી વિશેષ કોઇ જાણતું ન હતું.

૪

બીજી સવારે બંને સિરાંગની સીટીઓ વાગી અને

બધા ખલાસીઓ તુતક ઉપર હાજર થયા. જર્મન બચ્ચાઓ કશાથી પણ નહિ ડરે એની તો મને ખાતરી હતી જ; છતાં આ ખલાસીઓને તાબડતોબ સાચી વાત કહી જ દેવી જોઇએ. અને એ સાંભળ્યા પછી તેઓની લાગણી કેવી થશે એ જાણવા હું આતુર હતો. નાવિકોને બહુ ભાષણ કરતાં ન આવડે. મેં તરત જ મુદ્દાની વાત કહી દીધી: 'મારા બહાદુર જવાનો, અંગ્રેજ કહે છે કે અમારાં નૌકાસૈન્યની જંજીરમાં જર્મનીને તારાજ કરીશું! અંગ્રેજ કહે છે કે અમારા સાગર-કોઠાઓને ભેદીને એક ઉંદરડી પણ પેલે પાર જવા નહિ પામે! આપણે તેને બતાવી આપવું છે કે તેની એ ડંફાસ ખોટી છે. તેના સાગરકોઠા આપણે મન કુછ બિસાતમાં નથી. એકવાર મહાસાગર સર કરીશું તો પછી દુશ્મનની એક પણ આગબોટ આપણે સપાટી ઉપર જીવતી નહિ ફરવા દઇએ. બોલો જવાનો! આપણે એ બતાવી શકીશું?'

જવાબમાં એક જ ભીષણ ઘોષ થયો: 'ગૉટ સ્ટ્રાફ્ફે ઍન્ગ્લાન્ડ!' (ખુદા ઇંગ્લંડને તારાજ કરો) અને વાજાંવાળાઓએ મગરૂર સૂર ઉપાડ્યા: 'ડૉઇશ્લાંદ! ડૉઇશ્લાંદ! ઓબ્બર ઍાલ્લસ'—જેની સાથે સેંકડો કંઠમાંથી એ રાષ્ટ્રગીતનો ગગનભેદી ધ્વનિ ઊઠી રહ્યો. મને શક ન રહ્યો. દેશ માટે મરી ફીટવાની દરેક હૈયામાં તમન્ના જાગી રહી હતી.


'તતત્–તરાં,તતત–તરાં,તરાં–તરાં–તતતરાં તતત્'—વાયરલેસ ગુંજવા માંડ્યો. કાન પર ઇયરફોન મૂકી અમારો ઑપરેટર સંદેશો લખવા માંડ્યો: 'વહાણ માલેટા ગઇ કાલે બ્રિટિશ મનવારોની સંમતિથી સાગર-કોઠાની પેલે પાર સલામત પહોંચી ગયું છે. આ માટે નૉર્વેજિયન સત્તાધારીઓ દરેક પક્ષનો આભાર માને છે. બીજું વહાણ...' વગેરે વગેરે.

આ ખબરથી હું તો ઠંડોગાર થઈ ગયો! હવે મને માલેટા નામથી તો કોઇ જવા જ ન દે. તેમ આ છેલ્લી ઘડીએ બાજી સંકેલવી પણ મુશ્કિલ હતી. રંગારાને બોલાવી મેં સ્વસ્થતાથી હુકમ કર્યો: "વહાણને મોરે અને વાંઠારેથી માલેટા નામ છેકી નાખ. 'ઇરમા' નામ લખ. બાંધણીનું બંદર 'બ્રામેન' લખ!" ઇરમા નામનું કોઇ પણ વહાણ લૉઇડ રજિસ્ટરમાં ન હતું. વળી ઝડપથી વેષપલટો કરવા માંડ્યો. માલેટાની લૅાગબુક પર શાહીનાં મોટાં ધાબાં કર્યાં. 'ઇ', 'મા', વંચાય તેમ રાખ્યું. ચોપડીને પાણીમાં ઝબોળી કાઢી. થોડાંક પાનાં સહેજ ચોંટાડી દીધાં. વહાણને ભાંગીતૂટી અવસ્થાવાળું બનાવી દીધું. બે કલાક સુધી સુતારને ફાવે ત્યાં કરવત, હથોડી, ફરસી, વગેરે ચલાવવા દીધાં. પછી તે જ ભાંગ-ફોડ ઉપર થીગડાં દેવડાવ્યાં. આખા વહાણમાં પાણીના ધોધ વહેવડાવ્યા. બધું ભીનું કરી નાખ્યું. પછી કિસ્મત-ની વાટ જોતો બેઠો!

અંગ્રેજોનો પહેલો સાગરકોઠો સહેલાઇથી વટાવ્યો. બીજે કોઠે દરિયાની સપાટીથી થોડાક ફૂટ નીચે સુરંગોનાં ખેતર વાવી દીધાં હતાં. જ્યાં સુરંગો ન હતી ત્યાં મનવારો અને નાનકડી ડિસ્ટ્રૉયરોની ખીચોખીચ ચોકી હતી; એટલે સી આડલરને સુરંગો ઉપરથી જ લઇ જવાનું મેં નક્કી કર્યું.

વહાણના સઢમાં જ્યારે એકદમ પવન ભરાય છે ને રસા એકદમ તંગ કરવામાં આવે છે, ત્યારે જે બાજુ સઢ હોય તે બાજુ વહાણ નમી પડે છે. જાણે તળિયાંને બદલે તે પડખાંથી જ તરે છે. તળિયું બીજી બાજુ બહાર નીકળી ગયા જેવું આડે પડખે રહે છે. વહાણનો નીચેનો ભાગ ઓછામાં ઓછો દરિયામાં રાખવા માટે આ ઉત્તમ નુસખો છે. માત્ર વહાણ ઢળી ન પડે એનું ધ્યાન રાખવાની જરૂર છે. વળી મારું વહાણ તો માથા-ભારે હતું, કારણકે તુતક ઉપર માલ લાદી, ભંડારિયાં ખાલી રાખી તે જતું હતું, એટલે જોખમ મોટું હતું. છતાં સુરંગના ફૂટવાથી આકાશમાં ઊડી જવા કરતાં આ જોખમ નાનું હતું. એટલે મેં વહાણ સુરંગો તરફ હંકાર્યું. સુરંગોનાં જુદાંજુદાં સ્થળો વિષે અમને પાકી માહિતી રહેતી અને મારી પાસે એનો નકશો પણ હતો.

'સઢ ચડાઓ!' 'ટૉપ–ગાભા–કાતરિયા હૉલબેઅર ચડાઓ' મેં એક પછી એક હુકમો છોડ્યા. વહાણ સારી પેઠે નમી પડ્યું. હવામાં ઝિક્કિ ન હતી, એટલે મેં જરા વધારે જોખમ ખેડ્યું. 'ધામણ ચિકાર' (Hord up) મેં બૂમ મારી અને અરધી ઘડી પછી વહાણ ધામણ બોરદુ (Leeward) દરિયા સાથે ફણો (Boom) લડાવતું ચાલ્યું.



[અનુસંધાન આગળ પાન ૨૯૭મે]



શ્રીમતી સરોજિની નાયડુ

સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ગાંધીજી અને અબ્બાસ સાહેબની ગિરફતારી પછી ધરાસણાના હલ્લાની સરદારી લઇ જેલ જનાર સરોજિની દેવીએ સ્ત્રીઓને માટે કારાવાસ જવાનું મંગલાચરણ કર્યું. એ દેશભક્ત કવયિત્રીના જેટલી જગતકીર્તિ કમાનાર હિંદપુત્રી બીજી ભાગ્યે જ હશે. એનાં કાવ્યો જેટલા જ મધુર ને પ્રવાહી એના વાણીસ્રોતે દુનિયાભરના દેશોને મંત્રમુગ્ધ કર્યા છે. આંધ્ર દેશમાં ઊછરેલી એ બંગાળની પુત્રી લગ્નસંબંધથી નિઝામ રાજ્યમાં ભલે જોડાઈ, પણ મુંબાઇને પોતાનું ઘર કરીને હિંદના પ્રાંતેપ્રાંતને એણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. ૧૮૯૭ના ફેબ્રુઆરીની ૧૩મીએ એનો જન્મ થયો; ૧૧ વર્ષની કુમળી વયે મૅટ્રિક પસાર કરી ને ૧૨મે વર્ષે પહેલું કાવ્ય લખીને વાગીશ્વરીની વીણાનો પ્રથમ ઝંકાર કર્યો. જોતજોતાંમાં એની કવિત્વશક્તિએ પશ્ચિમના રસમીમાંસકોને મુગ્ધ કર્યા; પણ એથી યે વધારે વશ તો એનું વક્તૃત્વ સાંભળતા તે થતા. એ શક્તિ વડે એણે ઇંગ્લંડની જૉઇન્ટ કમિટી આગળ જુબાની આપીને હિંદી સ્ત્રીત્વના હક સાબિત કર્યા; એ શક્તિ વડે એણે જીનીવાના સમસ્ત સંસારના સફ્રેજ સ્ત્રીસંઘ આગળ હિંદના સ્ત્રીતત્ત્વનો સાચો ખ્યાલ રજુ કરી જબરો વિચારપલટો કર્યો; એ શક્તિ વડે હમણાં એણે પોતાની યુરોપ અમેરિકાની છેલ્લી સફર દરમ્યાન હિંદની સ્વાતંત્ર્ય–એષણા અને રાજકીય પરિસ્થિતિનું સાચું દર્શન કરાવી સૌનો સમભાવ જીત્યો. અસહકારના કાળથી હિંદના રાજકારણમાં એમણે આગળ પડતો ભાગ ભજવ્યો છે; લખનોની ૪૦મી હિંદી મહાસભાનું અધિષ્ઠાત્રી પદ આપી દેશે એમની સેવાઓ બદલ એમનું બહુમાન કર્યું છે. આજના સંગ્રામમાં તેમજ દેશની ભાવિ પરિસ્થિતિમાં પણ એમનું ચોક્કસ સ્થાન છે.









ફોટોગ્રાફીની બે હરીફાઈઓનાં પરિણામ

◖. આ વર્ષની શરૂઆતમાં ૭૩મા અંકમાં પ્રગટ થએલી ફોટોગ્રાફીની ત્રણ પકી બીજી (ગ્રામ્ય જીવનના દૃશ્યની), અને ગયા ૭૭મા અંકમાં જાહેર થએલી સ્વાતંત્ર્ય-સંગ્રામના પ્રસંગોની, એમ બંને હરીફાઈઓનાં પરિણામો આ ઉપર આપ્યાં છે. ડાબી બાજુના મથાળાનું ચિત્ર લેનાર ભાઇ જયંતિલાલ દેસાઇ (દંતરાવ) સત્યાગ્રહ-સંગ્રામની હરીફાઇનું પહેલું ઇનામ જીતી જાય છે. નીચલું ચિત્ર ભાઇ જગજીવન માવદીઆ (કરાંચી)નું છે, એમને ઉત્તેજના ઇનામ મળે છે. બંને ચિત્રો મીઠાના સવિનય ભંગને લગતાં છે. જમણી તરફ ગ્રામ્ય જીવનના દૃશ્યની હરીફાઇનાં બે ચિત્રો છે: તેમાં ઉપરનું ભાઈ ચતુર્ભુજ વલ્લભદાસ (મુંબાઇ)નું છે તેમને પહેલું, અને નીચેનું પ્રિયકાન્ત મહેતા (ભાવનગર)નું છે તેમને બીજું ઇનામ મળે છે.

◖. ફોટોગ્રાફીની હરીફાઇમાં હવે પહેલાં કરતાં ઓછા ઉમેદવારો ભાગ લે છે તે જોઇ અમને નવાઇ લાગે છે. ફોટોગ્રાફીની પ્રગતિ અને હાલની જરૂરિયાત તેમજ અવનવા પ્રસગો પ્રમાણે તો કોઇક જ હોશિયાર માણસ તેના જ્ઞાન વિનાનો હોય. જેમણે ફોટોગ્રાફો મોકલ્યા છે તેમાંના દરેક જાણે પોતાના કામમાં ચિત્રયોજનાનો વિચાર કર્યો જણાતો નથી. તેઓ મોટે ભાગે ચાંપ દાબી લેવામાં જ પોતાનું કામ પૂરું થયું ગણે છે. સત્યાગ્રહ-સંગ્રામ અને ગામડાંના દૃશ્યો એ બંને હરીફાઇઓને અંગે ચિત્ર લેવાના અપૂર્વ અને મહત્ત્વપૂર્ણ અસંખ્ય પ્રસંગો તથા કલ્પનાઓ મળી શકે. તેને બદલે ઘણા જૂના પ્રસંગો, સરઘસો કે અસંબદ્ધ ગૂંચવણવાળા દેખાવો લેવામાં ખરી તક ગુમાવાઇ છે. પાડેલા ફોટોગ્રાફમાં પોતાના કરતાં અધિક દુનિયા જોવાને આકર્ષાય અને કંઈક રસ લઇ શકે એવું તત્ત્વ લાવવાનો દરેક ઉમેદવારે પ્રયત્ન કરવો જોઇએ. ચિત્રની મુખ્ય આકૃતિઓ જરૂર પ્રમાણે ઉઠાવદાર અને મોટી લેવી જોઇએ. બીનજરૂરી વસ્તુઓ, માણસો કે દૃશ્ય દૂર રાખવાં; અગર છબી મોટી બનાવી કાપી નાખવાં. કેમેરા તો માત્ર સાધન છે. ખરું તત્ત્વ તો ચિત્રનો વિચાર, કલ્પના કે ગોઠવણ છે, જે પાડનારના ભેજામાંથી નીકળે છે; અને એ હોય ત્યારે જ તે ચિત્ર સાચી કળા બને.

અદ્‌ભુત પ્રતિભાવડે સંસારભરના ગણિતશાસ્ત્રીઓમાં ઉજ્જ્વળ નામના મેળવનાર

શ્રીનિવાસ રામાનુજન



અતિશય બુદ્ધિપ્રતિભા વાળા ઘણા યુવાન માણસો ખીલતાં પહેલાં જ કરમાઈ જાય છે. પોતે કંઇક આશ્ચર્યજનક કામ પૂરૂં કરી દુનિયાને દેખાડે તે પહેલાં યુવાનીમાં જ આવા તેજસ્વી માણસો સ્વર્ગે સંચરે છે. વિજ્ઞાનક્ષેત્રમાં રામાનુજન નામે એક યુવક થઇ ગયો. તે પણ બત્રીસ વર્ષની વયે પરલોકગમન કરી ગયો. તેણે એવા સિદ્ધાંત તથા કોયડા ઉકેલ્યા છે કે જેને માટે કૅમ્બ્રિજ યૂનિવર્સિટીના વિખ્યાત ગણિતવેત્તા પ્રો. હાર્ડી જેવા કહે છે: 'આશ્ચર્યજનક છે કે જે કોયડા યુરોપના ગણિતશાસ્ત્રીઓને ઉકેલતાં સો વર્ષ લાગી ગયાં છે છતાં હજુ સંતોષકારક રીતે ઉકેલાયા નથી તે બધા આ હિંદી યુવકે થોડી પળમાં સિદ્ધ કર્યા છે.'

એ પ્રતિભાશાળી હિંદી રામાનુજનનો જન્મ ૧૮૮૭ ના ડિસેમ્બરમાં, દક્ષિણ હિંદમાં ઇરોડ ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુંભકોણમ શહેરની હાઇ-સ્કૂલમાં તેણે અભ્યાસ કરેલો. પિતા તથા પ્રપિતા કાપડિયાને ત્યાં વાણોતરૂં કરતા અને નામુંઠામું લખતા. તેની માતા એ ગામની કોર્ટના 'બેલિફ'ની પુત્રી થતી. ગણિતશાસ્ત્રના આવા અદ્‌ભુત સંસ્કાર પ્રાપ્ત કરવાનો માતાપિતા તરફથી કંઈ યે સંભવ નહોતો. નિશાળમાં તે સાવ શૂન્ય જેવો બેસી રહેતો. પણ કોને ખબર પડે કે મૂર્તિ જેવો શાંત બેઠેલો એ નાનકડો છોકરો બીજાને ગમ પણ ન પડે એવા ગણિતના ઝીણા પ્રશ્નો ઉકેલતો હતો? જેને કદી કોઇ ઓળખતું પણ નહિ, એવી કંગાલ સ્થિતિમાં જાત મહેનત કરી તે ઊંચે ચડ્યો અને સ્વયંપ્રકાશિત તેજસ્વી તારાની પેઠે ઝબુકી તે અસ્ત પામ્યો.

બુદ્ધિશાળી માણસને, પોતે બુદ્ધિમાન છે એવું ભાગ્યે જ આત્મભાન થાય છે. પોતે આટલો સમર્થ છે એવું રામાનુજન જાણતા જ નહોતા. તેમ તેણે કદી ખોટો ડોળ પણ કર્યો નથી. તે સાવ સાદા હતા. અને બોલતા પણ ઘણું જ ઓછું. હમેશાં કંઇક ને કંઈક કામમાં મન લાગેલું જ રહેતું, તેથી તેમના ખાનગી જીવન વિષે પણ તેમણે કંઇ યે બહાર કહેલું સંભળાયું નથી. તેમના આશ્રયદાતાના પ્રયત્નથી જ તેમના જીવન-ના કેટલાક સંજોગો તથા તેમણે કરેલા કામની માહિતી પ્રાપ્ત થઇ શકી છે. રામાનુજનની કૃતિના ગ્રંથની સ્મારક આવૃત્તિ ૧૯૨૮માં કૅમ્બ્રિજ યૂનિવર્સિટી પ્રેસે પ્રસિદ્ધ કરી છે. તેમાં રામાનુજનના અંગત પરિચયમાં આવેલા ત્રણ પ્રખ્યાત ગણિતશાસ્ત્રીઓ—દી. બ. રામચંદ્રરાવ, શ્રી પી. વી. શેષુ આય્યર અને મિ. જી. એચ. હાર્ડી, એફ. આર. એસ—એમણે રામાનુજનનાં ટૂંકાં જીવનચિત્રો આલેખ્યાં છે. એ વિરલ પ્રતિભાવાન રામાનુજન કોણ તથા તેનું જીવન કેવું હતું તે કેવળ એ ત્રણ ગૃહસ્થો દ્વારા જ દુનિયા જાણવા પામી છે

છેક બાળવયે રામાનુજન ઇરોડ ગામની પ્રાથમિક શાળામાં ભણતા ત્યારથી જ, ગણિતશાસ્ત્રમાં એમણે કૌતુક દાખવેલું. એક ઊંચા વર્ગના છોકરાની 'લોની' કૃત ત્રિકોણમિતિ તેણે વાંચવા લીધી તે દિવસ સુધી, રામાનુજનમાં આવી આશ્ચર્યકારક શક્તિ છે એવું કોઇ જાણતું જ નહિ. બાર વર્ષની ઉમરે એ પુસ્તકના બધા દાખલા કોઇની મદદ વગર તેણે ગણી કાઢ્યા. શિક્ષકો તો એ બધા જોઇને આશ્ચર્યમુગ્ધ થઇ ગયા. પંદર વર્ષની

ઉમરે તો એણે એકલાએ 'કાર'નો ગણિતશાસ્ત્રનો સાર-ગ્રંથ વાંચવા માંડ્યો ને તે વાંચીને તેણે અનહદ આનંદ અનુભવ્યો. ઊંઘમાં પણ તે દાખલા ગણતો. તે એમ માનતો કે તેની આશ્રયદાત્રી દેવી નામગિરિ સ્વપ્નમાં તેને પ્રેરણા કરતી હતી. સત્તર વર્ષની વયે તેને કુંભ-કોણમની સરકારી કૉલેજની શિષ્યવૃત્તિ મળી. પણ તેનું અંગ્રેજી ઘણું નબળું હતું, તેથી આ શિષ્યવૃત્તિ તે ખોઈ બેઠો. ગણિત સિવાય બીજા કોઇ જ વિષયની તેને પરવા નહોતી. પણ શિષ્યવૃત્તિ બંધ થઈ એટલે નિર્વાહ પૂરતું કમાઇ લેવાની તેને ચિંતા પેઠી અને તેણે કૉલેજનો અભ્યાસ બંધ કર્યો. ૧૯ વર્ષની ઉમરે ફરીથી તેમણે કૉલેજમાં દાખલ થવા પ્રયાસ કર્યો, પણ કંઇ વળ્યું નહિ. ત્યાર બાદ બીજાં ત્રણ વર્ષ લગી ખાનગીમાં ગણિતશાસ્ત્રની શોધખોળના કામમાં જાતે જ કોઈના દિશાસૂચન વગર મથન કર્યા કર્યું.

નિર્ધનતાના જે કઠણ દહાડા તેણે ગાળ્યા છે તે તો તેનું જ મન જાણતું. પણ આટલાં કષ્ટ છતાં તેનો ઉમદા સ્વભાવ અને ખંતીલી વૃત્તિ દબાયાં નહિ. દૂરના એક ગામમાં તેણે હંગામી નોકરી લીધી. નસીબ સંજોગે આ વખતે તે એવા માણસના સંસર્ગમાં આવ્યો કે જેને લીધે ગણિતશાસ્ત્રની શોધમાં જ પોતાનું સમગ્ર-જીવન ગાળવાની તેની તીવ્ર એષણા અંતે બર આવી.

દી. બ. રામચંદ્રરાવ આ વિષયમાં લખે છે: "મારે એક ભત્રીજો હતો, તેને ગણિતની બહુ ગમ પડતી નહિ. કેટલાંક વર્ષ અગાઉ તે મારી પાસે આવ્યો ને કહ્યું 'કાકા, એક માણસ મારે ત્યાં આવ્યો છે. તે ગણિતની જ વાતો કર્યા કરે છે; પણ હું તેમાં કંઇ સમજતો નથી. તેની વાતમાં કંઇ માલ છે કે કેમ તે જરા તમે જોઇ લેશો?' હું કેમ જાણે કંઇક ભારે ઉપકાર કરતો હોઉં ને જાણે મહાન ગણિતશાસ્ત્રી હોઉં તેમ મેં પેલા માણસને મારી પાસે લઈ આવવા ભત્રીજાને ફરમાવ્યું. એક ઠીંગણો, બેડોળ, હજામત વધી ગએલા ચહેરા-વાળો યુવક મારી સામે આવી હાજર થયો. તેની આંખમાં કંઇક અદ્ભુત તેજ ચમકતું મેં ભાળ્યું. તેની બગલમાં એક ફાટેલી નોટબુક હતી. તે સાવ નિર્ધન ચીંથરેહાલ લાગતો હતો. પોતાનો અભ્યાસ આગળ વધારવાની લગનીમાં તે કુંભકોણમથી મદ્રાસ નાસી આવ્યો હતો. તેને નહોતી માનપાનની ઇચ્છા કે નહોતી લક્ષ્મીની. માત્ર કોઈ રોટલા આપે તો શાંતિથી પડ્યો પડ્યો પોતાનું ગણિતનું કામ કર્યા કરે એટલી જ રાહત તેને જોઇતી હતી.

તેણે પોતાની નોટબુક ઉઘાડી અને પોતે કરેલાં કેટલીક ગણિતની શોધનાં પરિણામ મને સમજાવવા લાગ્યો. મેં જોઇ લીધું કે તેની નોટબુકમાં કોઇ સામાન્ય વસ્તુ નહોતી ચીતરી મારેલી, પણ તેમાં કંઇક અપૂર્વતા હતી. પણ મારી પાસે તે જે વાત કરતો હતો તે ગાંડાં ગદોડતો હતો કે કંઈ સાચું કહેતો હતો તે નક્કી કરવા પૂરતું પણ મારૂં જ્ઞાન નહોતું. તેથી તરત તો કંઇ યે નિર્ણય ન આપતાં અમુક દહાડે ફરી આવજો એમ કહી મેં તેને વિદાય કર્યો. તે તો મુકરર વખતે ફરીથી મારી પાસે આવી ખડો થયો. આ વેળા મારૂં અજ્ઞાન તે કળી ગયો, અને તેથી અઘરી વાતો બાજુએ મૂકી પોતે દોરેલા કેટલાક સાદા સિદ્ધાંતોનાં પરિણામ મને બતાવ્યાં. ચાલુ ગણિતશાસ્ત્રનાં પુસ્તકોમાં તે નહોતાં એટલા પૂરતો તે આગળ વધેલો જ હતો. એ જોઇને મને ચોકસ ખાત્રી થઇ કે એ માણસ અદ્ભુત જ છે. પછી ક્રમશઃ તેણે 'ઇલિપ્ટિક ઇન્ટીગ્રલ્સ' તથા 'હાયર–જ્યૉમેટ્રિક' શ્રેણી મને સમજાવી અને છેવટે પોતાના હજુ અપ્રસિદ્ધ રહેલા સિદ્ધાંતો સમજાવી તેણે મને વશ કરી લીધો. હવે મેં શ્રદ્ધા-પૂર્વક પૂછ્યું 'તમારે શું જોઇએ?' તેણે કહ્યું માત્ર મારો અભ્યાસ ચાલુ રહે તે સારૂ મારો નિભાવ થાય એવી નાનકડી રકમની મને ગોઠવણ કરી આપો.'

આ વેળા દી. બ. રામચંદ્રરાવ નેલોરમાં હતા. ત્યાંથી તેમણે શ્રી રામાનુજનને મદ્રાસ મોકલ્યા. સર ફ્રાન્સિસ સ્પ્રિંગ એ વેળા મદ્રાસ પૉર્ટ ટ્રસ્ટના પ્રમુખ હતા. તેમના પર ભલામણપત્ર આપી તેને ત્યાં નોકરીમાં લેવા વિનંતિ કરી. તેણે ત્યાં જઇને સર ફ્રાન્સિસને મળી પોતાનું કામ બતાવ્યું. સર ફ્રાન્સિસને થયું કે આવા અજબ પ્રતિભાશાળી માણસની શક્તિ કારકુનીમાં ન વેડફાઈ જવી જોઇએ. એવામાં સદ્ભાગ્યે એ જ વેળા સીમલાના હવામાન ખાતાના હિંદના વડા અમલદાર, જેઓ અગાઉ કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના સભ્ય હતા તે ડૉ. જી. ટી. વૉકર, મદ્રાસ આવેલા હતા. તેમની પાસે સર ફ્રાન્સિસ રામાનુજનનું ગણિતશાસ્ત્રનું થોડુંક કામ લઇ ગયા ને બતાવ્યું. ડૉ. વૉકર તો એ

વાંચીને મોંમાં આંગળાં જ ઘાલી ગયા! તાબડતોબ તેમણે એક પત્ર મદ્રાસ વિદ્યાપીઠના મહામાત્ર પર (૧૯૧૩ના ફેબ્રુઆરીની ૨૬મી તારીખે) લખ્યો કે 'હું આપને શ્રી એસ. રામાનુજન પ્રત્યે લક્ષ આપવા વિનંતિ કરૂં છું. હાલ તે મદ્રાસ પૉર્ટ ટ્રસ્ટનાં હિસાબી ખાતામાં એક કારકુન છે. મેં પોતે તેને જોયો નથી, પણ સર ફ્રાન્સિસ તેનું કરેલું જે કેટલુંક કામ મારી પાસે ગઇ કાલે જ લાવ્યા હતા તે જોઇને મારી તો ખાત્રી થઇ છે કે કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ગણિતશાસ્ત્રના સભ્યના નવીન મૂળ કામ સાથે સરખાવતાં એ ક્યાં યે ચડી જાય તેવું છે. મને તો દીવા જેવું ભાસે છે કે શ્રી રામાનુજન ગણિતશાસ્ત્રની શોધખોળમાં થોડાં વર્ષ ગાળે તો અદ્દભુત કાર્ય કરી બતાવે, ને તે સારૂ તેને ખાવાપીવાની કોઇ ચિંતા ન રહે તેવી વ્યવસ્થા વિદ્યાપીઠે કરી આપવી જોઇએ.'

આ પછી વિદ્યાપીઠે તેમને માસિક ૭૫ રૂપિયાની શિષ્યવૃત્તિ કરી આપી, એટલે પોતાના નિર્વાહની ચિંતામાંથી તો તેમને મુક્તિ મળી. હવે તો નિરાંતે તે બધો સમય પોતાના એ પ્રિય વિષય પાછળ જ ગાળતા. આ વખતે શ્રી શેષુ આય્યર તથા બીજાઓએ કૅમ્બ્રિજ ટ્રિનિટી કૉલેજના સભ્ય મિ. જી. એમ. હાર્ડી સાથે પત્રવ્યવહાર કરવાની રામાનુજનને સલાહ આપી. તે મુજબ ૧૯૧૩ના જાન્યુઆરીની ૧૬મીએ રામાનુજને મિ. હાર્ડીને નીચે મુજબનો પત્ર લખ્યો:

'હું વિદ્યાપીઠની કેળવણીથી વંચિત છું. માત્ર સામાન્ય નિશાળમાં ભણ્યો છું. નિશાળ છોડ્યા પછી મારો બચત વખત ગણિતશાસ્ત્રના અભ્યાસમાં ગાળું છું. 'ડાઇવર્જન્ટ' શ્રેણીની ખાસ શોધ મેં કરી છે. હમણાં જ 'ઑર્ડર્સ ઑફ ઇન્ફિનિટી'નું આપનું પુસ્તક મેં વાંચ્યું. તેમાં આપે ૩૬મા પાના પર લખ્યું છે કે 'કોઇ આપેલી સંખ્યા કરતાં સહેજ ઓછામાં ઓછી સંખ્યા કઈ તે હજુ શોધી શકાયું નથી.' મેં એ શોધી કાઢ્યું છે કે જે વડે આ પ્રકારની જોઇતી સંખ્યા લગભગ મળે છે. આ સાથે મોકલેલ નિબંધો આપ વાંચી જશો. હું તો સાવ નિર્ધન છું એટલે જગત આગળ પ્રકટ કરી શકું તેમ નથી. ખાત્રી થાય કે તે અગત્યના છે તો મારા એ સિદ્ધાંતો આપ પ્રસિદ્ધ કરજો.'

રામાનુજન અંગ્રેજીમાં એટલા નબળા હતા કે મિ. હાર્ડીને શંકા છે કે આ કાગળ તેણે પોતે નહિ લખ્યો હોય. અને વાત પણ સાચી કે તેના મદ્રાસના બે પ્રખ્યાત મિત્રોએ તેને એ લખવામાં મદદ કરી હતી. પણ મિ. હાર્ડી પર મોકલેલા નિબંધો તો તેના જ લખેલા હતા. તેમાં ગણિતના એક સો કરતાં પણ વધુ સિદ્ધાંતો લખ્યા હતા, ને એ કૅમ્બ્રિજના ભલભલા ગણિતશાસ્ત્રીઓની પણ કસોટી

વીરાંગના

[રાસ]

મ્હોર્યું મ્હોર્યું વજ્જરનું બીજ,
　કે નીર પી પ્રલયનાં રે:
આભ ચીરી ઉછળતી વીજ,
　　કે મ્હોરી રાજ! વીરાંગના રે.

ચણીએ ને ચુંદડીએ ચૂવે તેજતારલા,
　ભભૂકે દિલ દેશના હુતાશ:
　　કે રાજવણ વીરાંગના રે.

બખ્તરિયું અંગ, છટા મર્દાની જંગની,
　લોચન લખ સૂર્યના પ્રકાશ:
　　કે ઘૂમે રણ વીરાંગના રે.

રુદ્ર રમે રોમરોમ ખેલે રણચંડિકા,
　કંઠ ઝૂલે મૃત્યુંજય માળ:
　　કે મ્હૈચરી વીરાંગના રે.

ક્રાન્તિને કોડ સજ્યો મુક્તિનો મ્હોર શિર,
　ધૂણવતો ધોળી પીએ કાળ:
　　કે ગુર્જરી વીરાંગના રે.

મ્હોર્યું મ્હોર્યું વજ્જરનું બીજ,
　　કે ગુર્જરી વીરાંગના રે.

કેશવ હ. શેઠ

[લેખકના નવા બહાર પડેલા પુસ્તક 'કેસરિયાં'માંથી]

કરે તેવા હતા. રામાનુજને બધા કોયડાનો કરેલો ઉકેલ વાંચીને તો મિ. હાર્ડી દંગ થઇ ગયા. એમણે રામાનુજનને જવાબ લખીને પોતાની ઊંડી સહાનુભૂતિ તથા ઉત્તેજન પાઠવ્યાં. રામાનુજને ફરી બીજો પત્ર ૧૯૧૩ના ફેબ્રુઆરીની ૨૭મી તારીખે લખ્યો કે 'આપ મારા કામ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવો છો તે જોઇ હું આપને મારા મિત્ર ગણું છું. આજથી મને પ્રગતિ કરવાનું પ્રોત્સાહન મળે છે. મારૂં મગજ કામ કરે તે ખાતર મારે શરીર ટકાવી રાખવું જોઇએ; તે ટકાવવા મને રોટલા જોઇએ, અને તે જ આજે મારા જીવનનો મારો પહેલો પ્રશ્ન છે. આપનો સહાનુભૂતિ ભરેલો કાગળ મને હવે અહીં શિષ્યવૃત્તિ મેળવવામાં સહાયભૂત થશે.'

આ દરમ્યાન મિ. હાર્ડી લંડનના સત્તાવાળાઓ સાથે તથા મદ્રાસની વિદ્યાર્થી–સલાહકાર–સમિતિ સાથે, શ્રી રામાનુજનને કૅમ્બ્રિજની કેળવણીનો લાભ પ્રાપ્ત કરાવી આપવા પત્રવ્યવહાર ચલાવતા જ હતા. પણ રામાનુજન પોતે જ્ઞાતિ બહાર મુકાઇ જવાના ભયથી વિલાયત જવા રાજી નહોતા. મિ. હાર્ડી આથી ખૂબ નાસિપાસ થયા, કેમકે તેમને લાગતું હતું કે રામાનુજનને આધુનિક કેળવણીના સંસ્કાર મળવાની તથા પોતે કયાં સુધી આગળ વધેલા છે ને કયાં સુધી શોધ થઇ છે તે સમજવાની જરૂર છે, જેથી ગણિતના જ્ઞાનની પ્રગતિમાં તે પોતાનો યોગ્ય ફાળો બરાબર આપી શકે.

દરમ્યાન આ બાજુ કારકુનીમાંથી વિશ્રામ મળ્યાથી અને હવે તો ૧૯૧૩ના મેની ૧લી તારીખથી રોટલા કમાવાની ફીકર મટવાથી રામાનુજન પોતાનો બધો વખત ગણિતશાસ્ત્રની શોધખોળમાં ગાળવા લાગ્યા. શિષ્યવૃત્તિની શરત મુજબ વિદ્યાપીઠની અભ્યાસ–સમિતિને એમણે ત્રિમાસિક નોંધ મોકલવાની હતી.

૧૯૧૪ના માર્ચમાં કૅમ્બ્રિજ ટ્રિનિટી કૉલેજના સભ્ય મિ. ઇ. એચ. નેવિલ, એમ. એ. એ હિંદમાં આવી મદ્રાસમાં પોતાની વ્યાખ્યાનમાળા ગોઠવી. મિ. નેવિલને કૅમ્બ્રિજથી મિ. હાર્ડીએ શ્રી રામાનુજનને મળવા માટે ભલામણ કરી હતી, એટલું જ નહિ પણ તેને કૅમ્બ્રિજ તેડી લાવવા સારૂ ખૂબ સમજાવવાનો આગ્રહ પણ કર્યો હતો. મિ. નેવિલની મહેનતથી રામાનુજનને સમજાયું કે પોતાનો અભ્યાસ નિયમિત અને પદ્ધતિસર બનાવવા તેને કૅમ્બ્રિજની કેળવણીની પૂરી જરૂર છે. તેણે જવા હા પાડી, એટલે નેવિલે મદ્રાસ વિદ્યાપીઠને આગ્રહભરી ભલામણનો પત્ર લખી જણાવ્યું કે રામાનુજનની બુદ્ધિ એટલી બધી પ્રખર છે કે ગણિતશાસ્ત્રમાં તે આ જમાનામાં અજબ કામ કરી જશે. એને માત્ર આધુનિક પદ્ધતિની જરૂરિયાતની કેળવણીની તથા ગણિતશાસ્ત્રનું વિજ્ઞાન અત્યારે ક્યાં લગી પહોંચ્યું છે તે જાણનારા વિદ્વાનોના સંસર્ગની અગત્ય છે. આગળ જતાં એ ગણિતના વિષયમાં દુનિયાભરમાં અત્યંત મહાન વિદ્વાન લેખાશે. આટલી પ્રતિભાવાળા આ ખૂણામાં સડતા માણસને આટલી કીર્તિ સંપાદન કરાવી આપનાર વિદ્યાપીઠ પોતે પણ કીર્તિ સંપાદન કરશે. માટે તેને જોઇતી જે કંઇ સહાય મદ્રાસ શહેર તથા વિદ્યાપીઠ આપશે તે સાર્થક જ છે.'

મદ્રાસ વિદ્યાપીઠે આ ભલામણ સ્વીકારી અને રામાનુજનને ઇંગ્લંડમાં અભ્યાસ કરવા સારૂ વાર્ષિક અઢીસો ગિનીની શિષ્યવૃત્તિ બે વર્ષ માટે મળી. ૧૯૧૪ના માર્ચની ૧૭મી તારીખે રામાનુજન ઇંગ્લંડ પહોંચ્યા અને કૅમ્બ્રિજ યૂનિવર્સિટી કૉલેજમાં દાખલ થયા. મિ. હાર્ડી તથા લિટલવુડના દિશાસૂચન મુજબ તેમણે ત્યાં ઝપાટાબંધ પ્રગતિ કરવા માંડી.

પણ દૈવયોગે એટલામાં ૧૯૧૪ના ઑગસ્ટમાં મહાન જર્મન વિગ્રહ જાગ્યો. ૧૯૧૫ના નવેમ્બરની ૧૧મીએ મિ. હાર્ડીએ મદ્રાસ વિદ્યાપીઠના મહામાત્રને પત્ર લખ્યો કે 'વિગ્રહ જાગવાથી શ્રી. રામાનુજન મુશ્કેલીમાં આવી પડ્યા છે. મારી જોડે મિ. લિટલવુડ તેને ભણાવતા હતા, તેને અહીંથી યુદ્ધમાં સૈનિક તરીકે જવું પડ્યું છે; અને આવા ફળદ્રુપ ભેજાના શિષ્ય માટે એક શિક્ષક પૂરતો નથી. તેનામાં અજબ પ્રકારની શક્તિ છે તેમાં તો મુદ્દલે શંકા નથી. મારી માન્યતા પ્રમાણે તે કેટલીક રીતે ઉત્તમ ગણિતશાસ્ત્રી છે.'

એક બાજુ રામાનુજનનો આમ અભ્યાસ અટક્યો ને બીજી તરફ ઇંગ્લંડનાં હવાપાણી તેને માફક ન આવ્યાં. ત્યાં એ બહુ વિચિત્ર ખોરાક લેતા તેથી શરીર બગડ્યું, અને એમને ક્ષય રોગ લાગુ પડ્યો. સારામાં સારી માવજત થાય તેવા દવાખાનામાં તેમને રાખ્યા. યુદ્ધના દિવસો હતા, એટલે દરિયાઇ મનવારો અને સબ-

મરિનોના ભયે દરિયાની મુસાફરી સલામત નહોતી. એટલે ૧૯૧૮ની વસંતઋતુ બેઠી ત્યાં સુધી રામાનુજને ઇંગ્લંડનાં વિવિધ સેનેટોરિયમમાં જ ગાળ્યા. ધીમેધીમે તબિયતમાં પણ કંઇક સુધારો થતો લાગ્યો.

આ દરમ્યાન શ્રી રામાનુજનની ગણિતશાસ્ત્રની અજબ શોધોથી વૈજ્ઞાનિક દુનિયા ચકિત થઇ હતી. ૩૧ વર્ષની ઉંમરે—૧૯૧૮ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે—રૉયલ સોસાએટીના ફેલો તરીકે તેમની ચૂંટણી થઇ, જે માન આટલી વયના હિંદીને એ પહેલું જ આપવામાં આવ્યું હતું. આથી ઉત્તેજિત થઇ ખરાબ તબિયત છતાં પણ એમણે કામ ચાલુ રાખ્યું; અને કહેવાય છે કે આ વખતે તો એમણે કેટલાક ઊંચામાં ઊંચા સિદ્ધાંતોની શોધ કરી. એ જ વર્ષના ઑકટોબરની ૧૩ તારીખે તે કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ફેલો તરીકે ચૂંટાયા અને વાર્ષિક ૨૫૦ ગિનીનું વેતન તેમને મળવા લાગ્યું, જેના બદલામાં કોઇ ખાસ કામ કરવાની કે એવી કશી શરત નહોતી. આ બાબતની મદ્રાસ વિદ્યાપીઠના મહામાત્રને ખબર આપતાં મિ. હાર્ડી લખે છે 'હિંદે કદી નહિ જોયો હોય તેવો વૈજ્ઞાનિક પ્રતિભાવાળો તથા ગણિતશાસ્ત્રમાં આટલી અતુલ કીર્તિ સંપાદન કરેલો આ માણસ હિંદમાં પાછો આવશે ત્યારે, મને ખાત્રી છે કે હિંદ તેનો જરૂર યોગ્ય સત્કાર કરશે.'

૧૯૧૯ના માર્ચની ૨૭મી તારીખે શ્રી રામાનુજન ઇંગ્લંડથી ઊપડી મુંબાઇ પહોંચ્યા. આ વખતે એમની તબિયત ખૂબ લથડી ગઇ હતી. એમની ઉત્તમમાં ઉત્તમ સારવાર કરવાની ગોઠવણ કરવામાં આવી, પણ બધું નિષ્ફળ ગયું અને મદ્રાસમાં ચેતપુરમાં ૧૯૨૦ના એપ્રિલની ૨૬મી તારીખે તેમનો દેહાંત થયો.

શ્રી રામાનુજને ગણિતમાં કરેલી શોધોનું વર્ણન આપવું બહુ મુશ્કેલ છે. તેમણે કરેલી શોધમાં ઘણા પ્રકારની ગણિતની કૂંચીઓ છે. માત્ર પ્રેરણાના બળે જ તે આટલી ટોચે પહોંચ્યા હતા. સિદ્ધાંત સાબિત કરવાની તેમની રીતો કંઇક જૂનવાણી ઢબની હતી અને તેમનું જ્ઞાન પણ કંઇક ઓર જ પ્રકારનું હતું. જે કોયડા કોઈ ન ઉકેલી શકે તેવા અનેક કોયડા અલ્પકાળમાં સહેલી રીતે તે ઉકેલી શકતા ને જવાબ કહી આપતા. તેમાં દલીલ જેવું થોડું હોય, ઘણુંખરૂં તો પ્રેરણા રૂપે જ હોય, જે સમજાવવા તે અશક્ત હતા. પણ કૅમ્બ્રિજના વિદ્યાભ્યાસ પછી તેમની આ ખામીઓમાં સુધારો થયો અને મિ. હાર્ડીના સહવાસથી બેએક વર્ષમાં તો તેમનું જ્ઞાન યથાસ્થિત બન્યું. જેથી તેમના નિબંધ સાચા ફળદાયી બનતા ગયા. મિ. હાર્ડી કહે છે, 'કેટલીક બીજગણિતની કૂંચીઓમાં તથા અન્ય ગણિતના સિદ્ધાંતોમાં તેની નજર એટલી ઊંડી પહોંચતી કે સૌ સાનંદાશ્ચર્ય પામતા. ખરેખર આ દેશમાં તો તેના જેવો માણસ અમે કદી જોયો નથી. હું પોતે તો તેને યૂલર, જૅકબી કે ન્યૂટન જોડે જ સરખાવું. આંકડાના દાખલા લઇ તેણે જે કોયડા ઉકેલ્યા છે તેવું કામ હાલના ઘણા થોડા ગણિતશાસ્ત્રીઓ કરે છે. તેની યાદદાસ્ત, ધીરજ, આંકડા ગણવાની શક્તિ ને તે ઉપરાંત સામાન્ય સિદ્ધાંત બાંધવાની બુદ્ધિ ચકિત કરી નાખે તેવી હતી. પોતાના જ ક્ષેત્રમાં ઊભવાની તેની નેમ એવી અપૂર્વ હતી કે હજુ લગી તેનો કોઇ હરીફ મેં તો જોયો નથી.'

ગણિતશાસ્ત્રના અધ્યાપકો રામાનુજનના નિબંધો વાંચી મોંમાં આંગળાં નાખી ગયા છે. સાવ મૂળભૂત નવીન જ સિદ્ધાંતો તેણે પ્રતિપાદિત કર્યાં છે. મિ. હાર્ડી લખે છે કે 'એવું કહેવાય છે કે આધુનિક પૃથક્કરણના પાયા નંખાયા તે સમયે જેવી મૂળભૂત નવીન જ સુદૃઢ શોધ થતી તેવી કોઇ શોધ કરવાનું હાલ ઘણું દુષ્કર છે. રામાનુજનના કામની ભવિષ્યમાં શી અસર થશે તથા તેની કેટલી ઉપયોગિતા છે તે બાબતમાં કદાચ મતભેદ હશે, પણ તેમાં જે અદ્ભુતતા તથા ન તોડાય તેવાં મૂળભૂત સત્ય છે તેની તો કોઇ ના પાડી શકે તેમ નથી જ.'

જેનેજેને રામાનુજનના નિકટ પરિચયમાં આવવાનો પ્રસંગ મળ્યો છે તે સૌ કહે છે કે તે જરાયે અભિમાની કે ડોળઘાલુ નહોતા. રૉયલ સોસાએટીના ફેલો તથા કૅમ્બ્રિજની કૉલેજના ફેલો તરીકે શ્રી રામાનુજનની ચૂંટણી થયા પછી ૧૯૧૮ના નવેમ્બરની ૨૬મી તારીખના એક કાગળમાં મિ. હાર્ડી લખે છે 'આ બધું માન મળ્યા પછી પણ તેની સ્વાભાવિક સાદાઇમાં જરાયે ફેરફાર થયો નથી. પોતે મહાન વિજય પ્રાપ્ત કર્યો છે તેનું તેને ભાન કરાવવાની અમને તો જરૂર લાગે છે!'

[અનુસંધાન આગળ પાન ૩૦૩ને છેડે]

સ્મરણયાત્રા

૬][નાગરવેલની વાડી

સાવનૂરમાં અમે દોઢેક મહિનો રહ્યા હોઇશું. એક દિવસ સવારે વહેલો ઊઠીને હું પિતાશ્રી સાથે ફરવા ગયો. ક્યાં જવાનું છે એનો મને જરા યે ખ્યાલ ન હતો. અમે ખૂબ ચાલ્યા. પછી રસ્તો ખેતરોમાંથી ચાલ્યો, અને એકાએક અમે એક સુંદર બગીચામાં દાખલ થયા. જ્યાં જુઓ ત્યાં લીંબુનાં ઝાડ. બધાં ઝાડનાં પાન લીલાં હોય છે, પણ લીંબોઈનાં પાનના રંગની ખુમારી કંઇક ઓર જ હોય છે. સોના પાસે એકલો વર્ણ જ હોય છે, જ્યારે આ પાનમાં વર્ણ સાથે ખુશબો હોય છે. અને લીંબુ પણ કેવડાં મોટાં! નાનપણમાં તો મેં ગોળ લીંબુ જ જોએલાં. અહીંનાં બધાં લીંબુ લંબગોળ. મેં પિતાશ્રીને કહ્યું, 'જુઓ તો પેલું લીંબુ; કેવડું મોટું અને સોનેરી લીલું!' બીજી જ ક્ષણે એ લીંબુ મારા હાથમાં આવી પડયું. વિવેકને ખાતર મેં કહ્યું કે 'તમારા લોકોની મહેનતનું ફળ હું મફત કેમ લઉં?' સાથેના એક માણસે કહ્યું, 'આ વાડી સરકારી છે.' બસ, મારી દાનત બગડી. પછી તો જેટલાં સારાં ફળ દેખાય તે તોડી જ લઉં.

પાસે જ ખેતરમાં દૂધીનો વેલો હતો. વેલાનો માંડવો સારી પેઠે ઊંચો હતો, અને એમાં ત્રણ દૂધી ઉપરથી જમીન સુધી લટકતી હતી. એવી મોટી દૂધી ત્યાર પછી મેં જોઇ નથી. મેં કહ્યું, 'આમાંથી એક અમારે ત્યાં મોકલો. મારી બાને એ બતાવવી છે.' માળી મશ્કરો હતો. એણે કહ્યું, 'તમારે હાથે જ એ તોડી લોને.' એણે મારા હાથમાં દાતરડું આપ્યું. હું મારા પગની આંગળીઓ પર ઊભો થયો. ડાબે હાથે દૂધીનો ટેકો લીધો. પણ દાતરડું ડીંટાને પહોચે જ શાનું? બધા હસવા લાગ્યા. અમે થોડાક આગળ ગયા ત્યાં નાળિયેરીનાં ઝાડ હતાં. એના પરથી કેટલાંક કાચાં નાળિયેર ઊતરાવીને અમે એનું દૂધ પીધું, અને અંદરથી પાતળું માખણ જેવું કોપરું પણ ખાધું.

એક કલાક કરતાં પણ વધારે ફર્યા હઇશું: બધે જ લીલીછમ લીલોતરી. જેમજેમ તડકો વધે તેમતેમ છાયાની મીઠી ટાઢક વધારે આનંદ દે. હું આનંદમાં ફરતો હતો, એવામાં ખૂબ લાંબે સુધી પથરાએલી માંડવા જેવી એક ઝૂંપડી મેં જોઇ. મેં પૂછયું, 'આવી વિચિત્ર અને ઠીંગણી ઝૂંપડી શા માટે બાંધતા હશે? આમાં તો ઢોર પણ સુખેથી રહી ન શકે.' પિતાશ્રીએ કહ્યું, 'બાબા, એ ઝૂંપડી ન હોય. આને નાગરવેલ કહે છે. અંદર જઇને જો એટલે ખાવાનાં કુમળાં પાન દેખાશે. આ પાન તડકો ખમી નથી શકતાં એટલા માટે આવો માંડવો બાંધવો પડે છે.'

હું અંદર જવાને અધીરો થયો. પણ અંદર જવાનું બારણું દેખાય જ નહિ. ખૂબ આગળ ગયા પછી આખરે બારણું આવ્યું. વાછરડાની જેમ હું અંદર ઘૂસ્યો. 'ઓ - હો - હો! કેવું મઝાનું દૃશ્ય! લાંબીલાંબી થાંભલાની હાર; અને દરેક થાંભલાને, બાળક પિતાને બાઝી પડે તેમ વીંટળાએલી નાગરવેલો. અને એનાં ફીકાં લીલાં કુમળાં અણીદાર પાંદડાં! આટલું મનોહર દૃશ્ય કલ્પનામાં પણ આવેલું નહોતું. થાંભલાની હારો વચ્ચે હું ખૂબ દોડયો. મને થયું કે પરીઓની રાણીનો આ મહેલ છે. એકાદ પાંદડું તોડી લઉં કે 'બટ્' જેવો અવાજ થાય. પિતાશ્રીએ મને બૂમ ન પાડી હોત તો મારી મેળે હું બહાર જવાનો જ નહોતો. સાથેના લોકો કહે, 'એટલામાં શું ધરાયા, આપ્પા-સાહેબ? આગળ આથી યે સરસ મઝા જોવાની મળશે.' મેં મનમાં કહ્યું, 'આથી સરસ કશું હોઇ જ ન શકે. મને બહાર કાઢવા અમસ્તા લલચાવે છે.'

પણ મારી ધારણા ખોટી પડી. આગળ એક તરફ પપૈયાંનાં ઝાડ, બીજી તરફ ફોફળ (સોપારી)નાં ઝાડ, અને દરેક ઝાડની આસપાસ નાગરવેલ વીંટળાએલી! સોપારીનાં ઝાડ બહુ પાસેપાસે વાવેલાં હોય તો યે નુકસાન નથી હોતું, અને પાસેંપાસે આવવાથી એની છાયા ગીચ ગાલીચા જેવી પડે છે. અહીંની નાગરવેલ પેલી માંડવાવાળી નાગરવેલ જેટલી કુમળી ન હતી. પાંદડાં જરા મોટાં, પહોળાં અને કાળાશ-પડતાં હતાં. કોકે મને કહ્યું, 'આ નાગરવેલને શિરસી પાન કહે છે. આ પાન બહુ તીખાં હોય છે. જે

લોકો તમાકુ ખાય છે તે જ આવાં પાન પસંદ કરે છે.' આ ઝાડો વચ્ચે દોડવું સહેલું ન હતું, કેમકે ઝાડો વચ્ચેથી કોસનું પાણી દોડતું હતું.

મને કુતૂહલ થયું કે ઝાડ પર સોપારી પાકે ત્યારે કઇ રીતે ઉતારતા હશે? માળીએ કહ્યું, 'હમણાં જ તમને બતાવું.' પણ હવે કુતૂહલને બદલે મારા મનમાં બીક પેઠી. મને થયું કે આ માળી એના પગ વચ્ચે નાગરવેલને ચગદીને ઉપર ચડી જશે. પણ ના. બગીચાને એક છેડે એક વિધુર જેવું સોપારીનું ઝાડ હતું. એના પર એ ચડી ગયો. ટોચે પહોંચ્યો એટલે વાંદરાની જેમ આખું ઝાડ હલાવવા લાગ્યો. સોપારીનું પાતળું ઝાડ મોટામોટા ઝોલા ખાવા લાગ્યું. માળીએ એક ઝોલા સાથે ઝટ દઇને પાસેનું ઝાડ પકડી પાડ્યું અને એને બાઝ્યો. પહેલું ઝાડ હાશ કરીને પાછું ફર્યું. હવે હું સમજી ગયો. એ વાંદરો આ જ રીતે એક ઝાડ પરથી બીજા ઝાડે વળગવાનો અને ગરાસિયાના હુક્કાની પેઠે ઝાડનો આખો દાયરો ફરી વળવાનો. માળીએ લટકતાં લટકતાં એક હાર પૂરી કરી અને સામી બાજુના નાગા ઝાડ પરથી હેઠે ઊતર્યો.

૭] હકીમ સાહેબ

વાડીમાંથી ઘેર આવતાં ખૂબ તડકો થયો. જેમતેમ નહાઇને ખાધું. બપોરે ઘેર આણેલાં નાળિયેર પર ફરી ઝપાટો માર્યો, અને આખો દિવસ નાગરવેલની જ વાતો કરી. પણ બીજે જ દિવસે મને સખત તાવ આવ્યો. સૌને ચિંતા પેઠી. સાવનૂરમાં કોઇ ભારે ડાકટર હતો કે નહિ એની મને ખબર નથી, પણ કારભારીએ ભલામણ કરીને એક પ્રખ્યાત હકીમ મારે માટે મોકલી દીધા. એ હકીમની મૂર્તિ આજે ય દૃષ્ટિ આગળ તાજી છે. એમના કદાવર શરીરને એમનો લાંબો અંગરખો અને ફરફરતી દાઢી બહુ જ શોભતાં. હકીમ સાહેબ પ્રતિષ્ઠિત છતાં પ્રસન્ન દેખાતા. એ અંદર આવ્યા કે સીધા મારી પથારી પર આવીને બેઠા. એમણે નાડી તપાસી, કેટલીક હકીકતો પૂછી અને પછી આડીઅવળી વાતો શરૂ કરી. ભાઇસાહેબની જબાનમાં એવી મિઠાશ હતી કે એ કલાકેક બેઠા તોયે એમને ખબર ન પડી. પછી એમણે દવા આપવાનો વિચાર કર્યો. અંગરખાના લટકતા લાંબા ગજવામાંથી એક શીશી કાઢી. એ એક જ શીશીમાં અનેક જાતની ગોળીઓ હતી. શીશી ડાબી હથેળી પર ઠાલવી હકીમ સાહેબ એકએક ગોળી હાથમાં લઈ વિચાર કરવા લાગ્યા. બે આંગળીમાં ગોળી ફેરવતા જાય અને વિચાર કરે. આખરે નિર્ણય કરી એક ગોળી મારા હાથમાં આપી. પણ હું એ ખાઉં એ પહેલાં એમણે વિચાર ફેરવ્યો અને કહ્યું, 'રહો, આજે આ નહિ. કાલથી આ આપીશ; આજે બીજી આપું.' ફરી આંગળીમાં ગોળીઓ ફરવા લાગી. આખરે એક ગોળીનો નિર્ણય થયો અને તે હું ગળી ગયો. વિલાયતી વૈદક કરતાં આપણું દેશી વૈદક સારૂં. કરી પાળવાની હોય, પણ દવાઓ રુચિકર અને સ્વાદિષ્ટ હોય છે.

બીજે દહાડે એ જ વખતે હકીમ સાહેબ આવ્યા. હું તો એમની રાહ જ જોતો હતો. બારણામાં પેસે ત્યાંથી જ 'કી છોટે મહારાજ?' કરીને તબિયત પૂછે. પથ્યની સૂચનાઓ આપી દે ને ફરી વાતે ચડે. પિતાશ્રીને સંભાષણ કરતાં શ્રવણભક્તિ વધુ પ્રિય હતી. હકીમ સાહેબની હિંદી ભાષા સાવ સહેલી. એમાં કાનડી કરતાં મરાઠી શબ્દો વધારે. એટલે મને એમની વાતોમાં બહુ રસ પડતો. કોક દિવસ કોઇ પ્રખ્યાત ડાકુની વાતો કરે, કોઇ વાર દેશદેશાંતરનો પોતાનો અનુભવ વર્ણવે.

એક દિવસ મેં એમને વાડીમાં જોએલી દૂધીની વાત કરી. હકીમ સાહેબ તરત જ બોલ્યા, 'અરે, એમાં તે તમે શું ભારે જોયું? મેં એક ઠેકાણે એવું જોએલું કે માળીએ દૂધીનો વેલો માંડવા પર ચઢાવવાને બદલે જમીન પર જઈ ફેલાવેલો. એમાં એક દૂધી જેમ વધવા લાગી તેમ એણે એની આગળ જમીનમાં ખીલી મારી. દૂધી સહેજ વાંક લઇને ડાબી બાજુ પર વધવા લાગી. એને સહેજ વધવા દઇને એણે ત્યાં ખીલી મારી; એટલે દૂધી ફરી જમણી બાજુ વળી. આમ દૂધી નાગમોડીના આકારમાં દસ હાથ લાંબી વધી. એ જોવાની મજા ઓર જ હતી.'

બિરબલ બાદશાહની વાતોનો તો હકીમ સાહેબની પાસે પાર જ ન મળે. બિરબલે લટકતા કોળાની આસપાસ એક નાનકડા મોઢાવાળું મોટું માટલું લટકતુ રાખ્યું અને કોળાને માટલાની અંદર વધવા દીધું; માટલું પૂરેપૂરૂં ભરાયું ત્યારે ઉપરનું ડીંટું કાપી એ બાદશાહને ભેટ મોકલ્યું; એવી એવી કેટલી યે વાતો એમની પાસેથી સાંભળી. [અનુસંધાન પૃ ૩૦૨મે]



નરસિંહ મહેતાની ભજનમંડળી



કુંવરબાઇને નરસિંહ મહેતાનું આશ્વાસન

શારદામંદિરના નાટ્યપ્રયોગો

ગુજરાતના મધ્યમ વર્ગની કન્યાઓને વિવિધ સંસ્કારયુક્ત કેળવણી આપનારી સંસ્થાઓમાં શારદામંદિર એક અનોખું સ્થાન મેળવી શક્યું છે. તેનાં પ્રત્યક્ષ પ્રમાણો અનેક પ્રસંગે મળી ચુક્યાં છે. ચાલુ લડતમાં એ સંસ્થાની બાલિકાઓએ જુસ્સો, તાલીમ અને દેશભક્તિનાં સચોટ દૃષ્ટાંત આપ્યાં છે. આ સંસ્થામાં સ્વનિયમન અને સ્વાશ્રયના પાઠો મળે એવા હેતુથી અનેક પ્રયોગો કરવામાં આવે છે તે પૈકી ત્યાંના નાટ્યપ્રયોગો આગળ પડી આવે છે. એ જોનારને સહજ સ્પષ્ટ થાય કે વિદ્યાર્થીનાં વાચન, અભ્યાસ અને ચારિત્ર્યનું પ્રતિબિંબ, પ્રયોગોની યોજના અભિનય અને વ્યવસ્થામાં અચૂક રીતે વ્યક્ત થાય છે.

થોડા જ વખત પહેલાં તેમણે સંસ્થાના અંગભૂત મિત્રો અને વિદ્યાર્થીઓના વાલીઓ સમક્ષ એક નાનો મેળાવડો કરી જે નાટ્યપ્રયોગો કર્યા હતા તેનાં અહીં થોડાં ચિત્રો આપ્યાં છે. એ બધામાં કન્યાઓએ વીરતા, ગરીમી, વિનોદ વગેરે પ્રસંગોમાં ભાવોનું ઔચિત્ય અને અભિનયનું લાલિત્ય બતાવી તેમની કલાભાવના બહુ સુંદરરીતે રજુ કરી હતી.

નરસિંહ મહેતાનું મામેરૂં આખું યે પ્રેમાનંદની જ વાણીમાં પ્રસંગાનુસાર કડીઓ ચૂંટી લઇને વિવિધ પ્રવેશોમાં ભજવાયું ત્યારે અનેકને એ જ કડીઓમાં રહેલા માધુર્ય અને ભાવોનો પહેલી જ વાર સાક્ષાત પરિચય થયો હશે. કુંવરબાઇ અને મહેતાજીનો—પિતાપુત્રી—નો મેળાપ, ગરીબ પિતાની કંગાળ હાલત પર કુંવરબાઈનું રુદન વગેરે પ્રસંગોમાં લાગણીનો આવેગ પૂરેપૂરો જામ્યો હતો. 'સોરઠી વીરાંગનાઓ'માંથી રજપૂતાણીની કથા નાટ્યરૂપમાં એવા સરસ અભિનયથી ઉતારાઇ હતી કે એના લેખકને નવી જ હર્ષોર્મિઓ થાય. નવલિકા સંગ્રહમાંથી 'મોટી ઉધરસ' ભજવનારાં પાત્રોએ ગૃહસ્થાશ્રમની મધુર મૂંઝવણભર્યો સંવાદ તાદૃશ્ય છટામાં ઉતાર્યો હતો. ચંદ્રશંકર ભટ્ટના 'ચાર બાલ સંવાદો'માં કર્ણ અને પરશુરામનાં પાત્રોએ પૌરાણીક શિષ્ટાચાર અને જુસ્સો સૂચક રૂપે ઉતાર્યાં હતાં. કોઇ પણ કુમાર સંસ્થામાં પોતાના કામમાં આટલી એકરૂપતા ને તન્મયતા ભાગ્યે જ જોવામાં આવે છે. પ્રભુ જાણે, આજે શક્તિ દ્વારા ભારતનો ઉદ્ધાર થવાનો હશે!

ર. મ. શ.





'સોરઠી વીરાંગનાઓ'માંથી 'રજપૂતાણી'ના કથાનકનાં બે દૃશ્ય

દરિયાનો દાનવ

અનુસંધાન પૃ. ૨૮૮થી

આવે વખતે વહાણની ઝડપ ઘણી વધી જાય છે, એટલે મારા વડા માલમ લોઇદમાનને મેં સુકાન પર મોકલ્યો.

બીજો કોઠો તો આમ વટાવી ગયા. પણ સૌથી ભયંકર ત્રીજો કોઠો હતો. એ વખતે અમારી પ્રખ્યાત સબમરીન ડૉઇશલાન્દ એ તરફ હતી. કોઠો સાચવવાને ફરતી બધી મહારથી મનવારો એની પૂંઠે લાગી હતી, એટલે લાકડાં ભરીને જતા નિર્દોષ નૉર્વેજિયન વહાણ વિષે કોઇને ખાસ તકલિફ લેવાનું સૂઝયું જ નહિ. આ સિવાય હું ન જ બચી શકત એમ મને લાગે છે. આમ ત્રીજો કોઠો વટાવી, સ્કૉટલૅન્ડની ઉત્તરેથી અમે આટ્લાંટિકમાં પ્રવેશ કર્યો.

હવે અમે રોજ અમારી પરીક્ષા કરવા મંડયા. સવારના એક અફસર બ્રિટિશ બનીને આવે. અમને અટપટા સવાલો પૂછે. દરેક જણ ગોખી રાખેલા પાઠ પ્રમાણે જવાબ આપે અને પોતાનો પાઠ પાકો કરે. આ સ્થળે અમને સખત તોફાન નડયું. એ તોફાન એક રીતે અમને આશીર્વાદ રૂપ થયું, કારણકે ત્રીજા કોઠાની છેક છેલ્લી રાંગમાંથી અમે વિના પકડાયે બહાર પડયા તે એના જ ઓઠા હેઠળ. પણ તોફાન એવું તો સખત હતું કે કોઇ પણ બીજું વહાણ એમાં બહાર પડવાની હિંમત કરે એ ન બનવાજોગ હતું. પરંતુ અમારે તો બ્રિટિશની તોપથી બચવું હતું.

૫

ડિસેમ્બરની ૨૫મી આવી પહોંચી. સૌનાં હૈયાંમાં નાતાલની પ્રફુલ્લતા હતી. થોડા દિવસ એમ ગયા. આખરે એક ઘેરી સવારે ડોલ (Mast) પરની ખાટલી (Crow's Nest) પર ઊભેલા પહેરેદારે (Lookout-man) બૂમ મારી: 'સ્ટીમર હો.. ઓ.. ઓ....!'

એકદમ હું સાવધાન થઈ ગયો. દૂર દેખાતા ધુમાડાના ધાબા તરફ દૂરબીન માંડી. થોડી વારે મારી ખાતરી થઈ કે ધાબું અકલિત ઝડપથી અમારા તરફ આવતું હતું. કોઇ પણ વેપારી સ્ટીમરમાં આવી ઝડપ સંભવિત નહતી. મેં એક પછી એક હુકમો આપવા માંડયા: 'ધામણ ઢીલ (Slack the Sails), હાંજા આરિયા (Lower the Halyards), મોરો ઢીલ (Slack the Jib), કાતરિયા, ટોંક આરિયા...'

આ બધો વખત મારી નજર તો દૂરબીનમાં જ હતી. ઓચિંતું વાદળ ખસ્યું અને સૂર્યના પ્રકાશમાં મારી નજર એ સ્ટીમર ઉપર થંભી ગઈ! એના ઉપર ઊડતા વાવટાઓમાં સ્પષ્ટ અને કડક હુકમ ફરફરતો હતો: 'ખડે રહો–નહિ તો તોપથી ઉડાડી મેલીશું!'

'ઘોસ ચિકાર (Hard Down)–સુકાન દાઉ કરો (Port the Helm), દાઉ ચિકાર (Hard a-port), લોલી આરિયા—આસ્તે (Drop the anchor slow), જડતી—હોશિયાર! (Stand by for Search).'

હવે દૂરબીનની જરૂર ન હતી. એક ફાંકડી અંગ્રેજ મનવાર અમારા તરફ કલાકના ત્રીસને આશરે નૉટ (દરિયાઇ માઇલ)ની ઝડપથી ધસી આવતી હતી. અમારી કસોટીનો વખત નજદીક હતો. ફરીથી અમે તુતક પલાળી નાખ્યો. ચારે તરફ જોઇ મેં ખાતરી કરી લીધી કે કોઇ પણ ચીજ મને ફસાવી ન દે. નીચે રાખેલાં બે મોટર એન્જિનના તેલની વાસ ચાડી ખાતી હતી. તરત જ બધે ઘાસલેટની બત્તીઓની વાટ ઊંચી ચડાવી દેવા કહ્યું. થોડી વારે ઘાસલેટના ધુમાડાથી બધી કૅબિનો ભરાઇ ગઇ; ક્રૂડ ઑઇલની વાસ ઘાસલેટની વાસમાં સમાઇ ગઈ!

નૉર્વેજિયન કૅપ્ટનો ઘણીવાર પોતાની પત્નીને સફરે લઈ જાય છે. મારી પણ પત્ની સાથે હોય તો મારો વેષ સંપૂર્ણ બને ખરો. શ્મિડટ્ નામનો એક દેખાવડો છોકરો ઇજનેરી ખાતામાં હતો. તેને સ્ત્રીનો સુંદર વેષ પહેરાવ્યો, ને દાંત દુખતો હોય તેમ મોંએ પાટો બંધાવી કૅબિનમાં સુવાડી દીધો. વહાણ પર સ્ત્રીની હાજરી એ અમારી બિનલડાયક કારકીર્દિનો સાબૂત પૂરાવો લેખાય.

બ્રિટિશ મનવાર પાસે આવી. અમારી ચોમેરનો દરિયો એના પંખાએ ધમધમાવી મૂકયો. જડતી લેવા એનો અમલદાર અમારા તુતક પર આવ્યો ને જરાક સ્મિત કરી અમને નાતાલની મુબારકબાદી ઇચ્છી.

'નાતાલ મુબારક, સાહેબ.' મેં ભાંગીતૂટી અંગ્રેજીમાં કહ્યું: 'પણ અમારી મુબારક સ્થિતિ પૂરેપૂરી જોવી હોય તો નીચે આવી જુઓ. અમારૂં વહાણ બચવા પામ્યું તેનું કારણ કેવળ ખુદાની મહેરબાની જ છે!' મેં એને મારી કૅબિન તરફ લઇ જતાં કહ્યું. એ આસપાસ તીણી નજર ફેરવ્યા કરતો હતો.

'તમને તોફાનની અસર ભારે થઇ છે ખરી. અમે તો ટાપુઓ પછવાડે જઇ ઊભા રહ્યા એટલે બચી

ગયા. વારુ, પણ મારે તમારાં કાગળિયાં જોવાનાં છે.' તેણે શંકાથી કહ્યું.

'હા સાહેબ, કાગળ મારી કૅબિનમાં જ છે. એ કાગળિયાંના હાલ જોશો ત્યારે જ તમને ખ્યાલ આવશે કે અમે કેવા તોફાનમાંથી પસાર થયા છીએ!'

કૅબિનમાં દાખલ થતાં જ બ્રિટિશ અમલદારે મારી સ્ત્રીને (?) જોઇ અને તેની કરડાકી ઓસરી ગઇ.

'માફ કરજો બાનુ! પણ મારે મારી ફરજ બજાવવી જોઇએ'—અને મારી લૉગબુકનાં પાનાં ચીવટથી ઊખેડી એ વાંચવા લાગ્યો.

'તમે કોપનહૅગનમાં સાડા ત્રણ અઠવાડિયાં કેમ પડી રહ્યા?'

હવે હું મુંઝાયો. શું કહેવું? પણ એટલામાં લોઇદમાનનો અવાજ સંભળાયો. માત્ર હાજરજવાબીથી જ જો લડાઇ જીતી શકાય તો લોઇદમાન એકલે હાથે જીતી આવે ખરો! 'સાહેબ, આપે નથી સાંભળ્યું શું?' તેણે ઠંડે કલેજે બ્રિટિશરને પૂછ્યું.

'શું સાંભળવાનું છે?' પેલો એકદમ સાવધાન બની ગયો.

'જર્મન જહાજ 'મોવે' આ બાજુ ફરે છે, અને અપક્ષપાતી વહાણોને પણ સતાવે છે?'

'મોવે આટલામાં નથી; અને એટલા ખાતર તમે કોપનહૅગનમાં પડી રહ્યા તેમાં તમે સજ્જડ થાપ ખાધી. વારુ કૅપ્ટન, તમારા કાગળ બરાબર છે.'

એટલું કહી તેણે કાગળ પાસ કર્યા ખાતર એના પર સહી કરી, અને માદામ જોસેફીના નદર્સન (મારી બનાવટી સ્ત્રી) તરફ નમન કરી એ ઊભો થયો. એ નમનનો પેલા બદમાશ શ્મિટ્ટે એવો તો લટકાથી જવાબ આપ્યો કે એટલા માટે એનો એક ટંકનો બીઅર મારે રદ કરવો પડ્યો!

બ્રિટિશ ઑફિસરને રવાનગી આપવા લોઇદમાને ગ્રામોફોન ઉપર 'ઇટ્'સ આ લૉંગ લૉંગ વે ટુ ટિપરૅરી' વગાડ્યું. થોડી વારે તે એની સાથે સીસોટી વગાડવા લાગ્યો અને રવાના થયો.

૬

'ચાલો જવાનો, હવે નાતાલ ઊજવીએ.'

અમે સાગવાન બધાં પાણીમાં ફેંકી દીધાં, તુતક સાફ કર્યું, બધો વેષ કાઢી નાખ્યો અને મરવા કે મારવા તૈયાર થઇ ગયા. મોટા ડોલ ઉપર ખાટલીમાં સતત પહેરો બેસાડ્યો. ક્યાંયથી પણ વહાણ કે સ્ટીમર દેખાય કે તરત જ બધાને ખબરદાર રહેવા તાકીદ કરી દીધી. જે પહેરેદાર સૌ પહેલાં સ્ટીમર નજર કરે તેને દસ પાઉન્ડ રોકડા અને શૅમ્પેન (દારૂ)ની એક બાટલી ઇનામ ઠેરવ્યું. નવમી જાન્યુઆરી સુધી અમને કંઇ હાથ ન લાગ્યું. આ અરસામાં અમે લગભગ જિબ્રાલ્ટર સુધી આવી પહોંચ્યા હતા. ૧૯૧૭ના જાન્યુઆરીનું પહેલું પખવાડિયું વીતતું જતું.

'સ્ટીમર હોઓઓઓ...!' ડોલ પરથી પહેરેદારોની સામટી વધામણી મળી. દૂરબીન લઇ હું ખડો થઈ ગયો.

અમારી ખબા ભેરફૂ (Starboard Side પર) એક સ્ટીમર ધીમેધીમે વધી આવતી હતી. ટૂંકડે આવતાં જ મેં નિશાન ચડાવ્યું: 'કૃપા કરી ક્રોનોમિટરનો વખત કહેશોજી?' બંદરથી દૂરદૂર ઘૂમતાં પવનના ઘોડા જેવાં વહાણો પાસે જવલ્લે જ ક્રોનોમિટર દુરસ્ત રહે, એટલે આવો સવાલ સ્ટીમરોને અનેક વાર પૂછવામાં આવે છે. જવાબમાં સ્ટીમર સી આડલરની ભેરફૂમાં ઢળી પડી.

'શાબાશ જવાનો! તુતક સફા! ગોલંદાઝ—ખબરદાર!'

સ્ટીમર ઉપર આજુબાજુથી ફરતા અમલદારો દૂરબીનથી અવારનવાર અમારી તરફ જોતા હતા. તેઓની અજાયબી વચ્ચે વચલા ડોલ ઉપરથી આસ્તે આસ્તે નૉર્વેજિયન વાવટો નીચે સરવા લાગ્યો. તે જ વખતે જર્મનીનો ઝંડો ઊંચે ચડવા લાગ્યો. અને એક ક્ષણ તેઓ સ્તબ્ધ ઊભા, બીજી જ ક્ષણે મારા એન્જિનરૂમ ટેલિગ્રાફનો અવાજ આવ્યો: ધરરૂન—ધરનન!

'ફુલ સ્ટીમ, ઍસ્ટર્ન—પૂર જોશથી વાંઢાર ઘટાવ!' પેલી સ્ટીમરે પાછલે પગે હટવા માંડ્યું.

'વાંધા ચિકાર! (Hard aport); ગોલંદાઝ—બાર!'

સી આડલર ઘૂમવા માંડ્યું અને સોંત લઇ અમારી નાનકડી તોપમાંથી ગોળો છૂટ્યો, જે સ્ટીમરના આગલા તુતક પરથી સફા નીકળી ગયો. સ્ટીમર હજુ રવમાં નો'તી આવી. સી આડલરે ફરીથી બાર કર્યો. સ્ટીમરના વચલા તુતક પરની કપ્પીનાં મૂળમાં એ ગોળો વાગ્યો. હવે સ્ટીમર પર ગરબડાટ થઇ રહ્યો. ચોપાસ ખલાસી-

એ દોડવા લાગ્યા. નછૂટકે કૅપ્ટનને સર થવું પડ્યું. 'ધરૂર્‌ન–ધરન્‌ન' ઍન્જિનરૂમ ટેલિગ્રાફે કહ્યું, 'સ્ટૉપ —ખામોશ'

સ્ટીમશિપ ગ્લૅડિસ રૉયલના કપ્તાન અને ખલાસીઓ સી આડલરના પહેલા મહેમાન બન્યા. મારા મજલા માલમ (Secoud Mate)ને મેં સ્ટીમર પર મોકલ્યો. એ સ્ટીમરનાં કાગળિયાં લઇ આવ્યો અને સ્ટીમરના ભંડારમાં એક બૉમ્બની લાંબી જામગરી સળગાવી મૂકતો આવ્યો.

સી આડલર પોતાના મહેમાનોની સરભરા કરતું આગળ વધ્યું. થોડી વારે અમારી વાંઢારેથી ધડાકો આવ્યો. દૂરથી અમે સ્ટીમશિપ ગ્લૅડિસ રૉયલને હવામાં ઊછળતી ને પછી દરિયાની સપાટી તળે ગરક થતી જોઇ.

ગ્લૅડિસ રૉયલના કૅપ્ટન ચોબને અમારી સોબતમાં બહુ એકલવાયું ન લાગ્યું. તે જ સાંજે અમે બીજો શિકાર હાથ કર્યો તે 'સ્ટીમશિપ લુન્ડી આયર્લૅન્ડ!'

૭

'**શાર્લ** ગૂનો' એક ખૂબસૂરત ફ્રેન્ચ ફતેહમારી હતી. આવા વહાણનાં સઢને હવામાં ચિકાર થતા જોવા એ દરિયાનાં મનોહર દશ્યોમાંનું એક છે. દરિયાનાં સાચાં સંતાનોની નજરમાં સ્ટીમર નિર્જીવ ડબ્બા જેવી દેખાય છે, જ્યારે વહાણ તો સજીવ પક્ષી હોય એવું લાગે છે. વહાણમાં આત્મા હોય એમ એનો વર્તાવ હોય છે. કુદરતના બળ સાથે પ્રતિ ક્ષણે વહાણનાં અંગ પ્રત્યંગમાં ફેરફાર થાય છે. પાણીની નાનામાં નાની છોળથી વહાણના બદનમાં થરથરાટ અનુભવાય છે. ભયંકર મોજાં સામે લડતાં એના પ્રચંડ સ્નાયુઓ તંગ થતા અનુભવાય છે. હવાના શ્વાસોચ્છ્‌વાસ સાથે વહાણના સઢ, ફેફસાં પેઠે સજીવ ને સૂક્ષ્મ રીતે ભરાય છે ને ઠલવાય છે.

પાંખો ફડફડાવતા રાજહંસ પેરે શાર્લ ગૂનો અમારા તરફ આવવા લાગ્યું. મારી આંખો એની અદબ ને છટા ધરાઈધરાઇને જોવા લાગી. દુશ્મનોને જેર કરવા નીકળ્યો હતો એ વાત પણ હું ભૂલી ગયો. એ છેક પાસે આવી લાગ્યું ત્યારે મને મારો કપરો ધર્મ સાંભર્યો! અમારા નૉર્વેજિયન વાવટાને સલામી આપવા શાર્લ ગૂનોએ સભ્યતાથી પોતાનું નિશાન જરા આરિયા કર્યું ને અમને સવાલ પૂછ્યો, 'લડાઇના શા ખબર?'

દિલની લાગણીઓની વિરુદ્ધ કંઇ પણ કરવાનું હોય ત્યારે તે તાબડતોબ કરી નાખવું જોઇએ. મેં કરડાકીથી જવાબ આપ્યો, 'ખડે રહો!'—અને અમારા ડોલ ઉપર જર્મન વાવટો ફરકવા લાગ્યો, પહેલાં તો એ ફ્રેન્ચ નાવિક પોતાની નજરને ખોટી માનતો હોય તેમ દૂરબીનથી ધારીધારી અમારા નિશાન તરફ જોવા લાગ્યો.

'ગોલંદાજ, ખબરદાર!' સી આડલરના તુતક પરની તોપે પોતાના ચહેરા ઉપરથી બુરખો ખસેડી નાખ્યો. બીજી જ ક્ષણે શાર્લ ગૂનોનું લંગર ધીમેધીમે પાણીમાં સરવા લાગ્યું.

નાનકડા મછવામાં, હલેસાં મારતા ફ્રેન્ચ ખલાસીઓ સી આડલર પર આવવા નીકળ્યા. વચમાં બેઠેલો ફ્રેન્ચ નાખુદા જાણે પૂતળું હોય તેમ નિશ્ચેષ્ટ બેઠો હતો. એની આંખો જાણે ક્ષિતિજની પેલે પાર જોવા મથતી હતી; પણ ખરેખર તો એને બધે શૂન્યકાર વ્યાપી રહ્યો હતો!

ફ્રેન્ચ નાવિક પોતાના વહાણનો વિયોગ સહન નથી કરી શકતો. એ પ્રજાને જેટલી માતૃભૂમિ પ્રત્યે મમતા હોય છે તેટલી જ ફ્રેન્ચ નાવિકને પોતાનાં વહાણો પ્રત્યે મમતા હોય છે. ભૂખે ન મરે ત્યાં સુધી એ પરદેશી વહાણોમાં ચડતો નથી. બીજા દેશનાં વહાણો જુઓ તો એમાં દરેક પ્રજાનો ખીચડો નજરે પડશે. ચિતાગોંગથી મલાક્કા અને સેનેગાલ તથા જમેકા ને હલથી હૅલ્ઝંગફોર, સુધીનાં માણસો બીજાં વહાણોમાં ચડે છે; પણ ફ્રેન્ચ નાવિક તો ફ્રેન્ચ વાવટા નીચે જ ચડે; અને ફ્રેન્ચ વહાણો પર ફ્રેન્ચ નાવિકને જ ચડાવે.

સી આડલરના તુતક પર પગ મૂકતાં શાર્લ ગૂનોના કપ્તાને મને લડાયક અદાથી સલામ કરી, પણ એના વહાલા વહાણને ડુબાડનાર તરફ એ કદી પણ ક્ષમા ન દર્શાવી શકે એવો ભાવ એમાં સ્પષ્ટ હતો.

ગંભારિયામાં મૂકેલા બૉમ્બનો ધડાકો થયો અને ઘવાએલા હંસ પેઠે શાલ ગૂનો ઢળી પડ્યું. એનો ફણાદંડ પાણીમાં પ્રથમ ડૂબ્યો. આસ્તેઆસ્તે ડોલ અને પરમાણો ગરક થવા માંડ્યાં. સપાટી પર તરતા સઢ અસહાય તરફડતા પક્ષીરાજની પાંખો જેવા લાગતા હતા. છેવટે વચલા ડોલની શિખા બહાર રહી. એના ઉપર ફ્રાન્સનો ત્રિરંગી ધ્વજ ફરફરતો હતો. સી આડલરના તુતક ઉપર ફ્રેન્ચ નાખુદો કવાયતી સલામ

કરી ઊભો હતો. એની આંખો પોતાની માતૃભૂમિની ધજા ઉપર ચોંટી ગઈ હતી. વાવટો અદૃશ્ય થતાં એણે સ્થિર અવાજે ઘોષ કર્યો: 'વિવ લા ફ્રાંસ' (અમર રહો માતા ફ્રાન્સ!) એની આંખોમાં ઝળઝળિયાં હતાં. સી આડલરના ગંભારિયામાંથી ઊંડો ઘોષ સંભળાયો: 'અમર રહો માતા ફ્રાંસ!' અમારી આંખો પણ સૂકી ન હતી!

મને દુઃખ થવાનું કારણ બીજું હતું. રાજહંસ જેવા આ વહાણોને ડુબાડવાં ન જોઇએ. અસ્ત થએલા સુવર્ણ યુગના અવશેષ જેવાં એ રહ્યાં છે. સાગર પરનાં સાહસો એ સતજુગ સાથે નષ્ટ થયાં લાગે છે. આ વાત તમને ન યે સમજાય. ધામણ ખેંચાખેંચી જેની હાથેલી શીંગડાં જેવી કઠણ બની ગઇ હોય એવા ખારવાને પૂછી જુઓ; એ તમને સમજાવી શકશે.

સ્ટીમર? બેલાશક. તોપોનાં મોં ખુલ્લાં કરો! બૉમ્બની જામગરી સળગાવી મૂકો! બાર પર બાર કરો! સ્ટીમરોને હવામાં ફુરચેફુરચા થતી જોઇ મેં અનેકવાર અટ્ટહાસ્ય કર્યું છે. પણ વહાણ? નહિ! વહાણને હું ડૂબતું જોઇ ન શકું. અફસોસ કે સી આડલરની કારકીર્દિ દરમિયાન મેં અનેક વહાણોનો નાશ કર્યો છે!

૮

સી આડલરનું કામ બહુ કુનેહથી થતું. અમારાં સાધનો કંઈ જ ન હતાં. છતાં કોઇવાર ખૂબ ઢોંગ ભજવવા પડતા. એવો એક કિસ્સો બ્રિટિશ સ્ટીમર હૉર્નગાર્થ વિષે બન્યો. એ સ્ટીમર લૉઇડના રજિસ્ટરમાં ૯૮૦૦ ટનની લખેલી છે. અમને એ મળી ત્યારે એ બ્રૅન્ડી અને શૅમ્પેન ભરીને જતી હતી. સી આડલર માટે એ સુદિન હતો. મારા મહેમાનોમાં કુડીબંધ અમલદારો હતા. એમનાં પીણા માટે જે બાદશાહી ગોઠવણ હું કરી શક્યો તેનું કારણ આ હૉર્નગાર્થ. એના ઉપર હથિયારો હતાં, તેમજ લાંબી પહોંચનો વાયરલેસ પણ હતો. છતાં અમારે તો એનો શિકાર કરવો જ હતો. એ દૂરથી જ ચાલી જવા માંડતી હતી, ત્યાં અમે નિશાન ફરકાવ્યું: 'ક્રોનોમિટરનો વખત જરા જણાવશોજી? મોટી મહેરબાની!'

હૉર્નગાર્થનો કૅપ્ટન પાકો 'જૉન બુલ' હતો. એ કંઈ રસ્તે રખડતાં નૉર્વેજિયન વહાણો માટે તકલિફ ઉઠાવે એવો ન હતો. હૉર્નગાર્થે અમારી વિનંતિ ઉપર નિગાહ જ ન કરી. આવા ભિખારડા પવનના કોથળાઓ એક કાંડાઘડિયાળ શાંમાટે નહિ ખરીદતા હોય?' હૉર્નગાર્થના કપ્તાને કહ્યું હશે!

સ્ટીમરની પૂંઠે જવું અમારા માટે અશક્ય હતું. સ્ટીમર જાતે પાસે આવીને પોતે ડૂબી જવાની સગવડ કરી આપે તો જ બને. હવે મેં મારા વેષ એક પછી એક કાઢવા માંડ્યા.

અમારી પાસે ધુમાડા કાઢવાનું એક પીપ હતું. એમાં જાતજાતનો મસાલો તૈયાર ભરેલો હતો. મારા હુકમથી એ સળગાવવામાં આવ્યો, અને થોડીવારમાં તો મારા તુતકપરથી ધુમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા. એની પડખે એક વાસણમાં મૅગ્નેશિયમ સળગાવ્યું. હવે ધુમાડા વચ્ચે ભડકાઓ દેખાવા લાગ્યા. મારા ડોલ ઉપર ભયની નિશાનીઓ ફરકાવી દીધી!

હૉર્નગાર્થમાં સભ્યતા ન હતી, પણ માણસાઇ હતી. તેણે તરત અમારા તરફ મોરો ફેરવ્યો અને આગથી બળી મરતા બાપડા નૉર્વેજિયનની મદદે આવી પહોંચ્યો!

મારા ત્રીસ બરકંદાઝો કઠેડા પાછળ છુપાઇ બેઠા. શ્મિટ્ટ, મારી ધર્મપત્ની બની તુતક ઉપર પ્રાર્થના કરતા ગુંઠણમંડિયે પડ્યો. સૌથી બુલંદ અવાજ વાળા ત્રણ ખલાસીને ડોલ પર ચડાવ્યા અને તેઓ મૅગ્ફોન (અવાજ મોટો કરવાનાં સાધન)માંથી આસમાન ગજાવવા લાગ્યા. હું સુકાની-તુતક (Bridge) ઉપર ઊભો ઊભો હૉર્નગાર્થને તપાસવા લાગ્યો. એની તોપનાં જડબાંની પહોળાઇ પાંચ ઇંચની હતી. એ ધારે તો એક જ ધડાકે અમને ઉડાડી મૂકે. એની સાથે કામ લેતાં જરા ખબરદાર રહેવાનું હતું.

દરમ્યાન હૉર્નગાર્થનો કૅપ્ટન સુકાની-તુતક પર ઊભોઊભો બારીકીથી અમારું નિરીક્ષણ કરતો હતો. તે બહુ જ કદાવર ને અતિશય જાડો હતો. તેનો અવાજ વાદળાંની ગર્જનાની ઉપરવટ સંભળાય એવો હતો. અમારી નજીક આવતાં એણે મોંએ મૅગ્ફોન મૂકી ત્રાડ મારી: 'બા જહન્નમ; તમને શું થયું છે?'

અમે ધુમાડો કમ કરવા માંડ્યો. જ્વાળાઓ ઓછી થતી ગઇ. આસ્તે આસ્તે આગ કાબૂમાં આવવા માંડી હોય તેમ દેખાવ કર્યો. અમારી મધુરી જૅસૅફીના, રૂમાલ ઉડાડી, હૉર્નગાર્થના અમલદારોનો ઉપકાર માનવા લાગી. કપ્તાનની વહુના વર્તન વિષે શ્મિટ્ટના ખ્યાલો

બહુ અપૂર્વ હતા એમ દેખાઇ આવતું હતું!

'લોઇદમાન, એનો વાયરલેસ જોયો?' મેં મારા વડા માલમને કહ્યું.

'એ તોડી નાખવો જોઇએ, સાહેબ. અને પેલી તોપ પાસે કોઇને ન જવા દેવા એમાં જ આપણી સલામતી છે' લોઇદમાને કહ્યું. તોપ તરફ પગલું માંડનાર દરેકને વીંધી નાખવાનો સદર હુકમ બરકંદાઝોને આપવા લોઇદમાન સુકાની-તુતક ની નીચે ઊતર્યો.

'તુતક સફા! ગોલંદાઝ હોશિયાર!' મારો હુકમ છૂટયો. જર્મન ઝંડો સડસડાટ વચલે થંભે ફરકી રહ્યો.

'ગોલંદાઝ! ખબરદાર–બાર!' અને ધડાકા સમેત હૉર્નગાર્થના વાયરલેસની કોટડીમાં મોટાં બાંકોરાં પડ્યાં.

આ વખતે જ બરોબર અમારો બીજો ઢોંગ અમે અમલમાં મૂક્યો. એક જૂના બંબામાં અમે કાચો દારૂ અને બીજો મસાલો ભરી રાખ્યો હતો. અવાજ કરવા સિવાય એમાં બીજો કશો ફાયદો ન હતો. આને અમે અમારી હૉવિટ્ઝર કહેતા. લોઇદમાને વાયરલેસ પડતો જોયો, સ્ટીમર પરના ખલાસીઓની દોડધામ જોઈ અને એના ત્રીસ બરકંદાઝોએ સ્ટીમર પરની તોપની આસપાસ ગોળીઓ વર્ષાવવા માંડી. લોઇદમાને સળગતી સિગારેટ પેલી અમારી 'હૉવિટ્ઝર'માં ચાંપી અને બીજી જ ક્ષણે કયામતને દિવસે આસમાન તૂટે એવડો ધડાકો થયો!

સ્ટીમરના ખલાસીઓ ગભરાટમાં આમતેમ દોડવા લાગ્યા. કૅપ્ટને પહેલો મનસુબો નાસી છૂટવાનો કર્યો.

'ઘરર્‌ન–ઘરનન્' 'ઘરર્‌ન–ઘરનન્' એના એન્જિનરૂમનો ટેલિગ્રાફ વાગવા માંડ્યો. પણ ઇજનેરો, આગવાળાઓ બધા અમારી આગ જોવા તુતક ઉપર આવ્યા હતા અને ગભરાટમાં આમતેમ દોડતા હતા. સ્ટીમર ચાલી નહિ. પણ કૅપ્ટન હાર કબૂલે તેવો ન હતો.

'તુતક સફા—ગોલંદાઝ ખબરદાર!' તેનો બીજો અવાજ સંભળાયો. એના ખલાસીઓ અચકાવા લાગ્યા. પણ જૉન બુલે પોતાના હાથમાં બે પિસ્તોલો ધરી ખલાસીઓને પોતપોતાને સ્થળે ગોઠવાઇ જવા ત્રાડ મારી.

'ખામોશ, નહિ તો હું તને ડુબાડી દઇશ.' મેં મૅગેફોનમાં કહ્યું, અને મારા ડોલ ઉપર ઊભેલા ત્રણ ખારવાઓએ એ જ શબ્દો ખૂબ જોરથી હૉર્નગાર્થને પહોંચાડ્યા. એના ખલાસીઓ વળી ગભરાટમાં પડ્યા. ઘણુંખરા મછવાઓ (લાઇફ બોટ) છોડવા મંડી પડ્યા. પણ જૉન બુલનો અવાજ ફરી ગાજ્યો: 'ગોલંદાજો મોરચો માંડો! ખબરદાર! પીછે હઠ કરનારો જીવતો નહિ રહે. . . .'

એના અવાજથી તુતક સફા થવા લાગ્યો. ગોલંદાઝો તોપ તરફ વધવા લાગ્યા. લોઈદમાનના ત્રીસ બરકંદાઝો ગોળીઓ વરસવવા લાગ્યા. અમે પણ હવે છેલ્લે પાટલે બેઠા. આજ સુધી એક પણ જીવની હાનિ નહોતી થઇ. પણ હવે મામલલો જીવસટોસટનો હતો. મેં મારો છેલ્લો દાવ અજમાવ્યો અને અવાજ આપ્યો. ડોલ પરથી ત્રણ ત્રાડ પડી. એના શબ્દો દરિયાને પેલે પાર પહોંચી ગયા. . 'ટૉ . . ર . પિ . . . ડો . . . . .ખબર . દા . . . ર!'

અલબત્ત, અમારી પાસે ટૉરપિડો હતી જ નહિ!

સ્ટીમર પર ક્ષણભર સોપો પડી ગયો. એ ભયંકર શબ્દ, ટૉરપિડો!

'નહિ નહિ, ટૉરપિડો નહિ.' હૉર્નગાર્થના ખલાસીઓએ બૂમ મારી. સફેદ રૂમાલો, બાંડિયાંઓ, ટુવાલો આજીજી કરતાં હવામાં ફરકી રહ્યાં.

જૉન બુલ હાર્યો. લડાઇ દરમ્યાન ટૉરપિડોનો ભય મૃત્યુ કરતાં યે વધુ હતો. એ ખુરશી પર પછડાઈ બેઠો. એના વિશાળ ચહેરા પરથી એ પરસેવો લૂછતો હતો.

કેટલીક વારે સી આડલરના તુતક ઉપર એ ચડ્યો ત્યારે ચોતરફ ઝીણી નજરે જોવા લાગ્યો. એ અમારી 'હૉવિટ્ઝર' પાસે ગયો. લોઇદમાન એમાં ફરી દારૂ અને પોટાશ ભરાવતો હતો.

'કૅપ્ટન, આ બંબાએ જ પેલો જહન્નમ ફાડી નાખનારો ઘોંઘાટ કર્યો હતો કે?'

'અલબત્ત, અમારી પાસે ફટાકડા સિવાય બીજાં હથિયારો જ નથી.'

'અને ટૉરપિડો?' એ પણ ફટાકડા જ કે?'

'ખચિત' મેં ઉકમાઇથી કહ્યું.

'યા ખુદા! કૅપ્ટન, આ વાત તમારા રીપોર્ટમાં ન લખતા; નહિતો મારી મૂર્ખાઇ પર સાત સાગરના વહાણવટીઓ હસતાં નહિ પરવારે!' અને એ બ્રિટિશરે એક જબરદસ્ત અટ્ટહાસ્ય કર્યું. મારી ખાતરી છે કે એ હાસ્યના અવાજથી જ એ કયાંય પણ અરધી લડાઇ જીતી જાય.

[ચાલુ]

'સુકાની'

સ્મરણયાત્રા . . . . અનુસંધાન પૃ. ૨૯૫થી

હકીમ સાહેબની દવાથી કે વાતોથી હું સાજો થયો એ કહેવું મુશ્કેલ છે. એટલું ખરૂં કે એમની વાતોને લીધે ઝટ સાજા થવાની મને પરવા ન રહી. સાજો થઇશ તો હકીમ સાહેબ આવતા બંધ થશે એ બીક મને વધારે લાગતી.

હકીમ સાહેબ પોતાની હિકમતમાં બહુ જ હોશિયાર હતા. આઇએ અમારાં સગાંમાંથી કેટલા યે દરદીઓનાં સામાન્ય વર્ણન કરી હકીમ સાહેબને દવા પૂછી. ગેરહાજર દરદીઓના સામાન્ય વર્ણન પરથી પણ તેઓ ઘણી અટકળ કરી શકતા. પછી પૂછે, 'એ માણસ ઠીંગણો ને જાડો છે?' આઇ કહે, 'હા.' ફરી પૂછે, 'એને કોઈ કાળે ફલાણું દરદ થએલું?' આઇ કહે, 'એ પણ ખરૂં.' એમની એ શક્તિથી અમને અચંબો થતો.

હકીમ સાહેબ એકલી નાડીપરીક્ષામાં જ પ્રવીણ ન હતા; મનુષ્ય સ્વભાવના પણ સારા પારખ હતા. હું એકલો હોઉં ત્યારે એક જાતની વાતો કરે; પિતાશ્રી પાસે બેઠા હોય ત્યારે કોઇ જુદો જ રંગ જમાવે; અને આઇ નવરાશે સાંભળવા આવીને બેસે એટલે વાતો છોડીને મારી નાનપણની વાતો જ આઇને પૂછે. ક્યાં આવા જીવનસ્પર્શી આપણા વૈદો તથા હકીમો અને ક્યાં આજના ધંધાદારી ડાક્ટરો! વિઝિટિંગ ફી લઇને આવનારા અને ધંધા બહાર સાવ કોરા રહેનાર આજના ડાક્ટરો! પણ ડાક્ટરનો યે વાંક શો? એકએક ડાક્ટર પાછળ રોજ સો સો માંદાઓની ફોજ પડે ત્યાં બીચારા કરે શું? જૂના વખતમાં લોકોને વારેઘડીએ માંદા પડવાની નવરાશ નહોતી, અને માંદા પડ્યા હોય તો ઝટ સાજા થવાની ઉતાવળ પણ નહોતી.

આખરે હું સાજો થયો. મારો તાવ મટી ગયો. પછી હકીમ સાહેબ રોજ એક જાતનો મુરબ્બો કેળના પાંદડામાં બાંધીને મારે માટે લઇ આવે. રોજ ખાવા પૂરતો રોજ આણે અને હેતથી મને ખવડાવે. પહેલે દિવસે મને થયું કે મુસલમાનના હાથનું ખવાય ખરૂં? મેં આઇને પૂછ્યું. આઇએ કહ્યું, 'દવાની ચોખાચોખ ન કરવી.' પિતાશ્રીએ પણ કહ્યું:

'औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः'

દવા ગંગાજળ જેવી પવિત્ર માનવી, અને વૈદનું વચન એ તો સાક્ષાત નારાયણની વાણી.' પાછળથી કેટલાક લોકોને મોઢે એ જ શ્લોકનો મેં એથી ઊલટો અર્થ સાંભળેલો કે 'માંદા પડ્યા હોઇએ તો વળી દવા કરવાની હોય? ગંગાજળ એ જ આપણું ઔષધ, અને સૌનો વૈદ ભગવાન તો માથે બેઠો જ છે.'

હકીમ સાહેબે કહ્યું. 'ઓહો, છોટે મહારાજ! તમને ધરમની વાત નડી? આમાં ગોશ્ત બોશ્ત નથી હોં! કેટલા યે હિંદુ ઘરોમાં મારો અવરજવર છે. તમારા રિવાજ હું જાણું છું. અમારી યૂનાની હીકમતમાં દરેક જાતની દવા છે. પણ એમ તો તમારા હિંદુ વૈદકમાં યે ક્યાં માંસનો ઉપયોગ નથી કરતા?'

બસ, પછી એક વાર્તા ચાલી. કહે કે 'એકવાર હું મુસાફરી કરતો હતો. રસ્તે જતાં એક ગામડું આવ્યું. ત્યાં મેં જોયું કે એક ઠેકાણે ઘણા લોકો ટોળે વળ્યા છે ને હોહા ચાલે છે. પાસે જઇને જોઉં તો લોકો એક માણસને ખૂબ મારે છે. પૂછતાં લોકોએ કહ્યું, એને ભૂત વળગ્યું છે. અમે એનું ભૂત કાઢીએ છીએ. મેં તરત જ જોઈ લીધું કે ભૂતબૂત કંઇ નથી, પણ માણસને કંઇક રોગ થયો છે. લોકોને ખસેડીને હું આગળ વધ્યો. મેં કહ્યું, 'અરે બેવકૂફો, તમે આ ગરીબનો જાન કાઢવાના છો. એને તો ભારે રોગ થયો છે. અબઘડી જો સસલાનું લોહી મળે તો જ એ માણસ સાજો થઇ શકે. નહિતો એ આજે જ મરી જવાનો. તમે એને અધમૂઓ તો કર્યો જ છે.' લોકો કહે, 'અહીં તે વળી સસલાનું લોહી ક્યાંથી મળે?' મેં કહ્યું, 'ત્યારે તો આ માણસના જીવવાની આશા નથી.' હું ચાલ્યો. પણ ખુદાને કરવું હતું તે અચાનક સામેથી જ એક પારધી આવ્યો. એના હાથમાં તાજું મારેલું એક સસલું મેં દીઠું. મેં આનંદથી કહ્યું, 'મહેર ખુદાની. તમારો માણસ બચી ગયો સમજજો.' સસલાના લોહીની મેં તરત દવા બનાવી ને પેલો માણસ સાજો થયો.'

સસલાના લોહીની વાત સાંભળી મને આશ્ચર્ય થયું. પણ આઇએ કહ્યું કે 'એમાં આશ્ચર્ય જેવું કશું નથી. આપણા ગામડામાં પણ એક જણ પાસે સસલાં ને કબુતરનાં લોહીમાં બોળી સૂકવી રાખેલા રૂમાલ છે. વૈદકમાં કઇ ચીજ કામ આવે ને કઇ ન આવે એ કહેવું મુશ્કેલ છે. એક રોગ પર બિલાડીની વિષ્ટા પણ આપે છે.'

પછી તો જાતજાતની વનસ્પતિઓના ગુણધર્મ વિષે વાતો ચાલી. વનસ્પતિની વાતોમાં લીમડો આવ્યા વગર કેમ રહે? આઇએ કહ્યું, 'લીમડાનાં પાન વાટીને એમાં પાણીનું ટીપું ઉમેર્યા વગર એનો રસ કાઢવામાં આવે તો એવા એક તોલા રસથી મરી ગએલો માણસ જીવતો થઇ શકે.' પિતાશ્રીએ હસીને કહ્યું કે 'લીમડાનાં પાનમાંથી ટીપું પણ રસ ન નીકળી શકે, એટલે કોકે આ માહાત્મ્ય જોડી કાઢયું છે.' હકીમ સાહેબ કહે, 'એ ગમે તે હો, પણ જો પાકું ઘરડું લીમડાનું ઝાડ તમારા જોવામાં આવે તો એની આસપાસ ફરી જોજો. કોકવાર એનું થડ આપમેળે ફાટે છે અને એમાંથી ચોખ્ખો ગુંદર જેવો રસ નીકળે છે. એવો રસ જો કદી મળે તો એ તરત જ ખાઇ જવો. એ ગુંદરમાં અદ્ભુત શક્તિ છે. અનેક રોગો એનાથી મટે છે. કેટલાક લોકોના પગ હમેશાં ફાટે છે એ તો એ રસ સહેજ ચાખવાથી જ મટી જાય છે. લીમડા પરના મધપૂડાનું મધ પણ વિશેષ ગુણકારી હોય છે.'

થોડા દિવસ પછી અમારા બંગલા સામેના લીમડા પર મેં એક નાનકડો મધપૂડો જોયો. પાસેના કુવા પર કેદીઓ રેંટ ચલાવતા હતા. એમની પાસે મેં એ મધપૂડો ઊતરાવ્યો ને મધ એક શીશીમાં ભરી રાખ્યું. થોડા દહાડામાં એ મધની સરસ દાણાદાર ખાંડ થઈ ગઇ. એનો રંગ પીળાશ પડતો ધોળો હતો. એ ખાંડ એકબે વાર જ મેં ચાખી હશે. એટલામાં એક દિવસ મારે હાથે એ શીશી પડીને ફૂટી ગઈ. અંદર કાચની કરચો હશે એ બીકથી બધું મધ ફેંકી દેવું પડયું.

આખરે અમારે સાવનૂર છોડવાનો વખત આવ્યો. પિતાશ્રીએ કારકુન મારફતે હકીમ સાહેબને એમની ફી વિષે પૂછાવ્યું. પિતાશ્રી હકીમ સાહેબને રાજી કરવા માગતા હતા. હકીમ સાહેબે કહ્યું, 'મારે તમારી પાસેથી પૈસા નથી લેવા. પણ તમારૂં આ ઘડિયાળ છે એટલું મને તમારી યાદગીરી તરીકે આપો.' ઘડિયાળની કિંમત કંઇ મોટી ન હતી. ૩૦–૩૫ રૂપિયા હશે. પણ પિતાશ્રીએ એ આપવાની ના પાડી. એમણે કહ્યું, 'તમે બીજું ગમે તે માગો.' પિતાશ્રીએ એમને ૪૦ રૂપિયા લેવાનું કહ્યું. બીજું ઘડિયાળ મંગાવી આપવાની વાત કરી. પણ હકીમ સાહેબ કેમે કર્યા માને નહિ. તેઓ કહે, 'મને કયાં પૈસાની પડી છે? મારે તો તમારૂં વપરાતું ઘડિયાળ જોઇએ છે.' પિતાશ્રીએ ઘડિયાળ આપવાની ના કેમ પાડી એ હું સમજી ન શકયો, અને પૂછવાનું પણ મને ન સૂઝયું. આખરે પિતાશ્રીએ પોતાની જ જીદ કાયમ રાખી અને કારભારીની મધ્યસ્થીથી હકીમ સાહેબ પાસે કંઇક રકમ લેવડાવી.

એ ઘડિયાળ સાથે કંઇક ખાસ સંબંધ કે લાગણી હશે એવી કલ્પના મેં બાંધી. એ ઘડિયાળ પિતાશ્રી પછી મારા કબજામાં આવ્યું. કેટલાં યે વરસ સુધી એ મારી પાસે હતું. કાશ્મીરમાં એક સાધુએ મારી પાસે એની માગણી કરી. મેં પણ જીદપૂર્વક એને એ આપવાની ના પાડી. હું અમદાવાદ આવ્યો ત્યાં સુધી એ ઘડિયાળ મારી પાસે હતું. પણ મદ્રાસ તરફના એક મિત્રે થોડા દિવસને માટે મારી પાસે એ માગી લીધું અને કયાંક ખોઇ નાખ્યું. એ ઘડિયાળ મારી પાસે હતું ત્યાં લગી હકીમ સાહેબનું ઘણીવાર સ્મરણ થતું. આજે પણ એટલું દુ:ખ તો છે જ કે હકીમ સાહેબને એ આપ્યું હોત તો સારૂં થાત, એવા દિલદાર માણસને આપણે નારાજ કર્યા એ કંઇ સારૂં ન કર્યું.

શ્રીનિવાસ રામાનુજન અનુસંધાન પૃ. ૨૯૫થી

ગણિતશાસ્ત્ર સિવાય અન્ય કોઇ વિષયમાં રામાનુજનને રસ નહોતો. કોઈ કળાનું સારૂંમાઠું કામ પારખવાની શક્તિ પણ તેનામાં નહોતી. ઇંગ્લંડથી પાછા આવ્યા ત્યારે એ સાવ દુબળા, પીળા ને પાતળા થઇ ગયા હતા. પણ બુદ્ધિશક્તિ ઘણી જ સતેજ થઈ હતી. પોતાના મૃત્યુ અગાઉ ચોથા દહાડા સુધી પણ તે કામ કરવા સારૂ બેઠા હતા. એક સિદ્ધાંતની તો માત્ર રેખા જ દોરેલી; તે તેમણે પોતાની મરણપથારીમાં પડયા-પડયા જ દોરી હતી!

રામાનુજનનો ધર્મભાવ પણ નિરાળા પ્રકારનો હતો. સનાતની મતવાદને તો તે મક્કમપણે પકડીને બેઠા હતા. આભડછેટ, ખાનપાન ઇત્યાદિના હિંદુ જ્ઞાતિના રીતરિવાજ વિલાયતમાં પણ ત્યાં રહેતા કોઇ હિંદી કરતાં તે બહુ કડક રીતે પાળતા. ઇશ્વરનું અસ્તિત્વ સ્વીકારતા અને અમુક પ્રકારની સેવાથી પ્રભુ જોડે એકતા સાધી માણસ ઇશ્વર સ્વરૂપમાં મળી જાય છે એવી તેમની દૃઢ માન્યતા હતી. મૃત્યુનાં પગલાં સંભળાયા છતાં તેમના સ્વભાવમાં કે આ માન્યતામાં કંઇ યે ફેરફાર થયો નહોતો.

રેવાશંકર ઓ. સોમપુરા

પિકેટિંગ

'પિકેટિંગ' વિદેશી શબ્દ છે. નવાઈ જેવી વાત લાગે છે, પરંતુ તેનું સ્વરૂપ હિંદમાં તો અત્યંત જૂનું છે. કાળનો પડદો ઉપાડીએ અને ૨૫૦૦ વર્ષ ભૂલી જઈએ તો વિસ્મૃતિ દૂર થશે. હિંદની પુણ્યભૂમિને પોતાનાં ચરણરજથી પવિત્ર કરતો એક ભગવાંધારી અનેક પ્રકારના યજ્ઞો અટકાવવા 'પિકેટિંગ' કરી રહેલો દેખાશેઃ અનેક પશુઓના ત્રાસનો હમેશ માટે અંત લાવનાર એક સંત પુરુષ નજરે પડશે.

આ સંતની કરુણ ભાવનાએ માયાનું આવરણ ખસેડી નાખ્યું. ધર્મકાર્ય સમજીને બીચારાં મૂંગાં પ્રાણીઓનો વધ કરી દેવ અને પિતૃઓને પ્રસન્ન કરનાર ધર્મઘેલો વર્ગ અને રાજસમૂહ આ મહાન 'પિકેટર'ની અડફટે ચડ્યા. યજ્ઞો ચાલી રહ્યા હતા ત્યાં આ પુરુષ પહોંચ્યો. હાથ જોડી વિનતિ કરી; યજ્ઞ કરનારાનો રોષ તથા ક્રોધ સહન કર્યો. પરંતુ શાંત મુખ-મુદ્રાથી આત્માના ઐક્યની વાત કરી; સુખ માટે સર્વ જીવોની એકસરખી લાલસા ને દુઃખથી બચવાની સર્વ જીવોની એકસરખી હોંશ વર્ણવી. અસત્ય પાછું હટ્યું. એ પિકેટરનો—એ નિર્મળ આત્માનો, નિર્મળ બુદ્ધિનો—એ તપસ્વી સત્યાર્થીનો વિજય થયો. ધર્મ વિશુદ્ધ થયો અને સત્યના સિંહાસન પર ચઢ્યો. પશુઓનાં બલિદાન દેનારા તેના તે જ અગ્નિહોત્રીઓ, રાજાઓ ને પ્રજાવર્ગ એ ભગવાન બુદ્ધના અનુયાયી થયા. પશુઓને અભયનું વરદાન મળ્યું. તે માટેની આણ ફરી અને તે આણ શિલાલેખો પર ચિરંજીવ થઇ. ધર્મનું શુદ્ધ સ્વરૂપ ચિરંજીવ થયું એ મહાન પિકેટરની ઉપકૃત પ્રજાએ કાળાંતરે એક અવતાર તરીકે તેની સ્તુતિ કરી; તેનો વિજય તે પોતાનો વિજય કરી લીધો.

હિંદમાં પિકેટિંગ નવું નથી; તેની નવાઇ નથી. રાજાઓએ, ધર્મિષ્ઠોએ ને પ્રજાવર્ગે તે વધાવી લીધું છે. પ્રજાને તેનો અપૂર્વ લાભ મળ્યો છે. પિકેટિંગ મારફત નિર્મળ બુદ્ધિ પ્રકટ થાય, નિર્મળ સંકલ્પો બળ પામે અને પ્રજાનાં પાપો ધોવાઇ જાય તેવાં નિર્મળ પરિણામો આવે એ હિંદનો ૨૫૦૦ વર્ષનો જૂનો અનુભવ છે. હિંદની ભૂમિ 'પિકેટિંગ'નાં બીજ માટે યોગ્ય છે.

દારૂ છોડવા માટે વલખાં મારતી અમેરિકન પ્રજામાં નાની સ્ટીમરો દ્વારા છાનીછાની રીતે દારૂ પહોંચાડી દેનાર અંગ્રેજ પ્રજા દારૂ પરના હિંદના પિકેટિંગનું રહસ્ય સમજશે ખરી? પોતે દારૂ છોડશે ખરી? છોડવા દેશે ખરી? નવપલ્લવિત થતી હિંદની વિભૂતિ રૂપ કેસરિયા સંઘ તરફ તેની અમીદૃષ્ટિ રહેશે ખરી?

તે પ્રજામાં કયું હીર છે?

હીરાલાલ અમૃતલાલ શાહ

અથાણું

ગામની એક શેરીમાં ત્રણ કંદોઇની દુકાનો હતી. ત્રણે પરસ્પરના પક્કા હરીફ અને એકબીજાની સરસાઈ કરવામાં કોઈ રીતે ઓછા ન ઊતરે એવા. એક દહાડો એક કંદોઇએ પોતાની દુકાને નીચે મુજબ પાટિયું લટકાવ્યું: 'આખા ગામમાં સૌથી સરસ મિઠાઇ આ દુકાને મળે છે.'

ત્યાં તો બીજે દહાડે સામેની દુકાને પાટિયું ચોડાયું: 'દુનિયા આખીમાં સૌથી સરસ મિઠાઇ અહીં મળે છે.'

ત્રીજે દિવસે ત્રીજી દુકાન પર એક પાટિયું લટકતું હતું તેમાં લખ્યું હતું: 'આ શેરીમાં સૌથી સરસ મિઠાઇ અહીં મળે છે.' (ત્રણમાંથી કોણ ચડે?)

* * *

'પ્રમાણિકપણાનો બદલો મળ્યા વિના રહેતો નથી.'

'કેમ જાણ્યું?'

'મેં પેલી બકરી ચોરી હતી, જાણે છે? શુક્રવારમાં બે રૂપિયે વેચવા માંડી તો ન ગઇ; અને એના ધણીને પાછી સોંપી તો પાંચ રૂપિયા ઇનામ મળ્યું!'

* * *

જૉન—(પાદરીને) આજે મેં એક મુરઘી ચોરી છે.

પાદરી—બહુ જ ખરાબ.

જૉન—આપ એ રાખશો?

પાદરી—જરાય નહિ, હું ચોરેલો માલ રાખતો નથી. તારે તો એ જેની હોય તેને પાછી સોંપી આવવી જોઇએ.

જૉન—પણ તેમ કર્યું, અને એ રાખવાની ના પાડે છે.

પાદરી—તો પછી તું રાખ.

જૉન—ઉપકાર થયો.

પાદરી સાહેબ ઘેર જઇને જુએ તો પોતાની જ એક મુરઘી ચોરાઈ ગએલી.

* * *

જગત આખું ખાત્રીપૂર્વક માને છે કે એકમાં એક નાખીએ તો બે થાય. કોઇની મગદૂર નહિ કે ના કહી શકે. પણ પારાના એક ટીપામાં બીજું નાખો જોઇએ. એક ને એક જ!

* * *

નારણ કિંમતી ચીનાઈખાનાવાળાની દુકાને નોકર રહ્યો. ત્રીજે જ દહાડે તેણે એક મોંઘું ચીનાઇ વાસણ ફોડ્યું. પગારને દહાડે મૅનેજરે ઑફિસમાં બોલાવી કહ્યું, 'તેં ફોડેલા વાસણની કિંમતનાં નાણાં ભરપાઇ ન થઇ રહે ત્યાં સુધી દર મહીને તારો અરધો પગાર કાપી લેવામાં આવશે.'

'એની કીમત કેટલી હતી સાહેબ?' આતુરતાથી નારણે પૂછ્યું.

'ત્રણસો રૂપિયા.'

'વાહ વાહ!' નારણથી હરખમાં બોલાઈ જવાયું.

'શું વાહ વાહ—કપાળ તારૂં! એમાં ખુશી શાનો થયો?'

'એટલા માટે કે આખરે મને લાંબી મુદતની નોકરી મળી!'

કવિતાનાં અપલક્ષણ

લેખક
સુરેશ દીક્ષિત એમ. એ., એમ. એસસી.



સાહિત્યનો જન્મ પહેલાં પદ્ય રૂપે થયો. ગદ્યનું નવું અંગ તો કાળ જતાં વિકસ્યું. આપણા સાહિત્યમાં ગદ્ય હજુ બાળક છે, ત્યારે પદ્યને અવસ્થાનાં ચિહ્ન જણાતાં લાગે છે. સંસ્કૃત સાહિત્યના વારસા રૂપ મળેલું આપણું એ અંગ આજે તેને થએલાં વર્ષેથી પીડાય છે. તેનું કારણ એ છે કે ગદ્યના સામાન્ય પ્રચારના અભાવે ગમે તે ભાવ અને પ્રસંગ પદ્ય સ્વરૂપે વ્યક્ત કરવાની સંસ્કૃત સાહિત્યની ટેવ આપણને પડી.

ફૂટેલા કાચ ને ફાટેલા કાગળની દશા જેવી આજે કવિતાની સ્થિતિ છે. જન્મીને શ્વાસ લીધા વિના મરી જતી એ કવિતાઓના રોગનાં થોડાં સ્વરૂપો જાણ્યા પછી રોગી અને નીરોગી કવિતા પરખાઈ આવશે.

નવા આણેલા રમકડાને જોઇ ખુશ થતા કે તૂટેલા રમકડાને જોઈ રડતા બાળકનાં રુદન અને આનંદ કેવાં હોય છે ? રાજાઓનાં ગાદી–આરોહણ કે મરણ પાછળ લખાતી કવિતાઓ કંઇક એવી છે. સ્ત્રીપુરુષના પ્રેમને નામે યંત્રવત્ બહાર પડતી કવિતાઓ ખોટા દસ્તાવેજ જેવી છે. ઘડી-પલકના કાઢેલા એ રાગડા કવિતા તરીકે સ્વીકારવા આપણે અસમર્થ છીએ.

કલ્પનાહીનતા કે અયુક્ત કલ્પના એ આજના પદ્યનો મુખ્ય રોગ છે. તેમાંયે આજે ખાસ કરીને કલ્પના વિનાની કવિતા કરતાં ખરાબ કલ્પનાવાળી કવિતાઓ વધુ ઊભરાઇ રહી છે. આવી કવિતાઓ કાં તો અનુકરણ હોય છે કે જેમતેમ બેસાડી દીધેલી જણાઇ આવે છે. લાગણી તો લેશમાત્ર હોય નહિ. ઇંટનાં રોડાં જેવા શબ્દોથી તે ભરચક હોય. તરંગ કે આવેશમાં સરજાએલી આ કવિતાને આકૃતિ કે પ્રકૃતિ હોતી નથી. સુંદર છોડના ક્યારાની આસપાસ ઊગતા ઘાસ જેવી એ કવિતા લાગે છે.

અરજી લખવાની પદ્ધતિ જેવી ચાલુ ભાષાપદ્ધતિ આવી કવિતાઓની હોય છે. વપરાઇને ઘસાઇ ગએલા શબ્દોથી તે ભરપૂર હોય છે. અંદરની લાગણીમાં હૈયા કરતાં હોઠના પ્રયોગો વધુ તરી આવે છે. એક પછી એક આવતાં વિશેષણો આ અનર્થક કવિતાઓનો રોગ ઉઘાડો પાડે છે.

પ્રેમને નામે લખાઇ રહેલી ઊર્મિવશ કવિતાઓ પણ શંકાની નજરે જોવા જેવી છે. એકાદ વનમાં પ્રેમાશ્રુ સારતી સુંદરી આવે કે કંઇક હૃદય-વંટોળ સમજી લેવો! ચંદ્ર કે તારા વડે મોહિત કરવાના દિવસો હવે ગયા છે.

કુદરત વર્ણવતી કવિતાઓ કે પ્રભુભજનનાં પદ હવે હદ કરી નાખે છે. કુદરતની કવિતાઓમાં કોઇ દિવસ ચિત્ર કે રંગ હોતાં નથી; વૃક્ષ કે લટકતી વેલો કુદરતનાં વર્ણન તરીકે જડી દેતા કવિઓ કદી એકાદા યે વૃક્ષ કે વેલનું નામ આપી, તેનાં વર્ણનો કે વિગત આપવા જરા પણ પ્રયત્ન નહિ કરે. તેમની આલેખેલી વેલો ફાસો ખાવાના દોરડા જેવી લટક્યા કરે છે.

આથી જ એ કવિઓના સ્વર છોકરવાદ બોલ જેવા લાગે છે. તેમની એ ભોળી નિર્દોષતામાં જ્ઞાનની ખામી છે. તેમાં વિચારનું ઊંડાણ કે ચિત્તની તન્મયતા નથી હોતાં.

ભજનમાં કે ભક્તિમાં પરમેશ્વર પાસે જ્યારેત્યારે ભીખ માગવાનો અભ્યાસ પડી ગયો છે. આપણે જાણે કેટલાયે ખરાબ હોઇએ, કેવાયે દુ:ખથી પીડાતા ચીસો પાડતા હોઇએ એવાં આ કુડીબંધ લખાતાં ભજનોનો હવે અંત આવે તો સારૂં. આ બધી કવિતામાં એક જાતના રીતરિવાજ અને જ્ઞાતિબંધારણ પડી ગયાં છે.

પુષ્પ ગમતું હોય તો તેની તાજી સુવાસથી છે. તેમ કવિતાની અસર તેમાં રહેલી અવનવી રમણીયતાથી છે. વ્યક્તિત્વ નેવે મૂકી કોઇ મહાન ગણાતા કવિને પગલે ચાલવાની વાંછનામાં, ચીમળાએલાં ફૂલ વડે સરસ્વતીની ઉપાસના કરવાનું લોકોએ ભૂલી જવું જોઇએ. વગર લાગણીએ લાગણી વ્યક્ત કરવાના પ્રયોગો હશે ત્યાં કવિતાનું સુંદર મુખ કાળું જ થવાનું.

'ઘણા વાગતા ખાલી ચણા'થી પણ ચેતવાની જરૂર છે. શબ્દના ઝાંઝર જેવી, શબ્દના ભાર નીચે કે ખોટા ઠઠેરાના લેબાસમાં ગૂંગળાતી, વાક્યોની ધાણી જેવી કવિતા લેખકનું કલ્પનાદારિદ્રય તરત સમજાવે છે. ફૂંક મારે તો ઊડી જાય એવી, કે ખસેડતાં પણ ખસે નહિ એવી મહાભારત પંક્તિઓ કાવ્યભાવ કરતાં કરુણ કંટાળો ઉપજાવે છે.

જગતને કોઈ વ્યક્તિનાં ખાનગી વિલાસ કે સુખ-દુ:ખ નથી જાણવાં, પણ નીરસ જીવનને રસ સીંચી ભાર ખેંચતા જીવનને હલકું બનાવવા કવિતાની આવશ્યકતા છે. કોઇની પત્નીએ તેના પ્રેમીને શું કહ્યું કે કર્યું તેની વાચકને પરવા નથી. ન આવડેલો હિસાબ એ વખત ગણાવતા મહેતાજી જેવા આપણા એ કવિઓ હવે આપણને એમના પંજામાંથી મુક્ત કરે એવી પ્રાર્થના છે.

માનવની કુમળામાં કુમળી લાગણીઓ ઉપર ખરાબ કવિઓ પહેલો કાપ મૂકે છે. અડપલા છોકરા પેઠે ન ઝણઝણાવવાના તાર તે ઝણઝણાવી મૂકે છે. જાદુના પ્રયોગો જેવી ચમકાવી મૂકતી કવિતાઓ પણ વાંચનારની રસવૃત્તિના મૂળમાં દિવસેદિવસે ધીમું ઝેર રેડે છે. સુંદર દેહની સુંદરીઓનાં મન:કલ્પિત દુ:ખો કે એકાદ યુવકની નાસીપાસી દેખાડનાર કવિઓને નમસ્કાર કરવા જોઇએ. બેભાનના રાગડા કે અવ્યવસ્થિત મનના પોકારોથી નબળું મન જ દોરાય. કરુણા એવી કાયરતામાં નથી.

સાહિત્યનું ઝેર જાણ્યેઅજાણ્યે જિંદગીમાં આવવા ન દેવું જોઇએ. ગંદવાડમાં છાંટેલા અત્તર કરતાં આપણને વાસ વિનાની સ્વચ્છતા જોઇએ છે. શરાબ કે શરબત નહિ પણ પાણી જોઇએ છે. વૃત્તિ ઉત્તેજિત કરે પણ તૃષા છિપાવે નહિ તે સાહિત્ય નથી.

બેસૂર બની જતી વીણા વગાડનાર કલાકારની સાહિત્ય યુગેયુગે વાટ જુએ છે.

પ્રેમચંદજીનાં પુસ્તકો

હિંદી ભાષીઓ જેમને પ્રેમપૂર્વક ઉપન્યાસ–સમ્રાટનું ગૌરવ અર્પે છે તે, હિંદીના વાર્તાનવેશોમાં કિરીટ સમ ગણાતા શ્રી પ્રેમચંદજીની નવલિકાઓ ને નવલોનું સ્થાન હિંદભરના સાહિત્યમાં અનોખું ને ઉચ્ચ છે. આજન્મ નવલકારની શક્તિ દાખવતી એમની કૃતિઓમાં કલાવિધાનની ચાતુરી, ભાવોનું માર્દવ, વિષયોનું વૈવિધ્ય કે વાણીની વિષદતા—કશાની ઉણપ નથી. 'કુમાર'ના વાંચનારાઓને એમની કલાનો આસ્વાદ અમે 'ફાતિહા' ને 'સરઘસ' એ બે વાર્તાઓ દ્વારા કરાવ્યો છે.

આજ સુધીમાં એમણે લખેલી આશરે ૨૦૦ નવલિકાઓના અનેક સંગ્રહો બહાર પડ્યા છે: પ્રેમ-પૂર્ણિમા, પ્રેમ-પચ્ચીસી, સપ્ત-સરોજ, પ્રેમ-દ્વાદશી, પ્રેમ-પ્રમોદ, પ્રેમ-પ્રસૂન, પ્રેમ-પ્રતિમા, પ્રેમ-તીર્થ; નવનિધિ, પ્રેમ-ચતુર્થી. તે દરેક એમનાં નામમાં દર્શાવેલી સંખ્યાની ટૂંકી વાર્તાઓથી ભરેલી છે. 'પાંચ ફૂલ' એ નવી વાર્તાઓનો તાજો પ્રકટ થએલો સંગ્રહ છે. એ સિવાય 'ગલ્પ-રત્ન' નામનો નવો સંગ્રહ એમણે જુવાનો માટે હમણાં ચૂંટીને બહાર પાડ્યો છે. તેમાં પોતાની ચાર વાર્તાઓ ઉપરાંત હિંદીના નામચીન ગલ્પ લેખકો પં. વિશ્વંભરનાથ શર્મા કૌશિક, શ્રી સુદર્શન, 'ઉગ્ર' વગેરેની પણ ઉત્તમ ટૂંકી વાર્તાઓ પ્રેમચંદજીએ સંપાદિત કરીને મૂકી છે.

સ્વ. હાજીમહમ્મદે ગુજરાતીમાં ઉતારેલું નવલ 'સેવા-સદન' જેમણે વાંચ્યું હશે તેમને શ્રી પ્રેમચંદજીના ઉપન્યાસો વિષે વધારે કહેવાની જરૂર નથી. તે પછી 'પ્રેમાશ્રમ' 'સેવા-સદન' જેટલો જ આદર પામ્યું છે. અને હમણાં જ એમનું 'પ્રતિજ્ઞા' બહાર પડ્યું છે. વચમાં બીજાં ચાર નીકળી ગયાં.

ઇચ્છુકો આ બધું સાહિત્ય 'સરસ્વતી પ્રેસ બનારસ સિટી'ને સરનામેથી મેળવી શકશે.

પૂર્વ આફ્રિકાનો પ્રવાસ

૧૦ દારેસલામ

લેખક : રામનારાયણ ના. પાઠક

ડરબન જવા મુંબાઇને કિનારેથી ઊપડેલી સ્ટીમર મોંબાસા, ઝંગબાર ને પછી દારેસલામ ઊભી રહે છે. આ કિનારા પર આવેલાં શહેરો ઇતિહાસ-ભરપૂર છે. મોંબાસા, ટાંગા, ને ઝંગબારની પેઠે દારેસલામ પણ પોતાનો પ્રાચીન ઇતિહાસ સંભળાવે છે ઝંગબારના સુલતાન સૈયદ મજીદ બીન સૈયદે ૧૮૬૨માં આ શહેર વસાવ્યું અને કિનારાનું પ્રાકૃતિક સૌંદર્ય તથા શાંતિપ્રદ વાતાવરણ જોઇ એવું જ કવિતામય નામ રાખ્યું: દાર–એસ–સલામ—(દાર=દરવાજો, સલામ=શાંતિ.) શાંતિનું દ્વાર. સુલતાન સૈયદ મજીદના મૃત્યુ પછી દારેસલામમાં જર્મન વસવાટ થયો. ૧૮૯૧માં જરમન વાવટો ચડી ગયો. ગત મહાયુદ્ધ પહેલાં ટાંગાનિકાને જર્મન ઇસ્ટ આફ્રિકા કહેતા. જર્મન ઇસ્ટ આફ્રિકાની રાજધાની દારેસલામ. જર્મનોએ પોતાના ફળદ્રુપ સંસ્થાનની આ રાજધાનીને સમૃદ્ધ અને દેખાવડી બનાવવા મહેનત આદરી. ગરમ આબોહવામાં શાંતિથી રહી શકાય માટે જાડી ભીંતો અને ઊંચાં છતવાળાં મકાન બાંધ્યાં. ઓરડાઓ મોટા મોટા રાખવા પાછળ પણ એ જ કારણ જણાય છે. રસ્તાને કાંઠે ઘટાદાર ગુલમોર અને સરૂ હારબંધ વાવી બજારમાં શીળી છાંય બિછાવી.

જર્મનોનો અમલ બહુ ક્રૂર હતો એમ અહીંના વતનીઓ કહે છે. જર્મનનું નામ પડતાં લોક કંપતા. નજીવા ગુના માટે કોબોકા (કોબોકાની ચામડીની સોટી) ફટકારતા. જર્મનો અંગ્રેજ જેવા ફૂંકીને ખાનાર નથી લાગતા. મોગલની માફક તડ ને ફડ. દારેસલામમાં જર્મનોનું મથક હતું. છેવટ સુધી દારેસલામમાં નાની મોટી લડાઇઓ થયા કરી હતી.

દારેસલામનું બારૂં બહુ જ ખરાબ છે. સ્ટીમરને કાંઠે લાવતાં અતિશય મુશ્કેલી પડે છે. જ્યારે સમુદ્રમાં દોઢ માઇલ દૂર ઊભેલી સ્ટીમરનું સુકાન કર્ણધાર (પાઇલોટ) લે છે ત્યારે સ્ટીમર એકદમ ધીમી પડી જાય છે. નાનકડા બે ખડક સામે પડેલા છે. ખડક અને કિનારા વચ્ચે માત્ર સવાસો વારનું જ અંતર છે. એમાંથી ખાડીમાં પ્રવેશ કરે છે. ખાડી લગભગ ત્રણસો વાર હશે. યુદ્ધ વખતે એક જબરી સ્ટીમર પ્રવેશદ્વારમાં આડી ગોઠવી દીધી હતી. જો એ સ્ટીમર ઠેઠ સુધી એ પ્રમાણે જ રહી હોત તો જર્મનો વધારે ટક્કર ઝીલી શકત. પરંતુ સ્ટીમર આડી થઇને ભરતી વખતે દૂર ખસી ગઇ. અંગ્રેજ મનવારો ખાડીમાં ઘૂસી આવી. જર્મનો હાર્યા. લડાઇ પછી અંગ્રેજોએ એક આફ્રિકાવાસીનું બંદુકદાર પૂતળું ચાર રસ્તા વચ્ચે ઊભું કર્યું છે. નીચે લખ્યું છે: ‘આ લોકોએ પોતાના રાજા અને દેશનું રક્ષણ કરતાં જાન કુરબાન કર્યો. તમે પણ રાજાનું અને દેશનું રક્ષણ કરવામાં પ્રાણની પરવા નહિ કરો તો તમારૂં નામ અમર થશે.’ શરૂઆતમાં આપણને આવાં જ ઊંધાં ચશ્માં એ લોકોએ ચડાવ્યાં હતાં. યુરોપની બધી જાતિઓમાં અંગ્રેજ સૌથી પહોંચેલા–કપટી મનાય છે.

દારેસલામ મોંબાસાથી સહેજ નાનું પણ વેપાર-રોજગારમાં આગળપડતું છે. કેતકીનું વાવેતર પુષ્કળ થાય છે. બજારમાં હિંદી વેપારીઓ જ નજરે પડે છે. થોડાઘણા જમીનદારો પણ છે. કેનિયાની માફક અહીં હિંદીને જમીન મેળવતાં મુશ્કેલી નડતી નથી. અંગ્રેજો હજી ત્યાંના પ્રમાણમાં અહીં થોડા આવ્યા છે, કેમકે જેમ યુગાન્ડાનાં હવાપાણી માફક નથી આવતાં તેમ અહીંની ગરમી તેમને અસહ્ય લાગે છે.

દારેસલામનો એક જ રસ્તો ફાંકડો છે; બાકીના સાદા છે. શહેર મૂકીને પાદરમાં આવો ત્યાં જંગલ શરૂ થાય. માત્ર શહેર વસ્યું છે એટલો ભાગ સાફ થયો છે. નાળિયેરી અને આંબાનાં વન ઝંગબારના શાંબાઓ જેવાં છે. દારેસલામથી લિંડી સુધી મોટરરસ્તો થયો છે. હજી બરાબર વહેવાર શરૂ નથી થયો. ઉજ્જડ પ્રદેશ છે. કીગોમા (લેઇક ટાંગાનિકા) સુધી ૭૭૩ માઇલ રેલવે છે. કીગોમા ટાંગાનિકાની સરહદ ગણાય છે.

અમે માંઝાથી રેલવે રસ્તે દારેસલામ જવાના હતા, પરંતુ વરસાદને લીધે રેલવે લાઇન ધોવાઇ ગઇ એટલે નૈરોબીથી મોંબાસા જઇ સ્ટીમર રસ્તે જવું પડ્યું.

અમારો ઉતારો એક શાંબામાં હતો. નાળિયેરી અને આંબાના ઝુંડમાં આવેલું એકાંત મકાન હતું. આપણા દેશમાં ગામથી પાંચ સાત માઈલ દૂર મહાદેવની જગ્યાઓમાં જે શાંતિ મળે છે તેવી શાંતિ ઉનાળામાં શહેરમાંથી શાંબામાં જતાં મળે છે. શાંબામાં શિયાળા જેવી ઠંડક ભર ઉનાળે રહે છે. અમને એ સ્થળ આખી મુસાફરીનો થાક ઉતારવા માટે જ મળ્યું હોય એમ લાગ્યું. દારેસલામમાં નામ પ્રમાણે ગુણ છે, એની ખાત્રી આ શાંબાઓ આપે છે અને ખાળામાં સ્ટીમર દાખલ થતી હોય છે ત્યારે કિનારા પરની દેખાતી ઘટાદાર વનરાજી આપે છે.

દારેસલામમાં પૂર્વ આફ્રિકામાં અજોડ એવું લાયબ્રેરીનું મકાન છે. એસોસીએશનમાં વેપારી વર્ગ પણ રસ લે છે. આર્યસમાજ મંદિર અને કન્યાશાળા છે. પાંચ જ વરસ પહેલાં આવી વસેલો નોકરીઆત વર્ગ આજે અહીં સુખી છે. જોકે અત્યારે તો બીજે સ્થળે છે તેવી સ્થિતિ થતી જાય છે. નવા આવનાર શિક્ષિત જુવાનોએ એક પગલું અહીં સ્થિર થાય પછી બીજો પગ દેશમાંથી ઉપાડવો એ સલામતી ભરેલું છે. બાકી યાહોમ કરનારા તો જગતમાં ક્યાંય ભૂખ્યા મર્યા જ નથી.


અમે પંદર દિવસમાં દારેસલામનું કામ ઉકેલ્યું. ઉપરના ભાગમાં અને દક્ષિણ તરફ જવાનું માંડી વાળ્યું. કારણકે દેશમાંથી અમારા દળના નાયકનો હુકમ મળી ચુકયો હતો કે 'આ આખરી સ્વાતંત્ર્ય-યુદ્ધમાં શામિલ થવા વાયુવેગે આવી પહોંચો.'

અશાંતિથી ઊકળતા જગતમાં ચિર શાંતિ સ્થાપવા અવતરેલા, શાંતિના પયગંબર મહાત્માજીની પતાકા નીચે ખડા થવા અમે એકે પગે થઈ રહ્યા.

આખરે તા. ૨૫મીની સવારે અમારા જહાજે શાંતિના દ્વારમાંથી લંગર ઉઠાવ્યું. (સંપૂર્ણ)

રખડુ ટોળી

જે ચાલુ વાર્તા તરીકે 'કુમાર'માં આવતી તે થોડી મુદતમાં શ્રી દક્ષિણામૂર્તિ ભવન તરફથી પુસ્તકાકારે બહાર પડવાની હોવાથી 'કુમાર'માં બંધ કરી છે.



છબી પાડવાનો અથવા ફોટોગ્રાફી શીખવાનો તો ઘણાને શોખ હશે, પરતું એ ફોટોગ્રાફ કેવી રીતે પડે છે તે જાણવાની દરકાર ઘણા થોડા કરે છે. જેઓ પોતે કૅમેરા ખરીદીને ફોટોગ્રાફી શીખે છે, તેઓ ફક્ત ફોટોગ્રાફ લેવાની રીતો જાણવાનો જ પ્રયત્ન કરે છે;—એક્સપોઝર કેમ આપવો, પ્લેટ કેવી રીતે ધોવી, પ્રિન્ટ (છાપ) કેવી રીતે કાઢવી તે જાણવાનો જ ફક્ત પ્રયત્ન કરે છે. પરંતુ એક્સપોઝર આપવાથી અથવા તો પ્લેટ ધોવાથી અંદર શા શા ફેરફાર થાય છે, તે શાને અંગે થાય છે તે તેઓ જાણવા ઈંતેજારી બતાવતા નથી. અને જ્યારથી પ્લેટો તૈયાર મળવા લાગી છે ત્યારથી પ્લેટો કેમ બનાવવામાં આવે છે, તેમાં શી શી રાસાયનિક દવાઓ આવે છે, તે જાણવાનો તો ઘણા જ થોડા પ્રયત્ન કરે છે. ફોટોગ્રાફ કેવી રીતે લેવો, એક્સપોઝર કેટલું આપવું વગેરે તો 'ફોટોગ્રાફી'ની લેખમાળા દ્વારા આ માસિકના વાંચનારાઓના જાણવામાં આવ્યું હશે. મારો ઉદ્દેશ ફોટોગ્રાફીમાં શા શા રાસાયનિક ફેરફાર થાય છે તે અહીં દર્શાવવાનો છે.

સિલ્વર ક્લોરાઇડ, સિલ્વર બ્રોમાઇડ અને સિલ્વર આયોડાઇડ એ ત્રણે વસ્તુઓમાં એવો ગુણ છે કે તે પર સૂર્યનું કે દીવાબત્તીનું જરા પણ તેજ પડે તો તેમાં એક જાતનો એવો રાસાયનિક પલટો થાય છે કે જેથી તેઓનો રંગ ધોળામાંથી કાળો થઇ જાય છે. આ ગુણ સિલ્વર બ્રોમાઇડમાં વધારે અંશે હોઇને, ફોટોગ્રાફીમાં ઘણુંખરૂં સિલ્વર બ્રોમાઇડ જ વપરાય છે.

છબી પાડવાની પહેલેથી છેલ્લે સુધીની ક્રિયાઓના છ ભાગ પાડી શકાય: (૧) પ્લેટની બનાવટ, (૨) એક્સપોઝર, (૩) ડેવેલપમેન્ટ, (કાચ ધોવો તે) (૪) ફિક્સિંગ—તેને કાયમી બનાવવો તે—,(૫) પ્રિન્ટિંગ—એટલે કાગળ પર છાપ લેવી, (૬) ટોનિંગ.

(૧) પ્લેટની બનાવટ તો તદ્દન સહેલી છે. જિલેટીન (સરેસ) અને સિલ્વર બ્રોમાઈડ એ બંનેને

ફોટોગ્રાફીનું રસાયન

સાથે ભેળવીને ઉકાળવામાં આવે છે અને તે ઠંડું થયા પછી તેને કાચના એક સાદા કકડા ઉપર એક બાજુએ આછુંઆછું લગાડવામાં આવે છે. તે સુકાયું કે પ્લેટ તૈયાર. પરંતુ ઉપર કહી ગયા પ્રમાણે સિલ્વર બ્રોમાઇડ ઉપર જો તેજ પડે તો તે કાળું થઇ જાય છે, તેથી આ ક્રિયા એકદમ અંધારામાં કરવામાં આવે છે. આમાં સરેસનું કામ તો ફક્ત સિલ્વર બ્રોમાઇડને કાચની સાથે સખત ચોંટાડી દેવાનું હોય છે. આ ક્રિયા તો આપણે ધારીએ તો આપણી મેળે પણ કરી શકીએ, પણ તેમ કરવા જતાં તદ્દન અંધારૂં મળવું મુશ્કેલ પડે છે. અને આજકાલ તૈયાર પ્લેટો એટલી તો સસ્તી થઇ છે કે તે જ વાપરવાનું સલાહકારક તેમજ ફાયદાકારક છે. હાલના નાના કૅમેરાઓમાં કાચની પ્લેટને બદલે ફિલ્મ આવે છે. એ ફિલ્મ કાચની જગ્યાએ કચકડાની કોરી ફિલ્મ રાખીને ઉપર પ્રમાણે જ બનાવવામાં આવે છે.

(૨) એકસપોઝર: કાચ પર છબી લેવી. પ્લેટ અથવા ફિલ્મને કૅમેરામાં તેની જગ્યાએ ગોઠવવામાં આવે છે. પ્લેટ ગોઠવવાનું કામ પણ અંધારામાં જ કરવામાં આવે છે. ફોટોગ્રાફ લેતી વખતે ફોટોગ્રાફર કૅમેરા ઉપર કાળો પડદો નાખે છે તેનું કારણ એ છે કે કાળા પડદાથી તેજને અટકાવી શકાય છે અને પાછલા કાચ પર કેવી છાપ આવશે તે જોઇ શકાય છે. ફિલ્મ તો અજવાળામાં પણ ગોઠવી શકાય છે, કારણકે ફિલ્મ ઉપર રાતો કાગળ રાખીને તેના પૅકબંધ રોલ કાળજીથી બનાવેલા હોય છે. કૅમેરા બંધ કર્યા પછી જ ફિલ્મને ફેરવીને છાપની જગ્યાએ લાવવામાં આવે છે. પણ પ્લેટ-કૅમેરામાં, કાચની પ્લેટને તેને ઠેકાણે ગોઠવ્યા પહેલાં ફોટોગ્રાફર ફોકસ લે છે, એટલેકે બરાબર પ્લેટની જગ્યાએ છબી પડાવનારનું ચિત્ર એકદમ ચોકખું દેખાય એવી રીતે છબી પડાવનાર અને કૅમેરા વચ્ચેનું અંતર ગોઠવે છે. ત્યાર-પછી પ્લેટ તેને ઠેકાણે મૂકવામાં આવે છે. અત્યાર સુધી લેન્સનું ઢાંકણ ખુલ્લું રાખી શકાય છે, પણ પ્લેટ મુકયા પછી તેને ખુલ્લું રાખી શકાય નહિ. આ પછી લેન્સનું ઢાંકણ માપ પૂરતા વખત જેટલું ખોલી નાખી અને પછી તરત જ બંધ કરવામાં આવે છે. બસ! ફોટોગ્રાફ લેવાઈ ગયો. ઢાંકણ કેટલો વખત ખુલ્લું રાખવું તે દિવસ અને વખત ઉપર આધાર રાખે છે. વાદળાંવાળો દિવસ હોય અથવા તો સાંજ હોય તો વધારે વખત ખુલ્લું રાખવું પડે છે. આ ક્રિયાને અંગ્રેજીમાં એકસપોઝર કહે છે.

નિયમ એવો છે કે ધોળા રંગની વસ્તુ હમેશાં વધારેમાં વધારે તેજ ફેંકે છે જ્યારે કાળા રંગની વસ્તુ ઓછામાં ઓછું તેજ ફેંકે છે. દાખલા તરીકે જો છબી પડાવનાર માણસે ધોળું ધોતિયું તથા ખાદીનું પહેરણ પહેર્યા હોય, અને માથે ઉઘાડો હોય તો ધોળો રંગ વધારે તેજ ફેંકતો હોઇને, પ્લેટમાં તેનાં પહેરણ અને ધોતિયાનો રંગ કાળો પડે છે, કારણકે તેટલા ભાગમાં ઘણું તેજ પડતું હોવાથી, પ્લેટ ઉપરનું સિલ્વર બ્રોમાઇડ વધારે કાળું થઇ જાય છે, અને વાળ કાળા હોઇને (માણસ બુઢ્ઢો ન હોય તો) તે બીલકુલ તેજ ફેંકતા નથી, એટલે પ્લેટમાં વાળની જગ્યાએ સિલ્વર બ્રોમાઈડનો રંગ ન બદલાતાં ધોળો રહે છે.

(૩) ડેવેલપમેન્ટ: ત્યાર પછી પ્લેટ ઉપર જરા પણ તેજ ન પડે એવી રીતે તેને ઢાંકી લઇને કૅમેરામાંથી ખસેડવામાં આવે છે અને તેને, જેમાં તેજનું એક પણ કિરણ ન આવતું હોય તેવા ઓરડામાં લઇ જવામાં આવે છે. ફોટોગ્રાફરો આવા ઓરડાને 'ડાર્ક રૂમ' કહે છે. લાલ રંગનું તેજ સિલ્વર બ્રોમાઇડ ઉપર અસર નહિ કરી શકતું હોવાથી ડેવેલપમેન્ટની ક્રિયામાં ઝાંખું લાલ રંગનું ફાનસ હોય તો ખાસ વાંધો નથી.

અત્યાર સુધીમાં પ્લેટ ઉપર તેજની અસર થઇ હોય છે જ. પરંતુ અમુક કારણોને લીધે તે અસર

નજરે જોઇ શકાય એવી હોતી નથી; (આ કારણો હજુ સુધી કોઇના જાણવામાં આવ્યાં નથી) પણ એ પ્લેટને 'ડેવેલપ' કર્યા પછી આ અસર આપણે ચોકખી જોઇ શકીએ છીએ. એથી જ આ ક્રિયાનું નામ 'ડેવેલપમેન્ટ' પડ્યું છે. આ ક્રિયામાં 'ફેરસ સલ્ફેટ' અથવા તો 'પાઇરોગૅલિક ઍસિડ'નું કામ પડે છે. આ બંને વસ્તુઓમાં એવો ગુણ છે કે પ્લેટના જે ભાગો ઉપર તેજની અસર થઇ હોય તે ભાગો ઉપર જ તેઓ આગળ ફેરફારો કરે છે. પ્લેટને આ રસાયનના પાણીમાં ધોવાથી સિલ્વર બ્રોમાઇડમાં રહેલો બ્રોમીન, વાયુના રૂપમાં ઊડી જાય છે અને તે ભાગ ઉપર ફક્ત રૂપું રહે છે. જે ભાગમાં વધુ તેજ પડ્યું હોય તે ભાગ પર વધુ રૂપું ચોંટી રહે છે ને પરિણામે તે ભાગ વધુ કાળો બને છે; અને જે ભાગ પર ઓછું તેજ પડ્યું હોય તે ભાગ ઓછો કાળો બને છે. આ ક્રિયા થઇ રહ્યા પછી તે પ્લેટને 'નેગેટિવ પ્લેટ' કહે છે, કારણકે તેમાં બધા રંગો ઉલટા પડે છે.

(૪) ફિક્સિંગ: હજુ પણ પ્લેટના જે ભાગો ઉપર તેજની અસર ન થઇ હોય તે ભાગો ઉપર સિલ્વર બ્રોમાઇડ જેમનું તેમ હોય છે, એટલે પ્લેટને અજવાળામાં લઇ જઇ શકાય નહિ. તેમ કરવા માટે પ્લેટને સોડિયમ થાયો સલ્ફેઇટ (ફોટોગ્રાફીમાં તેને 'હાઇપો સૉલ્ટ' કહે છે તે)ના પાણીમાં બનાવેલા 'સોલ્યુશન'થી ધોવી જોઇએ. આથી જ્યાં રૂપું ન જામી ગયું હોય, એટલેકે જે ભાગોમાં તેજની અસર ન થઈ હોય ત્યાં રહેલું સિલ્વર બ્રોમાઇડ એ 'હાઇપો સોલ્યુશન'માં ઓગળી જાય છે, અને આખી પ્લેટ ઉપર ફક્ત છાયા-પ્રકાશ પૂરતાં સરેસ અને રૂપું બે જ રહે છે. હવે તેને બહાર અજવાળામાં કાઢી શકાય છે.

(૫) પ્રિન્ટિંગ: તૈયાર ફોટોગ્રાફમાં પૂઠા ઉપર જે કાગળ ચોડેલો હોય છે તેને 'પ્રિન્ટિંગ પેપર' કહે છે. આ કાગળ ઉપર પણ સિલ્વર બ્રોમાઇડ જ હોય છે અને તેને પણ પ્લેટની માફક જ (પ્લેટને બદલે જાડો કાગળ રાખી) બનાવવામાં આવે છે. આ કાગળો પણ પ્લેટની માફક અંધારામાં બનાવવામાં તથા રાખવામાં આવે છે.

આ કાગળને એક ફ્રેમમાં મૂકવામાં આવે છે અને તેને અડાડીને ઉપર ડેવેલપ થએલી પ્લેટ રાખવામાં આવે છે. ફ્રેમની બનાવટ એવી હોય છે કે 'પ્રિન્ટિંગ' પેપર ઉપર ફક્ત પ્લેટમાં થઇને જ તેજ પડી શકે છે. આ ગોઠવવાની ક્રિયા ડાર્ક રૂમમાં કરવી પડે છે અને ડાર્ક રૂમમાંથી બહાર આવતાં પહેલાં અથવા તેને પ્રકાશ સામે ધરતાં પહેલાં જે બાજુએ પ્લેટ હોય તે બાજુએ ફ્રેમને ઢાંકણથી ઢાંકી દેવામાં આવે છે.

આ ક્રિયામાં પણ ઉપર રહેલો નિયમ જ લાગુ પડે છે. ઇલેક્ટ્રિક લાઇટ અથવા પ્રકાશ સામે પ્લેટની બાજુ રાખી અને જરૂર પૂરતા ગણતરીના થોડા વખત સુધી ઢાંકણ ખસેડવામાં આવે છે ને પછી તરત જ બંધ કરી દેવામાં આવે છે. પ્લેટમાં પહેરણ અને ધોતિયું કાળાં હતાં એટલે પ્લેટના તે ભાગમાં થઇને તેજ પસાર થઇ શકતું નથી, તેથી 'પ્રિન્ટ'માં તે ભાગ ઉપરનું સિલ્વર બ્રોમાઇડ કાળું થતું નથી; અને વાળ પ્લેટમાં ધોળા હોઇને પ્રિન્ટમાં તે ભાગ ઉપરનું બ્રોમાઇડ કાળું થઇ જાય છે. પરિણામે પ્રિન્ટમાં વાળ કાળા પડે છે અને પહેરણ તથા ધોતિયું ધોળાં પડે છે. આ રીતે છબી પડાવનારના ચહેરા તથા કપડાંનો મૂળ રંગ પ્રિન્ટ ઉપર આવે છે. આ પ્રિન્ટને 'પૉઝિટિવ' કહે છે.

હજુ પણ પ્રિન્ટમાં જે ભાગમાં તેજની અસર ન થઇ હોય ત્યાં સિલ્વર બ્રોમાઇડ તો હોય છે, તેથી તેને ડાર્ક રૂમમાં ઉપર પ્રમાણે હાઇપો સોલ્યુશનમાં ફરી ધોવામાં આવે છે. આ ક્રિયા સૂર્યના તેજમાં પણ થઇ શકે છે. ત્યાર પછી આ પ્રિન્ટ સુકાવા દેવામાં આવે છે.

(૬) ટોનીંગ: પ્રિન્ટ સુકાયા પછી તેને જુદીજુદી જાતના રંગ ચડાવવામાં આવે છે. આ ક્રિયાને 'ટોનિંગ' કહે છે. ગોલ્ડ ક્લોરાઇડમાં આ પ્રિન્ટને થોડો વખત રાખવાથી તેના ઉપરના થોડા રૂપાને ખસેડી થોડું સોનું તેની જગ્યાએ ચોંટી જાય છે અને આથી તે ફોટોગ્રાફને પીળાશપડતો સુંદર રંગ આવે છે. નેગેટિવ પ્લેટ ઉપરથી ગમે તેટલા પ્રિન્ટ પાડી શકાય છે. ટોનિંગની ક્રિયા ડેવલપમેન્ટની સાથે પણ થઇ શકે છે.

શિખાઉ ફોટોગ્રાફરો ઉપરના બધા રાસાયનિક ફેરફારો ધ્યાનમાં લઇને પોતાના પ્રયત્નો ચાલુ રાખે તો તેઓ ઘણી ઝડપથી ફોટોગ્રાફી શીખી શકે, એટલું જ નહિ પણ તેમના અમુક પ્રયાસો નિષ્ફળ ગયા હોય તો એ નિષ્ફળતાનું કારણ શોધીને પોતાની ભૂલો સુધારી શકે.

ધીરજલાલ રતિલાલ મહેતા

બાળ વિભાગ

ખીમો ચોકીદાર



મારા એક મિત્ર ફોજદાર હતા. એની નીચે એક ચોકીદાર. એનું નામ ખીમો.

ખીમો ખાનદાનીનો કટકો. એની ચોકી એટલે આરબની ચોકી. ગમે તે સુખેથી એને સોંપી દો ને નિરાંતે ઊંઘો. એક વાર ખીમાના પહેરામાં આવ્યું એટલે પત્યું.

ખીમો શું બહુ બહાદુર હતો? હા, ખીમો બહાદુર તો હતો જ. અત્યારે તો ખીમો આધેડ છે; પણ જુવાનીમાં ખીમો લશ્કરની ભરતીમાં ગએલો. દુશ્મનના ઘા સામી છાતીએ ઝીલેલા.

પણ બહાદુરી કાંઇ એક જ વાત ન હતી. ખરી વાત એની ખાનદાની હતી. ખીમો ચોકીનું કામ ન લેવું હોય તો ન લે, પણ લીધા પછી ખાંડાની ધારે ચોકી કરે. પછી આંખનું એક મટકું ન મારે. પછી સવાર સુધી આડા પડખાનું નામ નહિ.

ખીમો રાત્રે ચોકી કરે તે ખોંખારા ખોંખારા ન મારે. કહેશે, 'ઈમ તો ચોર ભાગી જાય.' ખીમો અંધારામાં બેઠો રહે. જરાક સંચર થાય કે ઝટ કાન માંડે ને કેણી કોરથી ખળભળાટ થાય છે તે તપાસે; ને પછી પાધરો! તે તરફ ઊપડે. ખીમો પગને ઓળખે. કહેશે, 'મને બધા પગની ખબર પડે. તમ રોખાના પગની ને ચોરટાના પગની ખબર પડે. ઢોરઢાંખરના પગની ને શિયાળ સસલાંના પગની ય ખબર પડે.'



ખીમો હતો તો આપણો ભરવાડ. ભરવાડ તે એવો ભરવાડ કે અસલ ભરવાડ. પણ સિપાઇનો ડરેસ પહેરી પે'રે ચડે ત્યારે ખીમો સિપાઈ જેવો લાગે. ખીમો તે વખતે બોલે પણ રૉફથી,—સિપાઇ જેવું. પણ ભરવાડ સિપાઇ જેવું બોલે તે કેવું બોલે? સાંભળો:

ફોજદાર એક વાર રાતે રોન મારવા નીકળ્યા ને ખીમો અંધારામાં ઊભો હતો. ફોજદારે ટપાર્યો, 'કોન હે?'

ખીમો કહે, 'શાબ, ઈ તો ખીમો ખડ્યા હે!'

ફોજદાર હસી પડ્યા. કહે કે 'વાહ રે ખીમા ને વાહ રે તારી બોલી

નોકરીમાં એવા | પણ હતા કે બંદુક રાખે, ભાલાં રાખે, પણ રોનમાં નીકળે ત્યારે 'ધોળિયા ખાડા' પાસેથી નીકળતાં છાતી ધબકધબક થાય. નોકરી કરવી એટલે શું થાય? પણ મનમાંથી ભૂત-પલિતની બીક ન જાય.

પણ ખીમો તો ભરવાડ. કહેવત છે ના કે 'ભૂત ન દેખા હોય તો દેખો ભરવાડા.' ખીમાને પૂછ્યું, 'ખીમા, સબોંતરથી બીએ ખરો કે?'

ખીમો કહે, 'અરે હું પોતે જ સબોંતર છું ને?'

સબોંતર એટલે ભૂત.

ખીમો ફોજદારને ત્યાં ડેલીએ પે'રે હોય ત્યારે છોકરાંને મજા. ખીમા ફરતાં ઘેરી વળે ને કહે, 'ખીમાભાઈ લડાઇની વાતો કરો, લડાઈની વાતો કરો.'

ખીમો એ . . . મોટીમોટી લડાઇની વાતો કરે. મોટીમોટી બંદુકો ધાણી ફૂટે એમ ધડાધડ ફૂટે ને માણસો ડપૂકડપુક હેઠે પડે, ને લડાઇ હોય ત્યાં કાંઇ ગીધડાં ને સમળીઓ આવે! એને તો ભક્ષ પાકે. રાત દિ' ઉજાણીઓ કર્યાં કરે.

લડાઇમાં ખીમાને હાથ ઉપર એક ભાલો વાગેલો. ખીમો છોકરાને એ ઘા બતાવે ને છોકરાં ધારી ધારીને જુએ.

ખીમો દીઠે વિકરાળ, પણ છોકરા સાથે તો ગાય જેવો હતો. ખીમો સિપાઇ હતો પણ ભારે ખાનદાન.

ગિજુભાઈ



માધુકરી

કેસર રંગે, કાળ ભુજંગે,
જીવન ઘોળી, ખેલતો હોળી અંગે, હો ભાઇ! જીવન હોળી અંગે
મુક્તિકાજે, અમર સાજે
કોણ રે મરશે ભાઇ, હો રે, કોણ રે મરશે ભાઇ?
ભારત વીર! ભારત વીર!
(પ્રસ્થાન) મરવા અમે સૌ અધીર; મરશું અમે ભારત વીર. — **'સુન્દરમ'**

મેરી સ્પિરીડોનોવા

સ્વતંત્રતાની વેદી પર કેટલા યે વીરાત્માએ પોતાના દેહનાં બલિદાન આપ્યાં હશે. કેટલાઓએ પોતાનાં અમૂલ્ય જીવન એને માટે ફના કર્યાં હશે. સ્વતંત્રતા માટે એવાં પ્રાણાર્પણ કરવામાં ઘણી સ્ત્રીઓએ પણ અમૂલ્ય ભાગ ભજવ્યો છે. ખાસ કરીને રશિયાના આધુનિક ઇતિહાસનાં સેંકડો પૃષ્ઠ રમણીઓની વીરતાના રંગે રંગાયાં છે. રશિયન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થએલી એ નામાવલિમાં વીર રમણી મેરી સ્પિરીડોનોવાનું નામ અતિ ઉજ્જ્વલ છે. રશિયાના સ્વાતંત્ર્યના ઇતિહાસમાં તેના બલિદાને શહીદ પદ પ્રાપ્ત કર્યું છે.

આજથી લગભગ ચોવીસ વર્ષ પહેલાંની એ વાત છે. રશિયાના તામ્બોફ પ્રાંતમાં ભયંકર પ્રકારના જુલ્મો થઇ રહ્યા હતા. એ પ્રાંતના ક્રૂર હાકેમ લુજેનોવસ્કીની મનમાની છૂટથી તેના સિપાઇઓ પ્રજા પર આકરા જુલ્મો ગુજારતા. તેઓએ હજારો ખેડુતોની કતલ કરી હતી; અસંખ્ય ખેડુતોને જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. એ સિપાઇઓને અબળાઓ પર અત્યાચાર કરતાં તેમજ લૂટતાં કોઇ પણ અટકાવી શકે એમ ન હતું, અને આથી તેઓ દિન પ્રતિદિન પોતાનો અત્યાચાર વધારતા જતા હતા. જ્યારે ક્રાંતિકારોની સંસ્થાએ જોયું કે આ અત્યાચાર અટકાવવાનો હવે કોઈ પણ ઉપાય નથી ત્યારે તેમણે પોતાના ખાસ સંમેલનમાં ઠરાવ કર્યો કે, 'જે મનુષ્યની આજ્ઞાથી આ લોહી રેડાઇ રહ્યું છે તેના લોહીથી જ પ્રજાની પિપાસા શાંત થશે.'

મેરી સ્પિરીડોનોવા તામ્બોફની ક્રાંતિકારી સમિતિમાં સભાસદ હતી. એ સમયે એની વય વીસ વર્ષની જ હતી. ચાર, પાંચ વર્ષ પહેલાં પંદર વર્ષની કુમળી વયે પણ એ જેલની મુલાકાત લઇ આવી હતી અને એનું નામ સરકારી દફતરમાં કાળા અક્ષરોએ લખાઈ ગયું હતું. જ્યારે સમિતિએ ઉપલો ઠરાવ કર્યો ત્યારે એનું હૃદય હર્ષથી ઊછળ્યું. તે બોલી કે, 'આ ઠરાવને અમલમાં મૂકવાનો સર્વે ભાર મારા શિર પર હું લઉં છું. આપ સર્વે આ બાબતથી નિશ્ચિંત રહેજો.'

૧૯૦૬માં પોલીસને સમિતિના ઠરાવની અને સ્પિરીડોનોવાના સંકલ્પની ખબર પડી. સ્પિરીડોનોવાને આ વાતની જાણ થતાં જ એ ચેતી ગઇ, પછી તો તે એવી ખૂબીથી વેશપલટો કરતી કે તેના અંગત મિત્રો પણ તેને પારખી ન શકતા. પોલીસે તેને પકડવાની અથાગ પણ નિષ્ફળ મહેનત કરી.

લુજેનોવસ્કીના વફાદાર અંગરક્ષકને ખબર પડી ગઇ કે એક ક્રાંતિકારી સ્ત્રી તેના માલિકનું ખૂન કરવાના પ્રયત્નો કરી રહી હતી. સ્પિરીડોનોવાએ લુજેનોવસ્કીનું ખૂન કરવાના જે જે પ્રયત્નો આદર્યા તે બધા તે રક્ષકની સમયસૂચકતાથી નિષ્ફળ નિવડ્યા. છતાં સ્પિરીડોનોવા નિરુત્સાહી નહોતી થઈ. તે એક પછી એક ઉપાયો યોજ્યા જ કરતી. આમ કેટલોક સમય વીતી ગયો. ૧૯૦૬ની ૧૬ મી જાન્યુઆરીએ ત્રીજા વર્ગની ટિકિટ લઇને એ જરદેવના સ્ટેશન પર ટ્રેનની વાટ જોતી ઊભી હતી. એટલામાં લુજેનોવસ્કી એ ટ્રેન મારફતે જ બોરીસોગ્લિબ્સ્ક જવા માટે ઊભેલો તેણે જોયો. એણે તરત જ ત્રીજા વર્ગની ટિકિટ બદલીને બીજા વર્ગની લીધી અને ગાડી આવતાં જ લુજેનોવસ્કીની પાસેના ડબ્બામાં પેસી ગઇ. બોરીસોગ્લિબ્સ્ક સ્ટેશને પહોંચતાં જ તે બહાર નીકળીને ટ્રેનની સીડી પર ઊભી રહી. નિશાળમાં ભણવા જતી કોઇ બાળા જેવો પોશાક પહેરી તે ઊભી ઊભી પ્લૅટફોર્મનું દૃશ્ય જોતી હતી. બળવાન કોઝૅક સિપાઇઓ અને શરીરરક્ષકો બધાને જાજુ કરી રહ્યા હતા. જ્યારે આખું પ્લૅટફોર્મ ખાલી થઇ ગયું ત્યારે લુજેનોવસ્કી દમામથી સ્ટેશન પર ઊતર્યો અને સિપાઇઓની વચ્ચે ચાલવા લાગ્યો. પણ એટલામાં રિવૉલ્વરનો અવાજ થયો અને લુજેનોવસ્કીની છાતી વીંધતી એક

ગોળી આરપાર નીકળી ગઇ. લુજેનોવસ્કી નીચે પડચો કે તરત જ સ્પિરીડોનોવા ટ્રેનમાંથી કુદીને એની પાસે ગઈ અને બધાના દેખતાં એના પર ઉપરાછાપરી ત્રણ ગોળીઓ છોડી એની છાતી ચીરી નાખી તેણે આ કામ એટલી ત્વરાથી કર્યું કે લુજેનોવસ્કીના રક્ષકો એકબીજાનાં મોં જોતા જ રહી ગયા! એ પછી પાંચમી ગોળીથી એ પોતાના દેહનો અંત આણવા ઇચ્છતી હતી; પણ એની એ ઇચ્છા પૂર્ણ ન થઇ. જેવી એ પોતાના પર રિવોલ્વર છોડવા જતી હતી તેવી જ એક કોસૅક અફસરે એના હાથમાંથી રિવૉલ્વર ઝૂટવી લીધી અને એના બે હાથ પકડી એને સખત માર માર્યો. એ બેહોશ થઇને નીચે પડી અને લુજેનોવસ્કીના સિપાઇઓ તેના પર તૂટી પડચા. મારતાં અંતે તેઓ થાકી ગયા ત્યારે જ એને પકડીને સ્ટેશનની બહાર લઈ ગયા. બેભાન હાલતમાં એને શહેરની કોટવાલીમાં પહોંચાડવામાં આવી.

એ કાળ કોટડીમાં તે તદ્દન નગ્ન હાલતમાં હતી અને સિપાઇઓ વારેવારે તેને અસભ્ય શબ્દો બોલી ચીડવતા હતા. થોડા વખત પછી તેના પર ચાબુકનો માર વરસાવવામાં આવ્યો. પણ આટલાથી યે સિપાઇઓને સંતોષ ન થયો એટલે તેના શરીર પર અગ્નિ સળગાવ્યો; અને તેઓ તેના દેહની ચામડી ચીરવા લાગ્યા. એ વખતની એની સ્થિતિ જોઇને વાલભલાનાં હૃદય પણ કમકમી ઊઠી આંસુ સારે. પણ દૃઢતાની મૂર્તિરૂપ સ્પિરીડોનોવાએ આટલાં કષ્ટો શિર પર પડચાં છતાં પણ ક્રાંતિકારીઓનો પત્તો તેમજ એ આંદોલનને તોડી પાડવામાં કોઇ પણ જાતની સહાય આપી જ નહિ. સિપાઇઓના આ અમાનુષી અત્યાચારોથી તેની એક આંખ ગઇ હતી અને તેનું શરીર પણ અસંખ્ય ઘાથી મરણતોલ અને છિન્નભિન્ન થઈ ગયું હતું.

કેટલાક સમય પછી સ્પિરીડોનોવાને તમ્બોફ પહોંચાડવામાં આવી અને ફોજી અદાલત દ્વારા એના અપરાધ પર વિચાર ચાલવા લાગ્યો. પંદર સોળ દિવસ એ તમ્બોફની જેલમાં રહી. એ દરમ્યાન પોતાની માતાને મળવા માટે એણે અધિકારીવર્ગ સાથે ઘણો પત્રવ્યવહાર કર્યો, ત્યારે એની માને મળવાની એને છૂટ મળી. પોતાની પ્રાણાધાર 'મરૂસીમા'ની રુગ્ણાવસ્થા જોઇને એ કંપી ગઇ. એ કેવું દારુણ દશ્ય હતું! એની એ લાડકી દીકરીના અંગમાં અસંખ્ય ઘા પડચા હતા અને તેમાંથી રુધિરનો પ્રવાહ વહી રહ્યો હતો. થોડા વખત સુધી એની મા ઓરડાના દરવાજા પર ચૂપચાપ ઊભી રહી; પછી એની પાસે જઇને એને ટીકીટીકીને જોવા લાગી. એની સ્થિતિ જોઇને માતાની આંખમાંથી અશ્રુઓનો પ્રવાહ વહેવા મંડચો. મા-બેટી વચ્ચે શી વાતચીત થાય છે એ સાંભળવા માટે એક અમલદાર ઊભો હતો.

સ્પિરીડોનોવા એ સમયે ભાનમાં હતી, એટલે ઘણી મુશ્કેલીથી એ ભાંગ્યાતુટચા શબ્દોમાં બોલી કે 'હું ઘણા આનંદથી મરીશ. મને દુઃખ એટલું જ થાય છે કે હું એ જ વખતે મારો જાન આપી ન શકતાં આ નીચ પાપીઓના હાથમાં જીવતી પકડાઇ.'

ફોજી અદાલતે બંધ ઓરડામાં સ્પિરીડોનોવાનો કેસ ચલાવ્યો. દરમ્યાન સ્પિરીડોનોવાની તબિયત ધીમેધીમે સ્વસ્થ થતી હતી. બૅરિસ્ટરે દર્ખાસ્ત કરવાથી એના ઘાની તપાસ ડૉક્ટરની મારફતે થતી હતી. આ ડૉક્ટરે સિપાઇઓના તેમજ લુજેનોવસ્કીના અમલદારોની પાશવતા અને નૃશંસતા પર એવો પ્રકાશ પાડચો કે જેથી સરકાર સાથે સંબંધ રાખનારાઓનાં શિર પણ લજ્જાથી નમી ગયાં.

ન્યાયાધીશે સ્પિરીડોનોવાને પ્રશ્ન કર્યો કે 'તારે તારા બચાવ માટે કંઈ કહેવું છે?' એના પ્રશ્નના ઉત્તરમાં સ્પિરીડોનોવાએ નિર્ભયતાપૂર્વક જે નિવેદન કર્યું તે કોઇ પણ દલિત દેશની હાલતનું તાદશ્ય વર્ણન આપે એવું છેઃ 'સજ્જનો! આ દેશ પર આપ ચાહો ત્યાં દૃષ્ટિ નાખો તો પણ આપને સંતુષ્ટ અને સુખી પ્રજા ક્યાં યે નહિ મળે જે લોકો ગરીબોને સતાવી રહ્યા છે, જેઓની સત્તા ચોતરફ વ્યાપી રહી છે તેઓ પણ અત્યારે સુખી નથી. એમની સુખશાંતિમાં વિઘ્ન કરનાર એ જ્ઞાન અને વિશ્વાસ છે કે એમનો એ વિજય ફક્ત થોડા વખતને માટે જ છે. અને આ વિચાર ઉત્પન્ન થતાં જ તેઓ શોકસાગરમાં ગરકાવ થઈ જાય છે. જેઓ આજે અન્યાય અને અત્યાચારની ચક્કીમાં પિસાઇ રહ્યા છે તેઓ પણ વખત આવતાં એકતાને માટે કોઈ પણ પ્રકારે પ્રયત્નો કરશે. મારા પોતાને માટે તો મને કોઈ પ્રકારનો ડર નથી. મોટામાં મોટી સજા તમે મને મોતની આપી શકશો. પરંતુ તમે મારો આ વિચાર તો નષ્ટ નથી જ કરી શકવાના કે એક સમય એવો આવશે કે જ્યારે બધા લોકો સ્વતંત્રતાનું સુખ અનુભવશે, જ્યારે સત્ય અને ન્યાયનું રાજ્ય પ્રવર્તશે, સમાનતા સ્વતંત્રતા અને વિશ્વબંધુત્વનો ભાવ મનુષ્ય જાતિના પ્રાકૃત જીવનમાં સ્થાન લેશે. આવા સુંદર ભવિષ્યના નિર્માણને માટે માત્ર મારા એક જીવનનો ત્યાગ કરવો એથી અધિક સુખ બીજું મને કયું હોય? આ સિવાય મારે કંઇ કહેવું નથી.'

ઘણી મુશ્કેલીથી સ્પિરીડોનોવા આટલું બોલી શકી. બોલતાં દરમ્યાન એને ઘણી ઉધરસ આવતી અને છાતીમાંથી લોહી પડતું. એ વખતની એની સ્થિતિ ઘણી જ દયાજનક હતી. સ્પિરીડોનોવાને મદદ કરવાને માટે એક કારકુન આપવામાં આવ્યો હતો. આ કારકુન કેટલોક સમય પહેલાં સ્પિરીડોનોવાની સાથે જ દફતરખાનામાં કામ કરતો હતો. ઘણી વાર સુધી કારકુન સ્પિરીડોનોવા તરફ જોઇ રહ્યો, પણ એ એને ઓળખી શક્યો નહિ. એણે કહ્યું કે 'નહિ, આ મેરી સ્પિરીડોનોવા હોય એ બને જ નહિ. આ કોઇ બીજી જ યુવતી છે.'

સ્પિરીડોનોવાના બૅરિસ્ટર મિ. તેસ્લોકોએ એના કરતાં પણ ઘણી જ જોરદાર શૈલીમાં ભાષણ આપ્યું હતું. જેકૉફ

પ્રીલુકરના પુસ્તક (કે જેને આધારે આ લેખ લખાયો છે) માંથી નીચેનું અવતરણ લીધું છે: 'જો આપ આપનાં હૃદયને પૂછશો તો જણાશે કે સ્પિરીડોનોવા જેવી તેવી વ્યક્તિ નથી, પણ રશિયાની એ દેવાંગના છે. વર્ષોથી અમારા દેશ પર જોર-જુલમ અને ખૂનખરાબી ચાલતી આવી છે. જગતમાં વીજળી, તાર, ટેલિફોન વગેરે એક એકથી ચઢિયાતી ચીજોની જે શોધો થયા કરી છે તે અમારા માટે તો દેશની દુરવસ્થા કે દારુણ સમાચાર પહોંચાડવાનાં સાધન માત્ર છે. અમારા દેશનાં વર્તમાનપત્રો જો ખરૂં પૂછો તો શાહીથી છપાતાં નથી, પણ આવા શહીદોનાં ખૂનથી છપાય છે. દેશની વેદી પર રોજ આવાં બલિદાનો અપાયા જ કરે છે. સ્પિરીડોનોવાએ લુજેનોવસ્કીના પ્રાણ લેવાનો સંકલ્પ કેમ કર્યો એ આપ સાંભળી ચુકયા હશો. એણે કહ્યું હતું કે "જ્યારે જુલમ હદ ઉપરાંત વધ્યો અને પ્રજાના અધિકારો પર તરાપ મારવામાં આવી ત્યારે મને લાગ્યું કે મારૂં જીવવું મને ધિક્કાર રૂપ છે. જ્યારે મેં જોયું કે રશિયન ખેડુતો દુ:ખોથી પિલાઇ રહ્યા છે અને રશિયન બાલિકાનું શીયળ કોઝેક સિપાઇઓના અત્યાચારોથી લૂટાઇ રહ્યું છે ત્યારે મેં સંકલ્પ કર્યો કે ભલે મારે મારા દેહનું પણ બલિદાન આપવું પડે, પરંતુ એ દુષ્ટ લુજેનોવસ્કીને તો જીવતો ન રહેવા દઉં."

હું ફરીથી કહું છું કે સ્પિરીડોનોવાએ જે કંઈ કર્યું છે એ રશિયાને માટે કર્યું છે. આજ ન્યાય–અન્યાયના નિર્ણય માટે આપની સન્મુખ જે પ્રજા ઉપસ્થિત થઈ છે એમાંના ઘણા લોકો પર સ્પિરીડોનોવાની માફક જ જુલમનો વરસાદ વરસ્યો છે. રશિયામાં જે અશાંતિ ફેલાઇ છે એનું કારણ રાજા અને પ્રજા વચ્ચેના પ્રેમનો અભાવ છે. આપ આ બાલિકાની રક્ષા કરીને દેશમાં શાંતિ સ્થાપવાના ગણેશ માંડી શકો છો. મારી પ્રાર્થના છે કે આપ એના દોષાદોષનો વિચાર કરતાં પહેલાં આ વાતોને ધ્યાનમાં રાખજો.'

પણ ન્યાયાધીશની પાસે તો પહેલેથી જ સરકારનો હુકમ પહોંચી ગયો હતો, એટલે તે પોતાની સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ ક્યાંથી કરી શકે? સ્પિરીડોનોવાને એણે પ્રાણદંડની શિક્ષા ફરમાવી.

રશિયામાં આ નિર્ણય સંભળાતાં જ તેની સામે સખ્ત આક્ષેપો થવા લાગ્યા. વર્તમાનપત્રોએ પણ આ નિર્ણયની વિરુદ્ધ પ્રચંડ આંદોલન શરૂ કર્યું. તેઓએ એમ પ્રગટ કર્યું કે સ્પિરીડોનોવાને મારનારાઓને ટૂંક સમયમાં યોગ્ય દંડ મળશે. બીજા દેશોએ પણ આ પ્રાણદંડની આજ્ઞાનો તિરસ્કાર કર્યો. ફ્રાંસના ઘણા પ્રતિષ્ઠિત વિદ્વાનો તથા રાજનીતિજ્ઞોની સહીઓ સહિત એક વિનંતિપત્ર ઝારને મોકલવામાં આવ્યું હતું, જેમાં પ્રસિદ્ધ નવલકથાકાર અનાતોલ ફ્રાંસની પણ સહી હતી. આ વિનંતિપત્રની અસર એ થઇ કે રશિયાની સરકારે એને પ્રાણદંડને બદલે આજીવન દેશનિકાલની સજા કરી. જોકે આ રાહત છતાં સ્પિરીડોનોવાના બચવાની તો આશા જ ન હતી. કેમકે તેને ક્ષય લાગી ગયો હતો. તેને કેટલૌક સમય શાંતિમાં રાખ્યા પછી રશિયાની સરકારે તેને સાઇબીરિયા મોકલી દીધી.

સાઇબીરિયામાં એને દેશનિકાલ કરવાથી આખું રશિયા ખળભળી ઊઠયું. સ્પેશિયલ ટ્રેન મારફતે એને ત્યાં મોકલવામાં આવી હતી રસ્તામાં જ્યાંજ્યાં ટ્રેન ઊભી રહી ત્યાં ત્યાં પ્રજા તરફથી એનું ભવ્ય સ્વાગત થયું અને ક્રાંતિકારીઓની પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ થવા લાગી સ્પિરીડોનોવા અને એના સાથીઓ કેદખાનામાં પહોંચતાં ત્યાં વસતા કેદીઓએ પણ એમનું અપૂર્વ સ્વાગત કર્યું. પહેલાં તો એને ત્યાંના કેદીઓની સાથે રાખવામાં આવી, પણ પછી તેને તથા બીજી પાંચ સ્ત્રી કેદીઓને બીજા સ્થાનમાં મોકલવામાં આવી એ સ્થાન પર જવા માટે તેઓને દસ દિવસ સુધી બરફથી લદાએલી જમીન પર ચાલવું પડ્યું હતું. એ નિયત કરેલા કારાગારમાં પહોંચીને ત્યાંની ભયંકરતા દેખીને જ એ સમજી ગઇ કે કયા દારુણ અંત માટે એને ત્યાં લાવવામાં આવી હતી.


('ગુણસુંદરી' પરથી)


પૃથ્વીનો નવો ભાઈ–એક નવા ગ્રહની શોધ

ઈશ્વરની લીલા અનંત છે. આ અનંતતાના એક માત્ર અણુનો યે પાર પામતાં માનવ આશ્ચર્યમુગ્ધ બને છે. આકાશ એ ઇશ્વરની અનંત લીલાનો અણુવિસ્તાર છે અને તેનું રહસ્ય ઉકેલવા વર્ષોથી માનવજાતિ પ્રયાસ કરી રહી છે, પરંતુ હજુ તેનો અંશ પણ ઉકેલી શકાયો નથી એમ લાગે છે. આકાશને આંગણે ઊગતો સૂરજ જે આપણને આટલો મહાન લાગે છે તે અનંત વિશ્વમાં એક અણુના પણ અણુ સમો છે; છતાં એનો એકલાનો જ સૈન્યવિસ્તાર એટલો બહોળો છે કે તેમાં રહેલી તમામ સાચી વિગતો હજુ સુધી કોઇ મેળવવા ફલિભૂત થયું નથી!

આપણા પૂર્વજો તો છ ગ્રહોથી જ પરિચિત હતા. ત્યાર પછી ઇ. સ. ૧૭૮૧ના માર્ચ માસની ૧૩મી તારીખે યુરોપના વિખ્યાત વિજ્ઞાની ખગોળવેત્તા હર્શલે આ જ્ઞાનમાં એક નવા ગ્રહનો ઉમેરો કર્યો. તે ગ્રહનું નામ યૂરેનસ. પરંતુ જ્યારે યૂરેનસનો સંપૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યો અને તેની કક્ષા, ગતિ, દિશા, સ્થાન વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવી ત્યારે વળી જણાયું કે એ ગ્રહને બળ આપનાર કોઇ બીજો પણ એક ગ્રહ હોવો જોઇએ. આટલો આધાર મળ્યા પછી વિશારદ વૈજ્ઞાનિકો નવા ગ્રહની શોધખોળ કર્યા વગર કેમ રહે? આ શોધખોળને અંતે ઈ.સ. ૧૮૪૬ના સપ્ટેમ્બરની ૨૩મીની રાત્રે બર્લિનમાં નેપ્ચ્યૂનની શોધ થઇ.

આ શોધ થતાં પહેલાં જાણમાં આવેલા ગ્રહો અને તારકોની ગતિ, અંતર અને કક્ષાની ગણતરી કરીને વૈજ્ઞાનિકોએ એક બોડનો નિયમ ઉપજાવી કાઢ્યો હતો; પરંતુ નેપ્ચ્યૂને





બાજુનાં ચિત્રમાં ઉપર ડાબે ખૂણે બે તીર-નિશાનની વચ્ચે બતાવાયો છે તે પૃથ્વીનો નવો ભાઈ—નવો શોધાએલો ગ્રહ. નીચે જે અતિ તેજસ્વી દેખાય છે તે ડેલ્ટા ગામીનોરા નામનો તારો છે. નવા ગ્રહને આકાશમાં શોધવા માટે તે દર્શક તરીકે મદદગાર થઇ પડે છે.

આ નિયમ ખોટો પાડયો હોવાથી નેપ્ચ્યૂનની પેલી બાજુ પણ દૂરદૂર કોઇ વિશાળ ગ્રહ હોવો જોઇએ એવું અનુમાન થયું. આ અનુમાન સાચુ સિદ્ધ કરવા માટે વિશ્વભરના વૈજ્ઞાનિકોએ છેલ્લાં ૨૫ વર્ષોથી ભગીરથ પ્રયાસ આદર્યો હતો. અંતે અમેરિકાની લૉવેલ વેધશાળામાં કામ કરતા કાન્સાઝ પરગણાના, ટૉમ બાઉ નામના એક ખેડુતના છોકરાને ગયા ફેબ્રુઆરીની ૧૮મી તારીખે તેનો પત્તો લાગ્યો છે! લૉવેલ વેધશાળામાં આવ્યે તેને હજી માંડ બે વર્ષ થયાં છે, ત્યાં આવી મહાન શોધ અચાનક તેને હાથે થઇ. વાત એમ બની કે આકાશનાં લીધેલા કેટલાક ફોટોગ્રાફોની પ્લેટો એ ડાર્ક-રૂમમાં ધોતો હતો ત્યાં એકાએક એક પ્લેટમાં સૂર્યમંડળની છેવટની કિનાર પર, યૂરેનસની પેલી પાર એકાદ ગ્રહ હોવાની સાબિતી આપતું એક નાનું ધાબું તેની નજરે પડયું. પચ્ચીસ વરસથી તેની શોધ ચાલતી હતી, અને એ વેધશાળાના અધિષ્ઠાતા પર્સિવલ લૉવેલે તેના સ્થાન વિષે ગણિત કરીકરીને સ્થળ નિર્ણય કર્યો હતો અને પોતાના મરણ સુધી તેની પાછળ મથીમથીને ફોટોગ્રાફો લીધે રાખ્યા હતા. માત્ર તેનું દર્શન કરવા તે ભાગ્યશાળી ન થયો; તે દર્શન ૧૮ વરસના એ કુમારે દુનિયાને કરાવ્યાં. એટલે આ શોધનું ખરું માન તો, અલબત્ત, દુનિયા સ્વ. પર્સિવલ લૉવેલને જ આપે છે. કેમકે લૉવેલ વેધશાળાના વિદ્વાનોએ આટલાં વર્ષોની ગ્રહેમત લઇને કરેલી ગણિત વિદ્યાને છે. એ વિદ્યાને બળે જ એ સ્થાન નક્કી થયું હતું. એ ટૉમ બાઉએ તેનો ફોટોગ્રાફ લીધો અને તે શોધમાં હિસ્સારૂપ નિમિત્ત માત્ર બન્યો.

આવું ભાગ્યવાન નિમિત્ત બનનાર આ કલાઇડ ટૉમ બાઉ પણ ખગોળવિદ્યાનો ઓછો રસિયો નથી. નાનપણથી જ એને એના કાકાના સંગથી આકાશનિરીક્ષણનો છંદ લાગેલો, અને ધીમેધીમે તેના અભ્યાસમાં એ આગળ વધ્યો. તેની એક જ ઝંખના હતીઃ લૉવેલ વેધશાળામાં કામ કરવાની તક મેળવવી. 'આખરે'—તે વર્ણવે છે કે '—મારા જીવનની એ મોટામાં મોટી કામના ફળી. ફ્લૅગસ્ટાફની લૉવેલ વેધશાળાના ડૉ. સ્લિફરે મારી અરજી સ્વીકારી અને એક ધુમ્મટ પર ફોટો-ગ્રાફીના કામ પર મને મૂકયો.. મેં નહોતું ધાર્યું કે બે જ વરસ-માં મારા જીવનનો ઊજળામાં ઊજળો દિવસ આમ આવી પહોંચશે અને હું નવા ગ્રહનો ફોટોગ્રાફ લેવા શક્તિમાન થઇશ.'

ખગોળવેત્તાઓએ કરેલી ગણતરી મુજબ આ નવો શોધા-એલો ગ્રહ આપણાથી ૪ અબજ કરતાં યે વધારે માઇલ દૂર છે. એનું નક્કી કદ હજી જાણી શકાયું નથી. અત્યારની ગણત્રી મુજબ એ સૂર્યથી ૪,૧૮૫,૦૦૦,૦૦૦ માઇલ (અને પૃથ્વીથી ચાર અબજ અને નવ કરોડ માઇલ) દૂર છે. સૂર્યની પ્રદક્ષિણા કરતાં તેને ૩૦૦ થી ૬૦૦ વર્ષ લાગે છે એવી ગણતરી છે. જે ગ્રહ પૃથ્વીથી આટલા બધા માઇલો દૂર છે તેનું રહસ્ય ઉકેલવા આપણે કેવી રીતે સમર્થ થઇ શકીએ?

ગ્રહો એ આપણા જીવનમાં જાદુરૂપ છે; નવા ગ્રહોની શોધની કેવળ વૈજ્ઞાનિક કિંમત જ છે એટલું નથી; પરંતુ તે આપણા જીવનને પણ રસ અને અદ્‌ભુતતાથી તરબોળ કરે છે. આપણે પોતે પણ એક ગ્રહમાં જ રહેનારા છીએ એટલે આ નવા શોધાએલા આપણી પૃથ્વીના એ અજાણ્યા નવા

ભાઇને આવકાર આપતાં આપણને આનંદ થાય એમાં નવાઇ નથી. થોડા જ વખતમાં આ નવા ભાઇબંધને કયા નામે સંબોધવા એ પણ નક્કી કરવું પડશે. આ નામકરણની ક્રિયામાં તો કેટલાંક અમેરિકન વર્તમાનપત્રો અત્યારથી જ ખૂબ રસ લઇ રહ્યાં છે. શિકાગોનું ડેલી-ન્યુસ અમેરિકાના પ્રજામાન્ય ખેલાડી 'બેબ રથ'નું નામ આ ગ્રહને આપવાનું સૂચન કરે છે. કેટલાંક પત્રો તેના શોધક ઉપરથી 'લૉવેલ' નામની સૂચના કરે છે. ન્યૂ યૉર્ક ટાઇમ્સની સૂચના તેને 'મિનર્વા' તરીકે સંબોધવાની છે.

સૂરજથી ૨,૭૯૩,૦૦૦,૦૦૦ માઇલ દૂર નેપ્ચ્યૂન આવેલો છે અને સૂરજના તેજના ૧૧૯મા ભાગ જેટલી ગરમી તેને મળી રહે છે. આ વિગત ઉપરથી વૈજ્ઞાનિકો એવી ધારણા બાંધે છે કે આ નવા ગ્રહનું સૂર્યતેજ કે જેનો વિસ્તાર ૧,૦૦૦,૦૦૦,૦૦૦ માઇલો સુધી પહોંચી શકે છે તે ચન્દ્રતેજ કરતાં ભાગ્યે જ વધી શકે. નેપ્ચ્યૂનના કરતાં આ ગ્રહનું શીતોષ્ણ પ્રમાણ પણ ઓછું હોવું જોઇએ, અને તેથી કરીને ત્યાં નાઇટ્રોજન વધારે ઘટ્ટ હોવો જોઇએ; અને ઑક્સિજન ખૂબ ઘટ્ટ નહિ તો યે ઘેરા વાદળ જેવો હોવો જોઇએ. આવી સ્થિતિમાં કોઇ માનવી ત્યાં જીવી ન શકે.

આ શોધને વિષે કાંઇ પણ ગેરસમજ થવા ન પામે તે માટે લૉવેલ વેધશાળાએ ન્યૂ યૉર્ક ટાઇમ્સમાં નીચેનું સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે: 'આ શોધ આકસ્મિક જ નથી થઈ. પા સૈકા થયાં ડૉ. પર્સિવલ લૉવેલની સૂચના અનુસાર લૉવેલ વેધશાળાનો આખો સ્ટાફ આ શોધની પાછળ રોકાએલો હતો. એક દસકા સુધી ખુદ ડૉ. પર્સિવલે આ શોધ પાછળ તનતોડ પ્રયાસ કર્યો હતો. આ નવા ગ્રહની શોધ માટે જ ખાસ લૉરેન્સ-લૉવેલ દૂરબીન નવું બનાવવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ તે અર્થે ગયા વર્ષની શરૂઆતથી થતો આવ્યો છે. આખરે હમણાં, સ્ટાફમાંના એક આસિસ્ટંટ મિ. સી. ડબ્લ્યુ. ટૉમ બાઉએ પોતાના કૅમેરાથી લીધેલા પ્લેટ ઉપર એક આશાજનક બિંદુ જોયું. ખગોળવેત્તા લૅમ્પલૅંડે મોટા રિફ્લેક્ટર વડે ઝીણવટથી તેનું નિરીક્ષણ કર્યું અને સ્ટાફના બીજા સભ્યોની મદદથી તેની ગતિ વગેરેનું સંભાળપૂર્વક પૃથક્કરણ કરવામાં આવ્યું. આ નવા ગ્રહનો મોટો વિસ્તાર, તેનું ઝાંખાપણું, તેનું નાનું સ્પષ્ટ કદ એ બધું ન સમજાવી શકાય તેવું છે. તેની ગતિ અને તેના માર્ગનું પૃથક્કરણ કરનારને જ તેની ગમ પડે તેમ છે. મોટાંમોટાં દૂરબીનોની અંદર પણ આ ગ્રહ બીજા ઝાંખા તારાઓના જેવો દેખાય છે. નેપ્ચ્યૂન કરતાં પણ એ ઘણો નાનો છે. એની મધ્યરેખા ૩૩૦૦૦ માઇલ અથવા પૃથ્વીની મધ્યરેખાથી ચારગણી છે.'

ખગોળવેત્તા ડૉ. જ્હૉન ક્યૂ. સ્ટયૂઅર્ટના મત મુજબ, આ નવો ગ્રહ કદ અને ચળકાટમાં તેના પાસેના ભાઇબંધો ગુરુ, શનિ અને નેપ્ચ્યૂન કરતાં આપણી પૃથ્વીને તથા બીજા અંદરના ગ્રહોને વધુ મળતો આવે છે. ડૉ. સ્ટયૂઅર્ટે આપેલા અભિપ્રાય મુજબ આ ગ્રહ કોલસા જેવો કાળો, લોઢા જેવો લગભગ ઘેરો અને પૃથ્વી ઉપરના ભારેમાં ભારે ખડકો કરતાં બમણો ઘટ્ટ જણાય છે. પ્રો. લૉવેલે એવી આગાહી કરેલી કે આ ગ્રહ પૃથ્વીના પિંડ કરતાં સાત ગણો થશે; પણ નિરીક્ષણ કરતાં તેનું પ્રમાણ પૃથ્વી કરતાં ૧૫ ગણું જણાયું છે. ડૉ. સ્ટયૂઅર્ટે કરેલા નિરીક્ષણના પરિણામે એવું જણાયું છે કે આ ગ્રહની મધ્યરેખા ૧૪૦૦૦ માઈલની છે. તેની જમીન પરનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ કરતાં બમણું છે; એટલે કે ૧૫૦ રતલ વજનનો આદમી આ ગ્રહ ઉપર જોખાય તો ૩૨૫ રતલનો થાય ! આ ગ્રહ પોતાની ઉપર પડતા પ્રકાશના માત્ર ૪ ટકા ભાગનું જ પ્રતિબિંબ પાડે છે, એટલે તે એકાદ સળગતા કોલસાના ઢગ કરતાં સહેજ વધારે પ્રકાશમાન હશે એટલું જ.

સામાન્ય આમવર્ગને સૂર્યમાળાનાં કદ વગેરેનો કાંઈક ખ્યાલ આપી શકાય એટલા માટે અમેરિકાનું વિખ્યાત 'સાયન્સ ન્યુસ લેટર' એક રસભરી સરખામણી સૂચવે છે: 'બે ફૂટ વ્યાસના એક ગોળાથી સવા ત્રણ માઇલ દૂર એક ચણીબોર મૂકી જુઓ; પછી એ ગોળો તે સૂર્ય અને ચણીબોર તે આ નવો ગ્રહ, એમ કલ્પી લો એટલે સૂર્યમાળામાં સૂર્યને મુકાબલે તેનું સ્થાન તથા કદ કેટલાં છે તેનો તમને ખ્યાલ આવશે. આ જ રીતે બીજા ગ્રહો વિષેની સરખામણી કરી જોવી હોય તો, એ બે ફૂટ વ્યાસના ગોળાથી બ્યાશી ફૂટ છેટે રાઇનો દાણો મૂકી જુઓ એટલે તમને બુધના ગ્રહ અને સૂર્યનો ખ્યાલ આવશે; ગોળાથી ૧૪૨ ફીટ છેટે વટાણાનો દાણો મૂકવાથી શુક્રનો, ૨૧૫ ફૂટ છેટે જરા મોટો વટાણાનો દાણો મૂકવાથી પૃથ્વીનો, ૩૩૭ ફીટ છેટે મકાઇનો દાણો રાખવાથી મંગળનો, ૦। માઇલ દૂર નારંગી મૂકી જોવાથી ગુરુનો, $\frac{3}{4}$ માઈલ દૂર એક નાની નારંગી મૂકવાથી શનિનો અને સવા માઇલ છેટે એક મોટું વડ બોર કે ચેરી મૂકી જોવાથી યૂરેનસનો ખ્યાલ આવશે. અને આકાશમાં ચમકતા તેજસ્વી તારાગણનો નજીકમાં નજીક તારો કેટલો દૂર છે તે જાણવું હોય તો બે ફૂટ વ્યાસના એક ગોળાથી ૭૫૦૦ માઇલ દૂર બીજો એકાદ ફૂટ વ્યાસનો ગોળો રાખ્યો હોય એટલો !

મિસ ઍમી જૉનસન

આજ સુધી કદી કોઇએ નહિ કરેલી તેવી, લંડનથી ઑસ્ટ્રેલિયા સુધીની લગભગ ૧૦,૦૦૦ હજાર માઈલની સાહસિક હવાઇ સફર કરનાર એ યૉર્કશાયરની ૨૪ વરસની બ્રિટિશ યુવતી મિસ ઍમી જૉનસનનાં પરાક્રમોની પરંપરા—એ બહાદુર બાળાની હિંમત, ધીરજ, સહિષ્ણુતા, વિમાની જ્ઞાનમાં પ્રવીણતા ને સમયસૂચકતા વગેરે ગુણો અબળા ગણાતી સ્ત્રીજાતિ માટે ગૌરવ ઉપજાવે તેવા છે.

લંડનથી-ઑસ્ટ્રેલિયાની આજ સુધીમાં ટૂંકામાં ટૂંકી-૧૯ દિવસની-પહેલવહેલી મુસાફરી કરનાર જગપ્રસિદ્ધ વિમાન

વીર હિંકલસૅની કીર્તિને ઝાંખી પાડનાર એ યુવતીએ મે માસની ૫મી તારીખે એક નાનકડા સેકંડ હૅન્ડ 'જેનસન' નામના વિમાનમાં બેસી લંડનના ક્રૉયડન નામના વિમાની મથકેથી સફર માટે સ્નેહીજનોની રજા લીધી; અને ૭૮૦ માઇલની મજલ ખેડી એ જ દિવસે તે વીએના આવી. વીએનાથી ઊપડી એકંદરે ૭૯૦ માઇલનો રસ્તો કાપી તેણે કૉન્સ્ટન્ટિનોપલ મુકામ કર્યો; અને ત્યાંથી ત્રીજે દિવસે ૫૫૦ માઇલને અંતરે એલેપ્પો ક્ષેમકુશળ પહોંચી. આટલી સફર તો નિર્વિઘ્ને પસાર થઇ, પણ ચોથે દિવસે એલેપ્પોથી બગદાદ જતાં વચ્ચે પડેલું રેતીનું રણ ઓળંગતાં રેતીના વંટોળમાં તેનું નાનું વિમાન સપડાયું અને એ અફાટ રેતીના રણમાં તેને નીચે ઊતરવું પડયું. ત્યાં તેને હિંમત દેનાર કે મદદગાર કોઈ સાથીદાર નહોતો. એને આધાર હતો માત્ર ઍરોપ્લેનનો. અને વંટોળ એટલો સખત હતો કે એ એક માત્ર આધાર વિમાનને પણ ઘસડાઇ જતું બચાવવું અશક્ય હતું પણ આવે સંકટને સમયે, કોઇને ન સૂઝે એવી એક અજબ યુક્તિ ઍમીને સૂઝી. આવા તોફાની પવનમાં વાહન ઘસડાઇ ન જાય તે માટે તેણે, હતો તેટલો સામાન -ભાર-વિમાનના પૈડાં પર લાદી દીધો. અને ટ્રાઇબ્રિસ નામના ત્યાંના જંગલીઓના ભયે ભરેલી રિવોલ્વરથી ખડે પગે ચોકી કરવા માંડી. આખરે તોફાન શમતાં ૪૭૦ માઇલની કપરી સફર પછી તેણે બગદાદમાં પ્રવેશ કર્યો.

બગદાદથી પાંચમે દિવસે સંધ્યા સમયે ૮૩૦ માઈલનો રંજ ખેડીને ઇરાનમાં બંદર-અબ્બાસે તે ઊતરી ને ત્યાં રાતવાસો કર્યો, અને છઠ્ઠે દિવસે હરખાતે હૈયે હિંદુસ્તાનનાં દર્શન કર્યાં ને કરાંચી બંદરે મુકામ કર્યો હૈયું હરખાતું હતું કારણકે કદી પણ કોઇએ નહિ કરેલી તેવી લાંબી સફર ૬ દિવસની ટૂંક મુદતમાં કરનાર તે પ્રથમ જ હતી. હિંકલસૅને પણ ઇંગ્લંડથી હિંદ આવતાં ૮ દિવસ લાગેલા.

પણ આટલેથી જ ઍમીનાં સાહસોનો અંત નથી આવતો. તેણે પાછું ઉડ્ડયન શરૂ કર્યું અને કલકત્તા સુધીની ૧૪૦૦ માઇલની મજલ તેણે બે દિવસમાં પૂરી કરી. પણ આ પછી કપરી વિપત્તિનાં વાદળ તેને માથે ઘેરાયાં.

હવાનાં સખત તોફાન અને ધુમ્મસને લીધે તેનું નાનું વાહન ચગડોળે ચડયું. સુકાન કાબુમાં નહિ રહેવાથી આટલી સફર પછી નવમે દિવસે તે રસ્તો ભૂલી અને રંગુનને બદલે ભૂલથી બાર માઇલ દૂર ઈન્સીન ગામ આગળ ઊતરી પડી. અહીંઆ ઍરોપ્લેન જમીન પર ઉતારતાં એક નહિ દેખાતા ખાડા સાથે અફળાયું. આ અકસ્માતથી વિમાનનાં પૈડાં, એક બાજુની પાંખ અને પંખાના ચૂરેચૂરા થઇ ગયા. પણ ઈશ્વરકૃપાથી ઍમી બચી ગઇ. સમારકામ માટે તેને ત્રણ દિવસ રંગુનમાં ગાળવા પડયા. અને હિંદથી ઑસ્ટ્રેલિયા પહોંચવામાં હિંકલસૅને હરાવવાની ઉમેદ તેના મનમાં જ રહી ગઇ.

રંગુન છોડીને આગળ વધતાં વળી પાછી ધુમ્મસના વાદળમાં તે ઘેરાઈ. આ વખતે તે માત્ર પોતાના અસાધારણ બાહુબળ અને હિંમતથી જ આગળ વધી શકી.



ગુમાવેલો વખત ભરપાઇ કરવા તેણે જાવાના સાગર ઉપર થઇને બૅંગકોકથી સીંગાપોરનો ટૂંકો હવાઇ રસ્તો લીધો. પણ કિસ્મત તેની કસોટી કરતું હોય તેમ આ વેળા તેને ચોમાસું નડયું. એકાએક ધોધમાર વરસાદ તૂટી પડયો. ઉપર વાદળથી ઘેરાએલું કાળું આકાશ, નીચે ઘૂઘૂ ગર્જતો મહાસાગર અને ચોમેરથી ઘેરી વળેલું વરસાદનું તોફાન; એ ત્રણ વચ્ચે ફસાએલી ઍમી સ્ત્રી છતાં કોઈ વીરને શોભાવે એવી દૃઢતાથી આગળ ધપ્યે જતી હતી. વરસાદને લીધે તેને એટલા તો નીચા ઊતરવું પડયું હતું કે દરિયાનાં મોજાંની છાલકો તેને નવડાવતી. જાણે મોતના મોંમાંથી પસાર થતી હોય તેવી દરેક ક્ષણ તેની જતી હતી. ઍમીને તો એમ જ લાગેલું કે હમણાં દરિયો ઝડપી લેશે અને જલચરો ગળી જશે. પરંતુ અંતે-અખૂટ હિંમત, નિશ્ચય બળ અને પ્રવીણતાથી આ આફતમાંથી પણ તે ઊગરી જવા પામી. તેણે ઇશ્વરનો પાડ માન્યો.

પણ આટલું બસ ન હોય તેમ વળી પાછો જાવામાં એક અણધાર્યો અકસ્માત થયો. ધારેલા મુકામ 'સરબાયા' કરતાં ૨૫૦ માઇલ દૂર તન્જેમલ ગામે તેને રોકાવું પડયું. અહીંથી પસાર થતાં એક ઊંચા અણીદાર વાંસ સાથે તેનું ઍરોપ્લેન અફળાયું અને પાંખોનાં પટમાં બાર ઇંચનું મોટું બાકોરૂં પડયું. પ્લાસ્ટર તૈયાર કરી એ સાંધવામાં તેનો ઘણો વખત ગયો.

હવે તો તેનું ધારેલું સ્થળ આટામ્બુઆ દૂરથી દેખાતું હતું. પણ હજુ તે ત્યાં પહોંચી શકી નહિ અને તેને તીમોરના ટાપુમાં હેલીલાલીક ગામે અંધારામાં ઊતરવું પડયું. હાથમાં છરા અને ભાલાવાળા આ પ્રદેશના વિકરાળ ઢીંગણા, જંગલી

લોકોનાં ટોળેટોળાં તેને જોઇને ધસી આવ્યાં. ઍમી ગભરાઇ. પણ સારા નસીબે તેઓએ કંઇ નુકસાન ન કરતાં તેને ત્યાંના પાદરીને ત્યાં પહોંચાડી. પણ આ સ્થળ સુધરેલી દુનિયાથી દૂર હોઇ તારની કે એવી કોઇ ત્યાં સગવડ ન્હોતી, એટલે ૨૪ કલાક સુધી બાહારની દુનિયાને ઍમીના કંઇ સમાચાર ન મળવાથી સૌને તેની ચિંતા થવા લાગી. છેવટે તે આટાબુઆ પહોંચી, ને છેવટનો કુદકો ભરી ૫૦૦ માઇલનો શાર્ક માછલીઓથી ઊભરાતો દરિયો ઓળંગ્યો. અહીં વાયુયાનશાસ્ત્રી તરફથી તોફાની હવાના સમાચાર મળતાં ઍમીને ૩૬ કલાક રોકાવું પડ્યું. પછી પક્ષીની જેમ તે ઊડી અને ધારેલે સ્થળ ઉત્તર ઓસ્ટ્રેલિયાના પોર્ટ ડારવિને ૧૯॥ દિવસની સાહસિક સફર પછી 'ઍમ્પાયર ડે'ને દિવસે પહોંચી. (અંગ્રેજી પરથી)

કોડાક જ્યૂબિલી



અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડામાં આ વર્ષે જે બાળકને બારમું વર્ષ બેઠું હશે. તેને રૉચેસ્ટરવાળા જ્યૉર્જ ઇસ્ટમૅન તરફથી 'સી' મૉડેલનો કોડાકનો બ્રૉક આઇ કૅમેરા માગણીકરવાથીભેટમળશે.

કોડાક કૅમેરાના શોધક જ્યૉર્જ ઇસ્ટમૅન આ રીતે તે શોધનું પચાસમું વર્ષ ઊજવે છે. જોકે આની પાછળ તેનો સ્વાર્થ પણ રહેલો છે. છોકરાઓ ને છોકરીઓને ફોટોગ્રાફ પાડવામાં રસ લેતાં કરવાં એ સ્પષ્ટ હેતુ એમાં છે. મહાન અંગ્રેજ વિચારક રસ્કિન કહેતો કે કેળવણીનાં સાધનોમાં ફોટોગ્રાફી બહુ કિંમતી બક્ષિસ છે. એ સાધન વડે દેશના કુમારો આકર્ષક અને સુંદર ચીજો જોતાં તથા તેના સ્વરૂપની કિંમત આંકતાં શીખે છે ને પોતાની રસવૃત્તિને સંતોષી શકે છે.

આજથી ૫૦ વર્ષ પહેલાં જ્યૉર્જ ઇસ્ટમૅન એક બૅંકમાં કારકુન હતો તે વખતે ફુરસદે તેણે ફોટોગ્રાફી શીખવા માંડી. એ વેળા તો ફોટોગ્રાફીનું કામ ઘણું ખટરાગવાળું હતું. કોઇ ઠેકાણે છબીઓ લેવા જવું હોય તો એક ખચ્ચર ભાડે કરી તે ઉપર સામાન લાદીને જવું પડતું. સામાનમાં ભીની પ્લેટો તૈયાર કરવાને એક તંબુ હોય, સાથે દવાના મોટામોટા શીશા, મોટી ઘોડી અને પિયાના જેવડો કૅમેરા હોય. જુવાન ઇસ્ટમૅનને એ બધી ખટખટવાળી રીત કેમ દૂર કરવી તેનો વિચાર આવ્યો. એવામાં તેણે કોઇ અંગ્રેજી ચોપાનિયામાં સૂકી પ્લેટો વિષે વાંચ્યું. સાંજે ને સાંજે તેણે માથાફોડ કરીને એક ડ્રાઇપ્લેટ બનાવી વાપરી જોઇ. તે પછી તેણે તે દવાઓ કાગળ ઉપર લગાડીને તે વાપરી જોયા; અને એ રીતે ધીમેધીમે વળે અથવા વીંટાય એવી ફિલ્મો બનાવી અને તેમાંથી છેવટે, હાલ વપરાય છે તેવી સેલ્યુલૉઇડ અથવા કચકડાના રસની પારદર્શક ફિલ્મો બની. ૫૦ વર્ષ પહેલાંનું કૅમેરાનું એ મોટું બારદાન હાલના ખિસામાં રહી શકે તેવા કૅમેરા જોડે સરખાવીએ ત્યારે જ્યૉર્જ ઇસ્ટમૅને ફોટોગ્રાફી કેટલે દરજ્જે સુધારી તેનો ખ્યાલ આવશે. (ટૂં. ચૅ.)

રશિયાનું નવું કૅલેંડર

રશિયામાં સોવીએટ સરકાર તરફથી ૧૯૧૭ના નવેમ્બરની પહેલી તારીખથી શરૂ થએલું કૅલેંડર ગોઠવાઇ ગયાનું જાહેર થયું છે. તેમાં ૩૬૦ ધંધાના દિવસો છે અને દર વર્ષે પાંચ ક્રાંતિ ઉત્સવના તહેવારો આવે છે. ૯૦ દિવસનું પા વર્ષ ગણાય છે, અને તેના ત્રણ ભાગ પાડી ૩૦ દિવસનો એક એવા ત્રણ મહિના કર્યા છે. ફેબ્રુઆરીના ૨૮ દિવસો હોય છે તેમાં બે ખૂટતા દિવસો, જાન્યુઆરી અને માર્ચમાંથી લઇ પૂરો ત્રીસ દિવસનો મહિનો બનાવ્યો છે.

દરેક મહિનાના ત્રણ ભાગ પાડી દસકા બનાવ્યા છે, અને પાંચ દિવસનું અઠવાડિયું ગણી મહિનાનાં છ અઠવાડિયાં કર્યાં છે. રવિવાર ઉડાવી દીધો છે. અઠવાડિયાના પાંચ દિવસોનાં નામ પણ જુદાં જ પાડ્યાં છે: હથોડો, દાતરડું, સૂરજ, પતરું અને તારો!

પહેલાં ખૂન, પછી દારૂ

મલીર (કરાંચીથી આઠ માઇલ દૂર આવેલા એક ગામડા)માં દર વર્ષે આમિલ (સિંધમાં ઉચ્ચ ગણાતી જાતિ) કોમનો એક ઉત્સવ ભરાય છે. આ ઉત્સવના પ્રચારક આમિલ કોમમાં ચારિત્ર્યવાન અને સંસ્કારી પુરુષ તરીકે પંકાએલા બાબા મૂલારામ છે, અને એ ઉત્સવ બાબા મૂલારામના ઉત્સવના જ નામે ઓળખાય છે. દર વર્ષે હજારો રૂપિયાનો દારૂ આ ઉત્સવ નિમિત્તે વપરાય છે: આઠ વરસના બાળકથી માંડી સાઠ વરસના વૃદ્ધ સુધી એની અંજલિ સ્વીકારાય છે.

આ વર્ષે ઉત્સવમાં દારૂનો વાપર અટકાવવા અર્થે આમિલ કોમના બાવીસ જુવાનોની એક પાણીદાર ટુકડીએ નિરધાર કર્યો: અને એની સરદારી પાલજરાય નામના એક યુવાને લીધી.

પ્રથમ એ ટુકડીએ બાબા મૂલારામને ખૂબ આજીજીપૂર્વક દારૂ સામે પ્રતિબંધ કરવા વિનવ્યા: અને મૂલારામ સહેજ પીગળ્યા પણ ખરા. પણ આ 'ખરાબીનો અટકાવ' બાબાના એક અતિ જૂના શિષ્ય ભાઇ કેવળરામ નામના એક પ્રૌઢને ન રુચ્યો; દારૂની બંધીમાં તેણે ઉત્સવનું મહત્ત્વ કચરાઇ જતું દીઠું. જરા ઢીલી થએલી હિંદની ગુલામીની સાંકળને ખેંચવા તેણે બીજા ભાઇઓને મદદે બોલાવ્યા અને પોતાના જ પીઠામાંથી બાટલીઓનો ધોધ શરૂ કરી દીધો.

પાલજરાય શાંતિપૂર્વક વચ્ચે આવ્યા. કેવળરામને ખૂબ સમજાવ્યા. પણ એ સમજાવટ ક્રોધમાં પરિણમી અને ગુસ્સામાં તેમણે એક પ્યાલો ભરી પાસે બેઠેલી આંગણાર બાર

વરસની છોકરીનાં હાથમાં આપી પી જવા કહ્યું: પાલજરાય વધુ નજીક આવ્યા. ગજવામાંથી તીક્ષ્ણ ચપ્પુ કાઢ્યું ને જોત-જોતાંમાં પોતાના ડાબા કાંડા પર ઘા મારી લોહીની ધાર વહેતી કરી કહ્યું કે 'પહેલાં આ લોહી પીઓ, પછી દારૂ પીજો!' છોકરીના હાથમાંથી પ્યાલો પડી ગયો, ઉત્સવમાં ભાગ લેવા એકઠા થએલા શરમિંદા બન્યા: ઉત્સવમાં તો શું, ઘરની અંદર પણ ભોજન સાથે દારૂનું એક પણ ટીપું ન લેવાની જિંદગી-ભરની પ્રતિજ્ઞાઓ લેવાઈ.

તે પછી પાલજરાયની સત્યાગ્રહી ટુકડીએ ત્યાંથી પ્રસન્ન ચિત્તે વિદાય લીધી.

'ઊર્મિ'

જ્વાળામુખીમાંથી ઍલ્યુમિનિયમ!

જાણતા હશો કે ઈટાલી જ્વાળાગ્રાહી ખડકોથી ઘેરાએલો પ્રદેશ છે. એક સમયે આ ખડકો લ્યુસાઇટ નામથી ઓળખાતા અને બિલકુલ નકામા પડી રહેલા હોઇ દેશને ભારરૂપ હતા. પણ વિજ્ઞાનીઓનાં શોધક ભેજાંને આ ન રુચ્યું. જનતાને તેનાથી લાભ મળે તે માટે તેઓએ આ ખડકો પર અખતરા કરવા માંડ્યા. આખરે વર્ષોના અખતરા અને અથાગ મહેનતને અંતે વિખ્યાત ઇટાલિયન વિજ્ઞાની બૅરન જીઅન આલવરટો બ્લૅંક નામના વિદ્વાને આ જીવલેણ ખડકોમાંથી એક કિંમતી દ્રવ્યની શોધ કરી. જેથી વ્યાપારી દુનિયામાં-ઈટાલિની ખ્યાતિ અનેક ગણી વધી છે. એ ધાતુ તે ઍલ્યુમિનિયમ. લ્યુ-સાઇટમાં તે ઘણા મોટા પ્રમાણમાં હોય છે. એમ મનાય છે કે આ ધાતુની ઉત્પત્તિ અને નિકાસ માટે ઇટાલિ હવે દુનિયાભરમાં પ્રથમ સ્થાન ભોગવશે.

ઍલ્યુમિનિયમ વજનમાં બીલકુલ હલકું હોવાથી હવાઈ વિમાન બનાવવામાં તેનો બેશુમાર વપરાશ થાય છે. વળી આ ધાતુ ઇલેક્ટ્રિક કંડકટરમાં ત્રાંબાની ગરજ સારે છે. આ ઉપરાંત લ્યુસાઇટ ખેતીવાડીમાં ખાતર માટે સર્વોત્તમ ગણાય છે; એટલે ખાતર માટેના પોટાશ સારૂ પરદેશ ઉપર આધાર રાખતું ઇટાલિનું ખેતીવાડી ખાતું પણ હવે સ્વતંત્ર બનશે.

લ્યુસાઇટમાંથી ઍલ્યુમિનિયમ ઉત્પન્ન કરવાની ક્રિયામાં નાઈટ્રિક ઍસિડની જરૂર પડે છે. આથી આ ધાતુ ઉત્પન્ન કરતી ફૅક્ટરીઓ પાસે નાઇટ્રિક ઍસિડ ઉત્પન્ન કરતા છોડવા-ઓનું પણ રોપણ કરાવવામાં આવ્યું છે ધાતુ બનાવવાનું કામ એટલું ધમધોકાર ચાલે છે કે તેની ફૅક્ટરીની આસપાસ ૬૦૦૦ કામદારોનું જ એક મોટું ગામ વસ્યું છે. (અંગ્રેજી પરથી)

મીઠું જ મીઠું

(૧) મીઠું ચાના ડાઘ કાઢી નાખે છે. (૨) દંતમંજન તરીકે દાંતને સ્વચ્છ અને રોગરહિત બનાવે છે. (૩) મીઠાના કોગળા કરવાથી સૂજી ગએલું ગળું મટે છે, અને બેસી ગએલો ઘાંટો ઊઘડે છે. (૪) દાંત પડી ગયા પછી જો લોહી નીકળતું હોય તો મીઠાના પાણીથી કોગળા કરવાથી બંધ થાય છે. (૫) મીઠાનું આછું પાણી આંખે છાંટવાથી દુખતી આંખો મટી જાય છે. (૬) મીઠાના પાણીના શેકથી વા અથવા દુખાવો મટે છે. (૭) રેશમી રૂમાલ વગેરે મીઠાના પાણીથી ધોવાથી વધારે સારા ધોવાય છે. (૮) મીઠું ખેતરમાં ખાતર તરીકે બહુ ઉપયોગી છે. (૯) ગંદકી અટકાવવામાં મીઠાનો ખાસ ઉપયોગ થાય છે. (૧૦) ઉલટીમાં લોહી પડતું હોય તો મીઠાનું પાણી પીવાથી મટે છે. (૧૧) મીઠું શરીરનાં હાડકાં બાંધવા-માં બહુ કામનું છે અને તેનાથી હાડકાં મજબૂત બને છે.

મૅલેરિયામાંથી બચવાનો ઉપાય

સાદો, બિનખર્ચાળ ને હમેશને માટે મૅલેરિયા ઉપર વિજય મેળવનારો ઉપાય નીચે મુજબ છે. ડૉ. ક્રિયોની એ શોધ છે.

(૧) જો તમારા ઘરની આસપાસ ખૂબ જગ્યા હોય તો ઘરની ફરતી જમીનમાં જ શોભાનાં નકામાં ફૂલઝાડને બદલે રજકો, વાલ, ચોળા એવા રોપ વાવો.

(૨) જો તમારા ઘર આસપાસ બહુ થોડી જમીન હોય તો તમારા ઘરના વપરાશનું પાણી એક નીક દ્વારા બહાર જાય તેવી વ્યવસ્થા કરો. અને તે પાણી એકાદ મોટા ક્યારામાં રજકો–વાલ–ચોળા ઉગાડી શકે તેને માટે પૂરતું થશે.

(૩) જો તમારા ઘરની આસપાસ બીલકુલ જગ્યા જ ન હોય તો કુંડામાં, ઘાસલેટના અડધિયા ડબ્બામાં કે ફૂટેલા ગોળામાં માટી નાખીને ઘરમાં બેચાર જગ્યાએ રાખો કે ટાંગો. હાથપગ ધોએલું, વાસણ સાફ કરેલું વગેરે પાણી કુંડીમાં જ રાખો ને તે જ પાણી આ છોડને ઉછેરવા વાપરો.

આનાથી બે અર્થ સરશે: પાણીનાં ખાબોચિયાં નહિ ભરાય ને તેથી મચ્છરો બહુ નહિ થાય; ને મૅલેરિયાના મચ્છરો આ છોડના રસ ઉપર જીવવાવાળા હોઈ એ રસ ચૂસશે. પરિણામે તેના ડંખમાં મૅલેરિયા તાવનું વિષ છે તેનું મારણ થશે અને આપણા અસંખ્ય માણસો એ તાવથી પીડાતા મટશે. એકાદ ક્યારામાં ફક્ત બે રૂપિયાભાર રજકાનું બી તો ઘણું થઇ પડશે. રજકો તો ઘણા દિવસ ટકે છે પછી કાંઇ તેનો ખર્ચ નથી, અજમાવવામા કાંઇ નુકસાન નથી.

(કૌમુદી) —ડૉ. બાબુભાઈ એન. વૈદ્ય

સાહિત્ય એટલે?

ભાષા, વસ્તુ અને શૈલી આ ત્રણે મળીને સાહિત્ય ઉપ-જવું જોઇએ. અને સાહિત્ય એટલે હૃદયો ડોલાવે તેવું, બુદ્ધિને તેજ આપે તેવું, જિજ્ઞાસાને પોષે તેવું, આત્માને ઉદાત્ત ભાવના અને આદર્શની ઝાંખી કરાવે તેવું, ને છતાં સરલ, પ્રવાહી મીઠું ધીર અને ગંભીર છતાં હસતું રમતું એવું હૃદયના ઊંડાણમાંથી ઝણઝણીને જીવનતૃપ્તિ શોધવા માટે બહાર આવી ગએલું સર્જન.

ગિજુભાઈ

અત્યંત શોધને અંતે પણ સત્ય ન મળ્યું ત્યારે ભગવાન બુદ્ધ કંટાળીને પાછા ફરવાનો વિચાર કરતા હતા, ત્યાં એક ખિસકોલીને સરોવરના પાણીમાં વારંવાર પૂંછડી બોળતી જોઇ તેમને નવાઇ લાગી. કારણ પૂછતાં જવાબ મળ્યો કે 'મારે સરોવર ખાલી કરવું છે!' 'પણ આમ તો કરોડો વાર પૂંછડી વડે પાણી ઉલેચ્યે પણ એ ખાલી નથી થવાનું.' 'ભલેને; હું તો ખંતથી મારૂં કામ કરવાની જ.' ખિસકોલીના આ જવાબથી સિદ્ધાર્થને નવું જ્ઞાન થયું ને પાછા જવાનું માંડી વાળી ફરી સત્યની શોધમાં નીકળ્યા.

બહુવચનમાં ઘણા અનુસ્વારનો દુરૂપયોગ કે અત્યુપયોગ કરે છે. નાન્યતર જાતિનાં બહુવચન વાળાં નામનાં જ વિશેષણો ને ક્રિયાપદોમાં અનુસ્વારનો ઉપયોગ થવો જોઇએ; બીજે નહિ. 'અધુરાં યત્નો' એ ખોટું છે; 'અધુરાં કાર્યો' એ સાચું છે. યત્નો નર જાતિ છે, કાર્યો નાન્યતર. આ સિવાય સ્ત્રીઓ પોતા વિષે બહુવચનમાં વાત કરતાં અનુસ્વાર વાપરે તે યોગ્ય છે. 'અમે ગયાં હતાં.' એમ સ્ત્રીઓ કહી શકે, પણ પુરુષો નહિ.


માફકસર ખાશો તો આ ઋતુનાં કાકડી ને ચીભડાંમાં સ્વાદ ને પોષક તત્ત્વો બંને મળી રહેશે. નહિતર પછી: શ્રાવણની કાકડી ને ભાદરવાની છાશ; તાવ સંદેશા મોકલે, આજ આવું કે કાલ!

ચોમાસામાં ટપાલની ટિકિટો સામસામી ઘણીવાર ચોંટી જાય છે. લોઢાના કટકાને સહેજ તપાવી તેના પર ટિકિટો દબાવી રાખજો; સહેલાઈથી ઊખડી જશે.

ગયા અંકને ૨૪૪મે પાને એક ઉપયોગી લેખ આવી ગયો; યાદ આવે છે?

નાનાં બચ્ચાંને રબરનાં રમકડાં મોંમાં નાખવા ન દેતા; રબરમાં ગંધક આવે છે, ને તે બાળકોને હાનિ કરે છે.

સાધારણ ઉમરના માણસના માથા ઉપર દર ચોરસ ઇંચે ૧૨૦૦ વાળ હોય છે.



આ નાની આકૃતિની સમૃદ્ધિ જાણી તમે અજબ થશો. એમાં ૧૪૬ ત્રિકોણ, ૫૨ ચતુષ્કોણ ને ૧૨૦ ખૂણા સમાએલા છે!


દુનિયામાં મોટામાં મોટો ઝુલતો પુલ બ્રૂકલિન અને ન્યૂ યૉર્ક વચ્ચે છે. તેની મોટામાં મોટી કમાન ૧૫૯૫ ૩/૪ ફૂટ છે અને આખો પુલ ૫૯૮૯ ફીટ છે.

માંસાહારીનું હૃદય મિનિટે ૭૫ ધબકારા કરે છે; શાકાહારીનું ૫૮.

અરીઠાના ફળને ચલમમાં પીવાથી વીંછીનું ઝેર ઊતરે છે. એમ કહેવાય છે.

કહેછેકે ગાયને છાંયડા કરતાં તડકે બાંધી રાખવાથી વધુ દૂધ આપે છે.

ડામરના ડાઘ ઉપર મીઠું તેલ ચોપડી તેને થોડી વાર પલળવા દેજો. પછી લૂગડાના કૂચા વડે ડાઘ લૂછી નાખી શકાશે. પછી સાબુથી ધોઇ નાખજો.



સીડર લાકડાના થડને વચ્ચેથી કોરી કાઢીને વિક્ટોરિયા ગામના કૅપ્ટન ઑસ નામના અમેરિકને તેમાં થોડા સઢગોઠવ્યા, એક કૅબિન બનાવી ને તળિયે મજબૂતી માટે પોલાદનું પતરૂં જડી દીધું;—ને હાથ બનાવટની એ નાનીશી નાવડીમાં બેસી એ સાહસિક નરે ઈ. ૧૯૦૩-૪માં દુનિયા આખીની દરિયાઇ પ્રદક્ષિણા કરી! ઉપલું ચિત્ર એ નાવનું છે.



કુમારી ઊર્મિલા પારેખ, આકાશ-ઉડ્ડયનનું 'એ' ક્લાસ પાયલટ તરીકેનું વિમાની લાયસન્સ મેળવનાર પહેલાં હિંદુ (ને તે પણ ગુજરાતી) મહિલા છે. જુહુ-મુંબાઇ-ના એરો ક્લબમાં તેમણે તાલીમ લીધેલી. નીચેના ચિત્રમાં કુ. ઊર્મિલા પોતાના એરોપ્લેનની બેઠક (કૉકપિટ)માં બેઠેલાં જણાય છે.

તેલ ને પાણી સરખે ભાગે ભેગાં કરી થોડો ઍમોનિયા નાખવાથી સાબુ બનશે.

દારૂના ડાઘવાળું કપડું ગરમ દૂધમાં બોળીને ધોવાથી સાફ થઈ જાય છે.

બીજાં પ્રાણીઓની પેઠે ઊંટ પાણીમાં બીલકુલ તરી શકતું નથી; ઊલટું; અજાયબ જેવું તો એ છે કે તે પાણીમાં પડે છે કે તરત ઊંધું પડી જાય છે.

ચોપડી ઉપર તેલનો ડાઘ પડ્યો હોય તો તેની ઉપર તથા નીચે મૅગ્નેશ્યમ અથવા ચાકની ભૂકી પાથરવી; પછી તેની ઉપર પાતળો લોખંડનો ગરમ કકડો મૂકવો. ડાઘ ચુસાઇ જશે.

સ્વાતંત્ર્ય-સંગ્રામને અંગે જુલાઈ સુધી ૨૫૦૦૦ સત્યાગ્રહીઓ જેલ ગયા છે.